ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

28 FEBRUARY, 2026 SATURDAY



પેજ 2 
ડભોઈ પશુ દવાખાના વિસ્તારમાં ગંદકી અને ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય

પેજ 3 

સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં વધુ ફી પરત મુદ્દે વાલીઓની રજૂઆત

પેજ 7 
ડીસા શહેરને મળશે નવું નજરાણું: ડીસા ખાતે રૂ.૨૧ કરોડના ખર્ચે તૈયાર થશે અત્યાધુનિક અર્બન હાટ

પેજ 5 
પોરબંદર SOGનો સૌથી મોટો પર્દાફાશ: ૧ કરોડ ઉપરાંત ની વ્હેલ માછલી ની એમ્બરગ્રીસ સાથે યુવાન ઝડપી પાડ્યો



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 342 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


ઉત્તરાખંડના 6 શહેરોમાં પારો માઈનસ 10Cથી નીચે:બંને રાજ્યોમાં ફેબ્રુઆરીમાં એપ્રિલ જેવી ગરમી

# MPમાં તાપમાન 35C+, રાજસ્થાનમાં 37Cની નજીક

**ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં શીતલહેરની સ્થિતિ છે. ઉત્તરાખંડના 6 શહેરોમાં બુધવારે તાપમાન -10C થી નીચે રહ્યું. રાજ્યના ઉત્તરકાશી, ચમોલી અને પિથોરાગઢમાં આજથી વરસાદ અને હિમવર્ષાનું એલર્ટ છે**

• નવી દિલ્હી

દેશના ઘણા રાજ્યોમાં ગરમી સતત વધી રહી છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢના ઘણા શહેરોમાં તાપમાન 30C ને પાર કરી ગયું છે. ગુરુવારે હરિયાણાના ભિવાની, નૂંહ સહિત 5 શહેરોમાં મહત્તમ તાપમાન 30Cથી ઉપર રહ્યું.

મધ્યપ્રદેશમાં ફેબ્રુઆરી મહિનામાં જ એપ્રિલ જેવી ગરમીની અસર છે. ગુરુવારે ઘણા શહેરોમાં દિવસનું તાપમાન 35Cથી વધુ રહ્યું. લઘુત્તમ તાપમાન 17Cની આસપાસ છે. ખંડવા-ખરગોનનું તાપમાન 35.2C રહ્યું. હવામાન વિભાગે 2 માર્ચથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે.

રાજસ્થાનમાં સમય પહેલા ગરમીની મોસમ આવી ગઈ છે. દિવસનું મહત્તમ તાપમાન 37Cની નજીક પહોંચી ગયું છે. પશ્ચિમી જિલ્લાઓ સાથે હવે પૂર્વીય, ઉત્તરીય અને દક્ષિણી જિલ્લાઓમાં પણ ભારે તડકાને કારણે દિવસો ગરમ થવા લાગ્યા છે. જયપુર, અજમેર, ઉદયપુર સહિત ઘણા જિલ્લાઓમાં ગુરુવારે દિવસનું મહત્તમ તાપમાન 31Cથી ઉપર નોંધાયું.

અહીં, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં શીતલહેરની સ્થિતિ છે. ઉત્તરાખંડના 6 શહેરોમાં બુધવારે તાપમાન -10C થી નીચે રહ્યું. રાજ્યના ઉત્તરકાશી, ચમોલી અને પિથોરાગઢમાં આજથી વરસાદ અને હિમવર્ષાનું એલર્ટ છે. હિમાચલ પ્રદેશમાં આજથી આગામી 4 દિવસ સુધી હિમવર્ષાની સંભાવના છે.

28 ફેબ્રુઆરી- પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં કેટલીક જગ્યાએ વીજળી અને તેજ પવનો (30-40 કિમી પ્રતિ કલાક) સાથે ગાજવીજની સંભાવના છે. કેરળ અને માહેમાં વીજળી સાથે ગાજવીજનું એલર્ટ છે. પંજાબના કેટલાક વિસ્તારોમાં સવારના સમયે ગાઢ ધુમ્મસ છવાઈ શકે છે.

1 માર્ચ- કોઈ એલર્ટ નથી. 2 થી 4 માર્ચ દરમિયાન જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં વરસાદ અથવા હિમવર્ષાની સંભાવના છે.



મધ્યપ્રદેશ: રાજ્યમાં ફેબ્રુઆરીમાં જ એપ્રિલ જેવી ગરમી, દિવસનું તાપમાન 35Cથી વધુ, 2 માર્ચથી નવી સિસ્ટમ બનશે.મધ્ય પ્રદેશમાં ફેબ્રુઆરી મહિનામાં જ એપ્રિલ જેવી ગરમી પડી રહી છે. ગુરુવારે ઘણા શહેરોમાં દિવસનું તાપમાન 35Cથી વધારે રહ્યું. લઘુત્તમ તાપમાન 17Cની આસપાસ છે. હવામાન વિભાગે 2 માર્ચથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે.

રાજસ્થાન: રાજ્યમાં દિવસનું તાપમાન 37Cથી વધુ થયું, આગામી 48 કલાકમાં પારો 2C સુધી વધવાની શક્યતા

રાજસ્થાનમાં સમય પહેલા ગરમીની મોસમ આવી ગઈ છે. દિવસનું મહત્તમ તાપમાન 37Cની નજીક પહોંચી ગયું છે. પશ્ચિમી જિલ્લાઓ સાથે હવે પૂર્વીય, ઉત્તરીય અને દક્ષિણી જિલ્લાઓમાં પણ આકરા તડકાથી દિવસો ગરમ થવા લાગ્યા છે. જયપુર, અજમેર, ઉદયપુર સહિત ઘણા જિલ્લાઓમાં ગુરુવારે દિવસનું મહત્તમ તાપમાન 31Cથી ઉપર નોંધાયું હતું.

ઉત્તરાખંડ: 5 જિલ્લાઓમાં વરસાદ અને હિમવર્ષાની સંભાવના, બદ્રીનાથ અને ગંગોત્રીમાં પારો -18Cથી નીચે

ઉત્તરાખંડના 5 જિલ્લામાં આજે વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. તેમાં ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર અને પિથોરાગઢનો સમાવેશ થાય છે. હવામાન વિભાગના મતે 3000 મીટર કે તેથી વધુ ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફ પડી શકે છે.

હરિયાણા: રાજ્યમાં દિવસનું તાપમાન 31C થી વધુ, રાતનું તાપમાન પણ વધ્યું

હરિયાણામાં ગરમીની અસર સતત વધી રહી છે અને ગુરુવારે રાજ્યનું મહત્તમ તાપમાન 31Cથી વધુ રહ્યું. સૌથી વધુ 31.2C તાપમાન નૂહમાં નોંધાયું. જે સામાન્ય કરતાં લગભગ 3.5C વધુ હતું. રાતના તાપમાનમાં વધારો થયો છે.

પંજાબ: આજે ધુમ્મસનું યલો એલર્ટ, તાપમાન સામાન્ય કરતાં વધુ, દિવસ દરમિયાન તેજ પવનો ફૂંકાશેપંજાબ અને ચંદીગઢમાં આજે અને કાલે કેટલાક વિસ્તારોમાં સવારના સમયે ગાઢ ધુમ્મસ છવાશે. હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે. છેલ્લા 24 કલાકમાં મહત્તમ તાપમાનમાં 0.4Cનો વધારો થયો છે. હવે તે સામાન્ય કરતાં 4C વધારે છે. સૌથી વધુ તાપમાન 28.6C ફિરોઝપુરમાં નોંધાયું.

ચાર્જશીટમાં ખામી; ચુકાદા બાદ રડતાં રડતાં કેજરીવાલ બોલ્યા

## લિકર પોલિસી કેસ, CBI કેસમાં કેજરીવાલ અને સિસોદિયા નિર્દોષ

• નવી દિલ્હી

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે લિકર પોલિસી સંબંધિત સીબીઆઈ કેસમાં પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને નિર્દોષ જાહેર કર્યા છે. રાઉઝ એવન્યુ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે પુરાવા વગર બંને સામેના આરોપો સાબિત થઈ શકતા નથી. સીબીઆઈએ આ કેસમાં કુલ 23 લોકો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. કોર્ટે તેમાંથી કોઈપણ સામે આરોપો ઘડવાનો ઈનકાર કર્યો હતો, અને બધાને નિર્દોષ છોડી મૂક્યા હતા.

છેલ્લા કેટલાક વર્ષોથી ભાજપ દારૂ કૌભાંડ.. દારૂ કૌભાંડ.. કરી રહ્યો છે અને અમારા પર આરોપો લગાવવામાં આવે છે.આજે કોર્ટે બધા આરોપો ફગાવી દીધા અને અમને બધાને મુક્ત કર્યા. અમે હંમેશા કહ્યું કે અમને ભારતીય ન્યાયતંત્રમાં વિશ્વાસ છે. હું ન્યાયાધીશનો ખૂબ આભારી છું જેમણે અમને ન્યાય આપ્યો. સત્યનો વિજય થયો છે. ભગવાન અમારી સાથે છે. મોદી અને અમિત શાહે સાથે મળીને સ્વતંત્ર ભારતમાં સૌથી મોટું રાજકીય કાવતરું ઘડ્યું. આમ આદમી પાર્ટીના પાંચ સૌથી અગ્રણી નેતાઓને પાર્ટીનો નાશ કરવા માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યા. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં આવું ક્યારેય બન્યું નથી. વર્તમાન મુખ્યમંત્રીને તેમના ઘરેથી ખેંચીને છ મહિના માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યા. અમારા નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને બે વર્ષ માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યા. અમારા પર કાદવ ફેંકવામાં આવ્યો. ટીવી ચેનલો પર દિવસના 24 કલાક ચર્ચાઓ ચાલતી હતી અને સમાચાર બતાવવામાં આવતા હતા કેમેં જીવનમાં ઈમાનદારીની કમાણી કરી છે. તેમણે ખોટા કેસ દાખલ કર્યા. આજે એ સાબિત થયું છે કે કેજરીવાલ ખૂબ જ પ્રામાણિક છે. મનીષ સિસોદિયા ખૂબ જ પ્રામાણિક છે, અને આમ આદમી પાર્ટી પણ ખૂબ જ પ્રામાણિક છે. હું વડાપ્રધાનને કહેવા માંગુ છું કે સત્તા માટે દેશ સાથે આ રીતે રમત ન રમો. બંધારણ સાથે આ રીતે રમત ન રમો. જો તમને સત્તા જોઈતી હોય તો સારું કામ કરો. આજે દેશ ઘણી બધી ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. દેશમાં મોંઘવારી, બેરોજગારી, તૂટેલા રસ્તાઓ છે, દરેક જગ્યાએ પ્રદૂષણ છે. દરેક જગ્યાએ ઘણી બધી સમસ્યાઓ છે.

## મિત્રો કે સગાં લોન લેતા હોય તો સહી કરતાં પહેલા ચેતજો!

સામાન્ય રીતે આપણે મિત્રો કે સંબંધીઓની મદદ કરવા માટે લોનમાં ગેરંટર બની જતા હોઈએ છીએ, પરંતુ સુપ્રીમ કોર્ટનો તાજેતરનો એક ચુકાદો ગેરંટર બનનારા લોકો માટે લાલબત્તી સમાન છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે સ્પષ્ટ કર્યું છે કે, 'ઈનસોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ'(IBC) હેઠળ જો કોઈ લોન ડિફોલ્ટ થાય, તો બેન્ક મુખ્ય લેણદાર(ઉધાર લેનાર) અને કોર્પોરેટ ગેરંટર બંને સામે એકસાથે વસૂલાતની પ્રક્રિયા(CIRP) શરૂ કરી શકે છે. કોર્ટે જણાવ્યું કે ભારતીય કરાર અધિનિયમની કલમ 128 મુજબ, લોન ચૂકવવાની જવાબદારી જેટલી ઉધાર લેનારની છે, તેટલી જ જવાબદારી ગેરંટરની પણ છે.અગાઉના નિયમ મુજબ, જો એક જ લોન માટે બે ગેરંટર હોય, તો બેન્ક એક સમયે માત્ર એક જ વ્યક્તિ સામે કાયદાકીય કાર્યવાહી કરી શકતી હતી. આ કારણે બેન્કોને નાણાં વસૂલવામાં વર્ષો વીતી જતા હતા. જોકે, જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે જૂના ચુકાદાઓને રદ કરતા જણાવ્યું છે કે, હવે બેન્કો પોતાની બાકી રકમ વસૂલવા માટે લેણદાર અને તમામ ગેરંટરો સામે એક જ દિવસે કેસ દાખલ કરી શકે છે. આ નિર્ણયથી બેન્કો અને નાણાકીય સંસ્થાઓને મોટી રાહત મળી છે, જ્યારે લોન ગેરંટરની મુશ્કેલીઓમાં નોંધપાત્ર વધારો થયો છે.આ ચુકાદા બાદ હવે ગેરંટર એવું વિચારીને નિશ્ચિંત નહીં રહી શકે કે કંપનીની હરાજીની પ્રક્રિયા ચાલી રહી છે ત્યાં સુધી તેમને કોઈ ખતરો નથી. જો કંપની વેચાયા પછી પણ બેન્કનું દેવું પૂરેપૂરું ભરપાઈ ન થાય, તો બેન્ક બાકીના પૈસા વસૂલવા માટે ગેરંટર અથવા પ્રમોટરોની અંગત મિલકતો જેવી કે ફિક્સ ડિપોઝિટ, બેન્ક બેલેન્સ, મ્યુચ્યુઅલ ફંડ કે પ્રોપર્ટી પણ જપ્ત કરી શકે છે.

હેલિકોપ્ટરમાંથી મુર્મુનો રાષ્ટ્રને સંદેશ- આપણા બહાદુર સૈનિકોનો ગર્વથી આભાર માનું છું; જય હિંદ, જય ભારત

## મુર્મુ સૈન્ય હેલિકોપ્ટર પ્રચંડમાં ઉડાન ભરનારાં પહેલાં રાષ્ટ્રપતિ

• જેસલમેર

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શુક્રવારે જેસલમેર એરફોર્સ સ્ટેશનથી સ્વદેશી લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH) 'પ્રચંડ'માં ઉડાન ભરી. તેઓ હેલિકોપ્ટર પ્રચંડમાં કો-પાઈલટ તરીકે ઉડાન ભરનારાં દેશનાં પ્રથમ રાષ્ટ્રપતિ બન્યાં છે. રાષ્ટ્રપતિ મુર્મુ આ પહેલાં ફાઈટર પ્લેન સુખોઈ અને રાફેલમાં ઉડાન ભરનારાં દેશનાં પ્રથમ રાષ્ટ્રપતિ બન્યાં હતાં.રાષ્ટ્રપતિ મુર્મુ સવારે લગભગ 9:15 વાગ્યે જેસલમેર વાયુસેના સ્ટેશન પહોંચ્યાં હતાં. સેનાના અધિકારીઓએ તેમને હેલિકોપ્ટર પ્રચંડ વિશે બ્રીફિંગ આપ્યું. આ પછી રાષ્ટ્રપતિ હેલિકોપ્ટરના કોકપિટમાં બેઠાં. પછી સવારે લગભગ 10:15 વાગ્યે ગ્રુપ કેપ્ટન એન.એસ. બહુઆ સાથે હેલિકોપ્ટરમાં ઉડાન ભરી. હેલિકોપ્ટરમાં ઉડાન દરમિયાન



રાષ્ટ્રપતિ સરહદી વિસ્તારો અને પોકરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જનો હવાઈ નિરીક્ષણ કર્યું હતું.વાયુસેનાનો સૌથી મોટો યુદ્ધાભ્યાસ, 'વાયુ શક્તિ-2026', આજે સાંજે પાકિસ્તાન સરહદ નજીક રાજસ્થાનના પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ (જૈસલમેર) ખાતે યોજાશે. આ યુદ્ધાભ્યાસમાં સશસ્ત્ર દળોના સુપ્રીમ કમાન્ડર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પણ હાજર રહેશે.

## કેનેડિયન PM આજે 4 દિવસની મુલાકાતે ભારત પહોંચશે:રોકાણ-ટ્રેડ ડીલ પર ફોકસ

**કેનેડિયન અધિકારીએ કહ્યું - કેનેડામાં ગુનાઓ સાથે ભારતને કોઈ લેવાદેવા નહી**

• નવી દિલ્હી

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની આજે 4 દિવસના પ્રવાસે ભારત પહોંચી રહ્યા છે. આ પ્રવાસનો હેતુ ભારત અને કેનેડા વચ્ચે વેપાર, ઊર્જા, ટેકનોલોજી અને સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં નવી ભાગીદારીને મજબૂત કરવા પર ફોકસ કરવાનો છે. વડાપ્રધાન તરીકે માર્ક કાર્નીનો આ પહેલો ભારત પ્રવાસ છે.કેનેડામાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે કાર્ની મુંબઈમાં બિઝનેસ લીડર્સ સાથે મુલાકાત કરશે. આ દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લીન એનર્જી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગમાં રોકાણ પર ચર્ચા થશે.કાર્નીની ભારત યાત્રા પહેલાં કેનેડાના અધિકારીઓ હવે ભારત પર લગાવવામાં આવેલા કેટલાક ગંભીર આરોપોથી પીછેહઠ કરતા જોવા મળી રહ્યા છે. પહેલાં કેનેડાએ આરોપ લગાવ્યો હતો કે ભારત તેની જમીન પર હસ્તક્ષેપ કરી રહ્યું છે અને સરહદ પારના દબાણ જેવી હિલચાલમાં સામેલ છે.સીટીવીના રિપોર્ટ અનુસાર, એક વરિષ્ઠ કેનેડિયન અધિકારીએ કહ્યું કે જો કેનેડાને લાગતું હોત કે ભારત તેની લોકતાંત્રિક પ્રક્રિયામાં દખલ કરી રહ્યું છે, તો વડાપ્રધાન ભારતની યાત્રા ન કરત. દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં ગયા વર્ષે G20 સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની મુલાકાત થઈ હતી. દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં ગયા વર્ષે G20 સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની મુલાકાત થઈ હતી. કાર્ની 1 માર્ચે નવી દિલ્હી પહોંચશે અને 2 માર્ચે નવી દિલ્હીમાં વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેના મુખ્ય એજન્ડામાં કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ (CEPA) ની વાટાઘાટો શરૂ કરવાનો સમાવેશ થાય છે, જે લાંબા સમયથી અટકેલી છે.આ ઉપરાંત, સુરક્ષા અને સંરક્ષણ સહયોગ પર ચર્ચા થશે. સાથે જ બંને દેશો વચ્ચે વેપાર બમણો કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

ઇઝરાયલ આવવું મારા માટે ગર્વની વાત

## ઈઝરાયલમાં ભારતીય UPI ચાલશે, મોદી-નેતન્યાહુની બેઠકમાં સમજૂતી

• નવી દિલ્હી

પીએમ મોદીની ઈઝરાયલ મુલાકાતનો બીજો દિવસ છે.ઈઝરાયલમાં પણ હવે ભારતની UPI ચુકવણી સિસ્ટમ ચાલશે. આ નિર્ણય મોદી અને ઈઝરાયલી પીએમ નેતન્યાહૂ વચ્ચેની દ્વિપક્ષીય બેઠક દરમિયાન સમજુતી થઈ હતી.પીએમ નેતન્યાહૂ સાથે જોઈન્ટ પ્રેસ કોન્ફ્રન્સમાં મોદીએ કહ્યું - ભારત ટૂંક સમયમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)પર હસ્તાક્ષર કરશે, ઈઝરાયલ આવવું મારા માટે ગર્વની વાત છે. મોદી અને ઈઝરાયલી પીએમ નેતન્યાહૂ તેમની દ્વિપક્ષીય બેઠક બાદ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે ઈઝરાયલની નવી ટેકનોલોજી ભારતના દરેક ગામ સુધી પહોંચશે, જેનાથી લાખો ખેડૂતોની આવક અને ઉત્પાદન બંનેમાં વધારો થશે. સાથે મળીને, આપણે ભવિષ્ય માટે તૈયાર ખેતી માટે નવા ઉકેલો વિકસાવીશું. ભારતમાં ભારત-ઈઝરાયલ ઈનોવેશન સેન્ટર ફોર એગ્રીકલ્ચરની સ્થાપના આ સહયોગને વધુ મજબૂત બનાવશે.નેતન્યાહૂએ કહ્યું કે આજે, શિક્ષણ ક્ષેત્રે નવી ટેકનોલોજી અને AIની મદદથી, દરેક વિદ્યાર્થી સુધી સરળતાથી પહોંચી શકાય છે અને તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવાની તક આપી શકાય છે.તેમણે કહ્યું કે પહેલા જે સમસ્યાઓ અને મર્યાદાઓ હતી તે હવે રહી નથી.તેમણે કહ્યું કે ભવિષ્ય એવા દેશોનું છે જે નવું વિચારે છે અને નવું કામ કરે છે. ઈઝરાયલ અને ભારત બંને નવા વિચારો અને ટેકનોલોજી પર ભાર મૂકી રહ્યા છે.પીએમ નરેન્દ્ર મોદી અને ઈઝરાયલી PM નેતન્યાહૂ વચ્ચે દ્વિપક્ષીય બેઠક મળી હતી.

## વાહન ચાલકો માટે મોટા સમાચાર, પેટ્રોલમાં 20% ઈથેનોલ બ્લૅન્ડિંગ ફરજિયાત, કેન્દ્રનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

**કેન્દ્ર સરકારે 1 એપ્રિલથી દેશભરમાં E20 પેટ્રોલનું (20% એથેનોલ મિશ્રિત) વેચાણ ફરજિયાત કરવાનો નિર્ણય કર્યો છે**

કેન્દ્ર સરકારે 1 એપ્રિલથી દેશભરમાં E20 પેટ્રોલનું (20% એથેનોલ મિશ્રિત) વેચાણ ફરજિયાત કરવાનો નિર્ણય કર્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયના નોટિફિકેશન અનુસાર, હવે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તેલ કંપનીઓએ 20% એથેનોલ ભેળવેલું પેટ્રોલ જ સપ્લાય કરવાનું રહેશે. સરકારે એથેનોલ બ્લેન્ડિંગનો લક્ષ્યાંક 2030 થી ઘટાડીને 2025-26 કર્યો હતો. જેને હવે પૂર્ણ રીતે અમલ લાવવામાં આવશે.

એન્જિનની સુરક્ષા માટે આ ઈંધણનો રિસર્ચ ઓક્ટેન નંબર (RON) ઓછામાં ઓછો 95 નક્કી કરવામાં આવ્યો છે. RON એટલે ઈંધણની 'નોકિંગ' (એન્જિનની અંદર સમય પહેલા વિસ્ફોટ થવો) રોકવાની ક્ષમતા દર્શાવે છે. જે પેટ્રોલનો RON નંબર જેટલો વધારે હશે, તે એન્જિનના દબાણને એટલી જ સરળતાથી સહન કરશે અને એન્જિન અવાજ કે ઝટકા વગર ચાલશે. હાલમાં સાધારણ પેટ્રોલ 91 RON નું હોય છે, જ્યારે પ્રીમિયમ પેટ્રોલ (જેમ કે XP95) 95 RON નું હોય છે. હવે બધું જ E20 પેટ્રોલ 95 RON નું હશે. નિષ્ણાતોના મતે, 2023 પછી બનેલા વાહનો E20 ઈંધણ મુજબ જ ડિઝાઈન થયેલા છે, પરંતુ જૂના વાહનોમાં કેટલીક સમસ્યાઓ આવી શકે છે. જેમાં મુખ્યત્વે જૂના વાહનોની ઈંધણ કાર્યક્ષમતામાં 3% થી 7% નો ઘટાડો થઈ શકે છે. લાંબા ગાળે જૂના એન્જિનના રબર અને પ્લાસ્ટિકના ભાગો ખરાબ થવાની શક્યતા છે. 2014-15 થી અત્યાર સુધીમાં એથેનોલ બ્લેન્ડિંગને કારણે ભારતે 1.40 લાખ કરોડ રૂપિયાથી વધુ વિદેશી ચલણ બચાવ્યું છે. આ ઉપરાંત એથેનોલ શેરડી, મકાઈ અને અનાજમાંથી બને છે, જેનાથી ખેડૂતોને અત્યાર સુધી 21 હજાર કરોડ રૂપિયાનો ફાયદો થયો છે.એથેનોલ એક પ્રકારનું આલ્કોહોલ છે જે સ્ટાર્ચ અને ખાંડના આથો (Fermentation) થી બનાવવામાં આવે છે. જો કે એથેનોલનાં પણ કેટલાક પ્રકાર છે. એથેનોલ કયા પદાર્થમાંથી બન્યું તેના આધારે તેના કેટલાક પ્રકાર પાડવામાં આવ્યા છે. E20 ઈંધણથી વાહનો 35% ઓછો કાર્બન મોનોક્સાઈડ છોડે છે. નાઈટ્રોજન ઓક્સાઈડ અને હાઈડ્રોકાર્બનનું ઉત્સર્જન પણ ઘટે છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ડભોઈ પશુ દવાખાના વિસ્તારમાં ગંદકી અને ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય

### ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં 'સ્વચ્છતા અભિયાન' પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ પશુ દવાખાના વિસ્તારમાં ગંદકી અને ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય, નગરપાલિકાની કામગીરી સામે ઉઠ્યા સવાલો ડભોઈ એક તરફ ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં 'સ્વચ્છતા અભિયાન' પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે, ત્યારે ડભોઈના વડોદરી ભાગોળ વિસ્તારમાં આવેલ પશુ દવાખાનાના કમ્પાઉન્ડની હાલત અત્યંત દયનીય જોવા મળી રહી છે આ વિસ્તારમાં ગંદકી અને પશુ દવાખાનાની આસપાસ ઊગી નીકળેલા ઝાડી-ઝાંખરાના કારણે સ્થાનિક રહીશો અને દુકાનદારો મુશ્કેલીમાં મુકાયા છે.



મચ્છરોનો ભારે ત્રાસ: દવાખાનાના કમ્પાઉન્ડમાં ભરાયેલા કચરા અને ઝા ડીઓને કારણે મચ્છરોનો ઉપદ્રવ અસહ્ય બની ગયો છે, જેનાથી ભ વિષ્યમાં ગંભીર રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે અસહ્ય દુર્ગંધ ગંદકીના કારણે આસપાસના વિસ્તારમાં સતત દુર્ગંધ ફેલાયેલી રહે છે, પરિણામે નજીકના રહેઠાણ વિસ્તારના લોકો અને વેપારીઓ માટે ત્યાં ઊભા રહેવું પણ મુશ્કેલ બન્યું છે તંત્રની ઉદાસીનતા: સ્થાનિકોનો આક્ષેપ છે કે ડભોઈ નગરપાલિકા માત્ર સોશિયલ મીડિયા પર સ્વચ્છતા અભિયાનના ફોટા મૂકવામાં જ વ્યસ્ત છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર આવી વાસ્તવિક સમસ્યાઓ પ્રત્યે આંખ આડા કાન કરી રહી છે. વડોદરી ભાગોળ વિસ્તારના રહી શો હવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. લોકોમાં એવી ચર્ચા છે કે શું નગરપાલિકાના સત્તાધીશો કોઈ મોટો રોગચાળો ફેલાય તેની રાહ જોઈ રહ્યા છે કે પછી સત્વરે આ ગંદકી દૂર કરી લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરશે સ્થાનિકોની માગ છે કે નગરપાલિકા વહેલી તકે આ ઝાડી-ઝાંખરા દૂર કરે અને પશુ દવાખાનાના કમ્પાઉન્ડમાં યોગ્ય સફાઈ કરાવે જેથી લોકોમાં ફેલાયેલો રોષ શાંત થાય અને વિસ્તારને ગંદકીમાંથી મુક્તિ મળે.

# સાયણ રેલ્વે કોલોનીના ઝાડ નીચે મૃત હાલતમાં પડેલ અજાણ્યો પુરૂષ મળ્યો

• ઓલપાડ,તા.૨૭

સાયણ રેલ્વે સ્ટેશનના સુપ્રિટેન્ડટપુષ્કરસિંહ ચંદ્રસિંહ પટવાલે ઓલપાડ પોલીસ મથકમાં જાણ કરી હતી કે,ગુરૂવાર, તા.૨૬ ના રોજ સાંજે-૫:૪૦ કલાકના સુમારે અમારી રેલ્વે કોલોનીમાં આવેલ સરગવાના ઝાડ ઉપર ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરનો એક અજાણ્યો પુરૂષ સરગવાની સિંગ પાડવા માટે ઝાડ ઉપર ચઢ્યો હતો. આ અજાણ્યો ઈસમ કોઈક કારણોસર અચાનક ઝાડ પરથી નીચે પટકાયો હતો.જેથી તેને સારવાર અર્થે ખસેડવા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી.પરંતુ ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફે તેને સ્થળ ઉપર મૃત જાહેર કરેલ છે.

**ઉદ્ઘાટન** દિલ્હી યુનિવર્સિટી લાઇબ્રેરી સિસ્ટમ દ્વારા 102મા વાર્ષિક દીક્ષાંત સમારોહની ઉજવણી માટે સેન્ટ્રલ લાઇબ્રેરી ખાતે

# યોગેશ સિંહે ડોક્ટરલ રિસર્ચના 26મા પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું

### પ્રદર્શન આમંત્રિત મહેમાનો, સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે 3 માર્ચ, 2026 સુધી ખુલ્લું રહેશે

• તારેશ સચદેવા | નવી દિલ્હી

દિલ્હી યુનિવર્સિટી લાઈબ્રેરી સિસ્ટમ દ્વારા 102મા વાર્ષિક દીક્ષાંત સમારોહની ઉજવણી માટે સેન્ટ્રલ લાઈબ્રેરી ખાતે 26મા 'ડોક્ટરલ રિસર્ચ પ્રદર્શન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન આમંત્રિત મહેમાનો, સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે 3 માર્ચ, 2026 સુધી ખુલ્લું રહેશે.ડીયુના કુલપતિ પ્રો. યોગેશ સિંહે મુખ્ય મહેમાન તરીકે પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું. તેમણે ટિપ્પણી કરી કે કોઈપણ યુનિવર્સિટીનો આત્મા તેની લાઈબ્રેરી છે અને યુનિવર્સિટી લાઈબ્રેરી વિના અધૂરી છે. તેમણે આ કાર્યક્રમને સંશોધન શ્રેષ્ઠતા, નવીનતા અને જ્ઞાન સર્જનને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પહેલ તરીકે વર્ણવ્યો.ઉદઘાટન પછી, કુલપતિએ પ્રદર્શનમાં પ્રદર્શિત વિવિધ સંશોધન પત્રો અને ડોક્ટરલ થીસીસની સમીક્ષા કરી. 'દિલ્હી યુનિવર્સિટી: ડોક્ટરલ રિસર્ચ' નું ડિજિટલ સંસ્કરણ અને એક ઈ-હેન્ડબુક પણ પ્રકાશિત કરવામાં આવી હતી, જે યુનિવર્સિટીના સંશોધન કાર્યને વ્યાપક ડિજિટલ ઍક્સેસ પ્રદાન કરશેપોતાના સંબોધનમાં પ્રો. સિંહે જણાવ્યું




હતું કે આ પ્રદર્શન સમર્પણ, શ્રેષ્ઠતા, દ્રઢતા અને શૈક્ષણિક પ્રતિબદ્ધતાનો ઉત્સવ છે. તેમણે સમજાવ્યું કે દિલ્હી યુનિવર્સિટી સંશોધન અને જ્ઞાન નિર્માણમાં સતત નવી ઊંચાઈઓ પર પહોંચી રહી છે, જે યુનિવર્સિટીના સતત વધતા H-ઈન્ડેક્સ દ્વારા પુરાવા મળે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) નો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે નવી શિક્ષણ પ્રણાલી હેઠળ, વિદ્યાર્થીઓને અંડરગ્રેજ્યુએટ સ્તરથી સંશોધન કરવાની તકો મળી રહી છે. ચાર વર્ષનો અંડરગ્રેજ્યુએટ કાર્યક્રમ નિબંધ, શૈક્ષણિક પ્રોજેક્ટ્સ, ઉદ્યોગસાહસિકતા, અનુવાદ અને અદ્યતન અભ્યાસ જેવા વિકલ્પો પ્રદાન કરે છે. તેમણે માહિતી આપી કે લગભગ 30 ટકા વિદ્યાર્થીઓએ સંશોધન-લક્ષી ચોથા વર્ષનો વિકલ્પ પસંદ કર્યો છે.કૌશલ્ય વૃદ્ધિ અભ્યાસક્રમો (SEC) અને મૂલ્યવર્ધન અભ્યાસક્રમોને વિદ્યાર્થી-કેન્દ્રિત પહેલ તરીકે વર્ણવતા, કુલપતિએ કહ્યું કે આ અભ્યાસક્રમો વિદ્યાર્થીઓમાં નેતૃત્વ કૌશલ્ય, સંદેશાવ્યવહાર કૌશલ્ય, વ્યાવસાયિક યોગ્યતા અને વ્યવહારુ જ્ઞાન વિકસાવી રહ્યા છે. સેન્ટ્રલ લાઈબ્રેરીની ભૂમિકાની પ્રશંસા કરતા, તેમણે કહ્યું કે લાઈબ્રેરી સિસ્ટમ સંશોધકોને હજારો ઈ-જર્નલ્સ અને લગભગ બે લાખ ઈ-પુસ્તકો સુધી ડિજિટલ ઍક્સેસ પ્રદાન કરી રહી છે, જેનાથી સંશોધન કાર્યને નવી ગતિ મળી રહી છે.આ પ્રદર્શન યુનિવર્સિટીની સંશોધન પરંપરા અને શૈક્ષણિક શ્રેષ્ઠતા દર્શાવવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે, જે વિદ્યાર્થીઓ અને સંશોધકોને પ્રેરણા આપી રહ્યું છે અને જ્ઞાનના વિસ્તરણમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે.

### ઢાઢર નદીમાં ઉપરવાસના ગામો કે અન્ય વિસ્તારો દ્વારા ગટરના પાણીના જોડાણો કરી દેવામાં આવ્યા

# ડભોઈ તાલુકાના ભીલાપુરમાં ઢાઢર નદી બની ગટર' પ્રદૂષિત પાણીથી અબોલ પશુઓની હાલત કફોડી

**હાલત કફોડી** ડભોઈ તાલુકાના ભીલાપુર ગામ પાસેથી પસાર થતી પવિત્ર ઢાઢર નદી હાલમાં પ્રદૂષણનો ભોગ બની છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના ભીલાપુરમાં ઢાઢર નદી બની ગટર' પ્રદૂષિત પાણીથી અબોલ પશુઓની હાલત કફોડી ડભોઈ તાલુકાના ભીલાપુર ગામ પાસેથી પસાર થતી પવિત્ર ઢાઢર નદી હાલમાં પ્રદૂષણનો ભોગ બની છે. નદીમાં ગટરનું ગંદુ પાણી ભળતા આખી નદી લીલથી છવાઈ ગઈ છે, જેના કારણે ભર ઉનાળે પશુ-પક્ષીઓ પાણી માટે વલખા મારી રહ્યા છે ગટરના જોડાણોએ નદીનું સ્વરૂપ બગાડ્યું

ભીલાપુર ગામના ગ્રામજનોના જ ણાવ્યા અનુસાર, ઢાઢર નદીમાં ઉ પ રવાસના ગામો કે અન્ય વિસ્તારો દ્વારા ગટરના પાણીના જો ડાણો કરી દેવામાં આવ્યા છે.



આ ગેરકાયદેસર જોડાણોને કારણે નદીમાં ચોખ્ખા પાણીને બદલે કાળું અને દુર્ગંધ મારતું ગંદુ પાણી વહી રહ્યું છે. આ ગંદકીને કારણે નદીના પટમાં ચારેતરફ લીલ જામી ગઈ છે, જે પાણીને પીવાલાયક રહેવા દેતી નથી.

ઉનાળાની શરૂઆતમાં જ જળ સંકટ

હાલમાં કાળઝાળ ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે. આ કાળઝાળ ગરમીમાં પશુ-પક્ષીઓને પાણીની વધુ જ રૂરિયાત હોય છે. પરંતુ નદીનું પાણી ઝેરી અને ગંદુ હોવાથી પશુઓ તે પી શકતા નથી. કિનારાના ગામડાઓના પશુપાલકો માટે પણ આ ચિંતાનો વિષય બન્યો છે કારણ કે પશુઓને પાણી પીવડાવવા મા ટે દૂર-દૂર સુધી ભટકવું પડે છે ગે રકાયદે જોડાણ: નદીમાં ગટરના પાણી છોડવામાં આવતા જળ સ્ત્રોત પ્રદૂષિત થયો લીલનું સામ્રાજ્ય: ગંદા પાણીને લીધે નદી પર લીલની ચાદર પથરાઈ ગઈ છે જી વસૃષ્ટિ જોખમમાં: પ્રદૂષિત પાણી પીવાથી પશુઓમાં રોગચાળો ફેલાવાની ભીતિ તંત્રની ઉદાસીનતા: ગ્રામજનોની માંગ છે કે નદીમાં ભળતા ગંદા પાણીને અટકાવવા કડક કાર્યવાહી કરવામાં આવે એક તરફ સરકાર નદીઓને બચાવવાની વાતો કરે છે બીજી તરફ ભીલાપુરની ઢાઢર નદી ગટરમાં ફેરવાઈ રહી છે જો વહેલી તકે આ ગંદા પાણીનું જોડાણ બંધ નહીં કરવામાં આવે તો પશુધન માટે જીવવું મુશ્કેલ બની જશે.

# રાજપીપલા પાસપોર્ટ ઓફિસને બોબથી ઉડાવી દેવાની ધમકી મળી

### નરાજપીપલની ફાયર ટીમ, બોમ્બ સ્કોડ, સ્થાનિક પોલીસની ટીમોએ ઘટના સ્થળે પોહચી સર્ચ શરૂ કર્યું



• રાજપીપલા :તા 27

રાજપીપલા પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ચકચાર મચી જવા પામી છે.આજે મેઈલ મારફતે સુરત ખાતેની વડોદરા મૈન પાસપોર્ટ ઓફિસમાં બોબથી ઉડાવી દેવાની ધમકી આપતો મેલ આવેલોહતો આ મેળ મળતા દોડધામ મચી જવા પામી હતી.

જોકે નર્મદાના રાજપીપલની ફાયર ટીમ બોમ્બ સ્કોવ્ડ અને સ્થાનિક પોલીસની ટીમો ઘટના સ્થળે પોહચી જઈ સઘન સર્ચ શરૂ કર્યું હતું.આજે પોલીસ કર્મીઓએ તાત્કાલિક પોસ્ટ ઓફિસ ખાલી કરાવી હતી અને ક્યાંક બૉમ્બ કે બીજી કોઈ વિસ્ફોટક સામગ્રી છુપાવી હોય તો તેની શોધખોળ પણ હાથ ધરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ પોસ્ટ ઓફિસમાજ પાછળના ભાગે પાસપોર્ટ ઓફીસ પણ આવેલ હોવાથી આ બન્ને ઓફિસો ખાલી કરાવી દેવાઈ હતી.નર્મદા પોલીસે બોમ્બ શોધવાની તમામ સાધન સામગ્રી લઈ સર્ચ શરૂ કર્યુંહતું. હાલ તો એવું કશું શંકાસ્પદ વસ્તુ મળેલ નથી પણ પોલીસ સતર્ક બની ગઈ હતી.આ અંગે સત્તાધીશો વડોદરા અને રાજપીપલા જાણ કરાતા પોલીસ તંત્ર એક્શનમાં આવી ગયું હતું. આજે પોલીસે પોસ્ટ ઓફિસને કોર્ડન કરી લેતા. પોસ્ટ ઓફિસ બંધ કરી દેતા આજે ગ્રાહકો અટવાઈ જવા પામ્યા હતાં.

તસવીર :દીપક જગતાપ, રાજપીપળા

# છોટાઉદેપુર પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી ખળભળાટ

### છોટાઉદેપુર પાસપોર્ટ ઓફિસને રિજનલ પાસપોર્ટ ઓફિસ દ્વારા જાણ કરવામાં આવી

• છોટાઉદેપુર

છોટાઉદેપુર પાસપોર્ટ ઓફિસમાં સવારે 10:00 વાગ્યાની આસપાસ અમદાવાદ રિજનલ ઓફિસ દ્વારા જાણ કરવામાં આવી હતી કે આર પી ઓ ને લાગતી તમામ પાસપોર્ટ ઓફિસને આર ડી એક્સ બોમ્બથી ઉડાવી દેવામાં આવશે જે સંદર્ભે છોટાઉદેપુર પાસપોર્ટ ઓફિસને જાણ થતા તમામ પાસપોર્ટ ઓફિસ ખાલી કરી દેવામાં આવી હતી અને ઓફિસના કામ અર્થે આવેલા માણસોને બહાર બેસાડી દેવામાં આવ્યા હતા. જ્યારે પાસપોર્ટ ઓફિસ બંધ કરી દેવામાં આવી હતી.



છોટાઉદેપુર નગરમાં આવેલી પાસપોર્ટ ઓફિસને આરડીએક્સ બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર નગર સહિત આસપાસના વિસ્તારમાં ખળભળાટ મચ્યો હતો અને પ્રજામાં ભયનો માહોલ ફેલાયો હતો. પોલીસે અંગેની કાર્યવાહી શરૂ કરી છે જ્યારે પોલીસ વિભાગ એસઓજી વિભાગ સહિત ડીવાયએસપી કે એચ સૂર્યવંશીની ટીમ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. જેના કારણે તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો..રિપોર્ટર. ઈરફાન મકરાણી કદવાલ

# ડભોઇ વડોદરા પ્રતાપનગર રેલ્વે વિસ્તારની ઘટના



• ફકીરા ખત્રી ડભોઈ

ઈજાગ્રસ્ત હાલતમાં અજાણ્યા યુવાનની લાશ મળતા ચકચાર વડોદરા ના પ્રતાપનગર રેલ્વે સ્ટેશન વિસ્તાર માં બુધવાર ની બપોર ના 1-30 થી 02 વાગ્યા ની આસપાસ શટ ડાઉન રેલ્વે ની અડફેટે આવતા અજાણ્યો યુવાન ગંભીર ઈજાગ્રસ્ત થતા મૃતક હાલત માં ટ્રેક પાસે થી મળી આવ્યો હતો. ગંભીર ઈજાગ્રસ્ત લુહીલુહાણ હાલત મા મળેલ અજાણ્યા ની લાશ ને લઈ લોકટોળા ઉમટી પડ્યા હતા.જેથી લોકો એ રેલ્વે સ્ટેશન માસ્તર ને જાણ કરતા રેલ્વે પોલીસે સ્થળ પંચક્યાસ કરી લાશ નુ પી.એમ.કરાવી સયાજી હોસ્પિટલ ના કોલ્ડરુમ મા લાશ ને મુકાવી દઈ તેની ઓળખ છતી કરવા તજવીજ હાથ ધરી હતી. અજાણ્યા મૃતક યુવાન ની લાશ ને જોતા તેને વ્હાઈટ શર્ટ અને બ્લ્યુ જીન્સ પેન્ટ પહેર્યું હતું. તેમજ તેના હાથ પર અંગ્રેજી માં RR નું છુંદન કરાયેલ હતું. તેની ઉંમર અંદાજીત 35 વર્ષીય લાગતી હતી. તેના શર્ટ ના કોલર પર ડીલક્ષ ટેલર,ભઠીયારા મહોલ્લા, ડભોઈ નું સરનામું લખેલ સ્ટીકર પટ્ટી જણાઈ આવેલ હતી.

### ડભોઈ રંગોના પર્વ હોળી અને ધૂળેટીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે

# ડભોઈ હોળી-ધૂળેટીના પર્વ આડે ગણતરીના દિવસો બાકી છતાં બજારોમાં હજુ પણ મંદીનો માહોલ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ હોળી-ધૂળેટીના પર્વ આડે ગણતરીના દિવસો બાકી છતાં બજારોમાં હજુ પણ મંદીનો માહોલ ડભોઈ રંગોના પર્વ હોળી અને ધૂળેટીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે ડભોઈ શહેરના મુખ્ય બજારોમાં દર વર્ષ જેવી રોનક હજુ સુધી જોવા મળી રહી નથી. બજારોમાં ગ્રાહકોની પાંખી હાજરીને કારણે વેપારીઓ ભારે મૂંઝવણમાં મુકાયા છે બજારોમાં પિચકારી અને ખજૂર-ધાણીના પંડાલો તૈયાર ડભોઈના મુખ્ય વેપારી વિસ્તારો જેવા કે ટાવર બજાર લાલ બજાર રાત્રે કોમ્પ્લેક્સ વિસ્તાર એસ.ટી. ડેપો પા સે ના બજારો આ તમામ વિસ્તા રો માં વેપા રીઓએ હોળી નિમિત્તે વિશેષ સ્ટોલ લગાવ્યા છે. જેમાં વિવિધ પ્રકારની રંગબેરંગી



પિચકા રી ઓ , પ્રાકૃતિક અને કેમિકલયુક્ત રંગો, તેમજ હોળીના પરંપરાગત પ્રસાદ ગણાતા ખજૂર, કોપરા, ધાણી, ચણા અને પતાસાની દુકાનો સજાવવામાં આવી છે. જોકે, આટલી તૈયારીઓ છતાં ગ્રાહકોની ભીડ ન દેખાતા વેપારીઓમાં ચિંતા ફેલાઈ છે.મોંઘવારી અને કમોસમી વરસાદની બે વડી મારઆ વર્ષે ઘરાકી ઓછી રહેવા પાછળ મુખ્ય બે કારણો જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે: ભાવવધારો: ગત વર્ષની સરખામણીએ આ વર્ષે હોળીની ચીજવસ્તુઓમાં 10 થી 15 ટકાનો ભાવવધારો જોવા મળી રહ્યો છે. વધતી જતી મોંઘવારીને કારણે સામાન્ય જનતા ખરીદીમાં કાપ મૂકી રહી છે.ખેતી પર અસર: ચાલુ વર્ષે થયેલા કમોસમી વરસાદને કારણે ખેતીના પાકને મોટું નુકસાન થયું છે. ઉપજ ઓછી આવતા અને મજૂરી ખર્ચ વધતા ગ્રામીણ વિસ્તારોના ગ્રાહકોની ખરીદશક્તિ ઘટી છે, જેની સીધી અસર શહેરના વેપાર પર પડી રહી છે દર વર્ષે આ સમયે બજારમાં પગ મૂકવાની જગ્યા નથી હોતી, પણ આ વખતે બજાર સાવ સૂમસામ છે. કમોસમી વરસાદે ખેડૂતોની કમર તોડી નાખી છે, જેની અસર અત્યારે વેપારમાં દેખાઈ રહી છેસ્થાનિક વેપારી હવે જોવાનું એ રહે છે કે હોળીના છેલ્લા બે-ત્રણ દિવસોમાં બજારમાં ગરમાવો આવે છે કે કેમ.

# રાજપીપલાના પત્રકાર ભરત શાહ ના ૭૦ વર્ષીય માતા શીલાબેનના દેહનું દેહદાન ચક્ષુદાનકરાયું

## અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા લોક દ્રષ્ટી આઇ બેન્ક ને ચક્ષુદાન અને દેહદાન પ્રાપ્ત થયું

• રાજપીપલા તા. ૨૭



રાજપીપલાના પત્રકાર ભરત શાહ ના ૭૦ વર્ષીય માતા શીલાબેનના દેહનું દેહદાન ચક્ષુદાન કરાયું હતું દેહદાતા અને ચક્ષુદાતા સદગત શીલાબેન સેવંતીલાલ શાહ, ઉંમર ૯૦,નું અડાજણ, સુરતખાતે અવસાન થતા તેમના પુત્ર સુનિલ સેવંતીલાલ શાહ અનેભરતભાઈશાહ,પુત્રીમાલતીબેન શાહ, અલકાબેન શાહ, પારૂલબેન મોદી દ્વારા ડો પ્રફુલ શિરોયા નો સંપર્ક કરી ૨૦ વર્ષ પહેલા માતાએ દેહદાનનો સંકલ્પ કરેલ. જે વાતને ધ્યાન માં લઈ ડો.શિરોયા દ્વારા વિદ્યાદીપ હોમિયોપેથીક મેડિકલ કૉલેજ, કિમ ખાતે અર્પણ કરવામાં આવ્યું, દેહદાન અને ચક્ષુદાન ની સેવામાં યુવક મંડળના સર્વ હરીશ પીપવાળા, પરેશ ભાટિયા, પંકજ માંજરાવાળા, મનોજ ગાંધી, નીતિન ઘાએલ સાથે હર્ષા માંજરાવાળા, હિના પીપવાળા, દિનેશભાઈ જોગાણી એ સેવા આપી હતી. સાથે પરિવારના નજીક ના લેખક ઉમેશ ભટ્ટ, કવિ ગૌરાંગ ઠાકર, કાર્તિક દેસાઈ, ડો. ઈન્તેખાબ અનસારી, પ્રેમ સુમેસરાપણ ઉપસ્થીત રહ્યા હતા. લોક દષ્ટિ ચક્ષુ બેંકના અને રેડ ક્રોસ ના ચેરમેન કમાન્ડન્ટ ડો. પ્રફુલ ભાઈ શિરોયા એ જણાયું હતું કે મેડિકલ કોલેજ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઓને દેહની આંતરિક રચના માટે દેહદાનની જરૂરિયાત હોય છે એ જ રીતે કાળી કીકીને કારણે અંધાપો ભોગવતા વ્યક્તિઓ માટે ચક્ષુદાન ખુબ જરૂરી છે. દેહદાન અને ચક્ષુદાન સ્વીકારી સદગતની આત્મા ની શાંતિ માટે સમૂહ પ્રાર્થના કરી દેહદાન અને ચક્ષુદાન બદલ પ્રમાણપત્ર અર્પણ કર્યું હતું.

તસવીર :દીપક જગતાપ, રાજપીપલા

# ઓલપાડ-સુરત હાઈવે ઉપર પાર્ક કરેલી ટ્રક પાછળ રીક્ષા ઘૂસી:રીક્ષા ચાલકનું કરૂણ મોત

• ઓલપાડ,તા.૨૭

સુરત શહેરમાં રહેતા રીક્ષા ચાલકે ઓલપાડ-સુરત રોડ ઉપર દ.ગુ. વીજ કંપની, ઓલપાડ સબ ડિવિઝનની સામેના રોડ ઉપર પાર્ક કરેલ એક ટ્રક પાછળ રીક્ષા અથડાવતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં તેનું મોત થયું છે. ગત ગુરૂવાર, તા.૨૬ ના રોજ સાંજેના સુમારે ઓટો રીક્ષા નં: જીજે-૦૫,સી.ઝેડ-૫૪૩૬ નો ચાલક અરવિંદ પ્રભુભાઈ હિરા (રહે.૧૭૧, વિવેકાનંદ ટાઉન શીપ,પાલનપુર, જકાતનાકા-સુરત શહેર )સાંજે-૫:૦૦ કલાકના સુમારે રીક્ષા હંકારી ઓલપાડથી સુરત તરફ જઈ રહ્યો હતો.તે સમયે રોડને અડીને આવેલ દ.ગુ.વીજ કંપની, ઓલપાડ સબ ડિવિઝનની સામેના રોડ ઉપર પાર્ક કરેલ અશોક લેલેન્ડ ટ્રક નં: જીજે-૨૧, ડબ્લ્યુ-૪૮૭૨ ની પાછળના ભાગે તેણે ધડાકાભેર રીક્ષા અથડાવતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

**રજૂઆત** સ્કૂલોએ મંજૂર કરેલી ફી કરતા દરખાસ્ત કરેલી ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી હતી

# સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં વધુ ફી પરત મુદ્દે વાલીઓની રજૂઆત DEOએ શિક્ષણ નિરીક્ષકને તપાસના આદેશ આપ્યા

## ઝેવિયર્સ લોયલા સ્કૂલ દ્વારા વધુ વસૂલેલી 2 કરોડ જેટલી ફી વિદ્યાર્થીઓને પરત આપવામાં આવી છે કે નહીં?

• અમદાવાદ




અમદાવાદ શહેરની સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ દ્વારા વધુ વસૂલેલી 2 કરોડ જેટલી ફી વિદ્યાર્થીઓને પરત આપવામાં આવી છે કે નહીં? તેની તપાસ કરવા માટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ સૂચના આપી છે. FRCએ નક્કી કરેલી ફી કરતા વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી દીધી હતી. જે બાદ FRCએ ફીમાં ઘટાડો કર્યો હતો, જેથી વિદ્યાર્થીઓ પાસેથી વધુ વસૂલેલી ફી પરત આપવા માટે FRC કમિટીએ સૂચના આપી છે. જો કે હજુ સુધી વિદ્યાર્થીઓને ફી પરત આપવામાં ન આવી હોવાની વાલીઓએ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરી છે. જેથી જિલ્લા શિક્ષણાધિકારીએ શિક્ષણ નિરીક્ષકને તપાસ કરી રિપોર્ટ આપવા માટે સૂચના આપી છે.

સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ દ્વારા ધોરણ-1થી 8ની ફી માટે અમદાવાદ ઝોનની કમિટી સમક્ષ દરખાસ્ત કરી હતી. વર્ષ 2024-25 માટે કમિટી સમક્ષ 39,359ની ફી માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જો કે અમદાવાદ ઝોનની FRC કમિટીએ 33 ટકાનો કાપ મૂકીને 26,250 રૂપિયા ફાઈનલ ફી મંજૂર કરવામાં આવી હતી. તેમ છતાં સ્કૂલોએ મંજૂર કરેલી ફી કરતા દરખાસ્ત કરેલી ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી હતી. જો કે તે બાદ સ્કૂલએ રિવિઝન કમિટીમાં અરજી કરી હતી, પરંતુ રિવિઝન કમિટી દ્વારા સ્કૂલની અરજી ફગાવી દીધી હતી.

તેમજ સ્કૂલને FRCના આદેશનું પાલન કરવા પણ સૂચના આપી હતી. તેમજ 2 કરોડ જેટલી વધારાની ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવવામાં આવી છે તે 15 દિવસમાં વાલીઓને પરત કરવા માટે આદેશ કર્યો હતો. તેમજ વાલીઓને ફી પરત કરી તેના પુરાવા FRCમાં જમા કરાવવા માટેની સૂચના આપવામાં આવી હતી. પરંતુ હજુ સુધી સ્કૂલે આદેશોનું પાલન ન કર્યું હોવાની વાલીઓએ DEOને રજૂઆત કરી હતી. જેથી હવે શિક્ષણ નિરીક્ષક સ્કૂલ ફી પરત કરી છે કે નહીં તેની તપાસ કરી રિપોર્ટ સબમિત કરશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, FRC કમિટી અમદાવાદ ઝોન દ્વારા સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલનો ફી ઘટાડો કરવામાં આવે છે. જેનું સ્કૂલ દ્વારા પાલન કરવામાં આવ્યું ન હોવાની કચેરીનેફરિયાદ મળી હતી.જેને ધ્યાને લઈને શિક્ષણ નિરીક્ષકને તપાસના આદેશ આપવામાં આવ્યા છે. સ્કૂલ દ્વારા જે પણ ફી વધારે લેવામાં આવી છે તે સત્વરે સરભર કરવામાં આવે અથવા પરત આપવામાં આવે તેમજ જે વિદ્યાર્થીઓએ સ્કૂલ છોડી દીધી છે, તેમને પણ ફી પરત કરવામાં આવી છે કે નહીં? તેની તપાસ માટેના આદેશ આપવામાં આવ્યા છે.વધુમાં રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, અંદાજે બે કરોડ જેટલી રકમ પરત આપવાની થાય છે. જે વિદ્યાર્થીઓ પાસેથી મંજૂર થયેલી ફી કરતા વધારે ફી વસૂલીને ઉઘરાવવામાં આવી હતી. FRCના ઓર્ડરમાં પણ લખવામાં આવ્યું હતું કે સત્વરે આદેશનો પાલન કરવામાં આવે, જેથી સ્કૂલને જાણ કરીને વધારે વસૂલેલી ફી પરત આપવાની સૂચના આપવામાં આવી છે. વાલીઓ પાસેથી રજૂઆત મળતા શિક્ષણ નિરીક્ષક પાસે તપાસ કરી રિપોર્ટ માંગવામાં આવ્યો છે. તપાસ રિપોર્ટ આવ્યા બાદ સામે આવશે કે કેટલા વિદ્યાર્થીઓને ફી પરત કરવામાં આવી છે અથવા સરભર કરવામાં આવી છે. તેમજ સ્કૂલેથી સરભર કરવાની પણ કચેરીને ખાતરી આપી હતી.

## DEOએ શિક્ષણ નિરીક્ષકને તપાસના આદેશ આપ્યા

# અમદાવાદ : સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં વધુ ફી પરત મુદ્દે વાલીઓની રજૂઆત

**રજૂઆત** સ્કૂલ ફી પરત કરવા મામલે તપાસ શરૂ: DEO, તપાસ રિપોર્ટ આવ્યા બાદ સામે હકીકત સામે આવશે

• અમદાવાદ

અમદાવાદ શહેરની સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ દ્વારા વધુ વસૂલેલી 2 કરોડ જેટલી ફી વિદ્યાર્થીઓને પરત આપવામાં આવી છે કે નહીં? તેની તપાસ કરવા માટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ સૂચના આપી છે. FRCએ નક્કી કરેલી ફી કરતા વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી દીધી હતી. જે બાદ FRCએ ફીમાં ઘટાડો કર્યો હતો, જેથી વિદ્યાર્થીઓ પાસેથી વધુ વસૂલેલી ફી પરત આપવા માટે FRC કમિટીએ સૂચના આપી છે. જો કે હજુ સુધી વિદ્યાર્થીઓને ફી પરત આપવામાં ન આવી હોવાની વાલીઓએ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરી છે. જેથી જિલ્લા શિક્ષણાધિકારીએ શિક્ષણ નિરીક્ષકને તપાસ કરી રિપોર્ટ આપવા માટે સૂચના આપી છે.

સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ દ્વારા ધોરણ-1થી 8ની ફી માટે અમદાવાદ ઝોનની કમિટી સમક્ષ દરખાસ્ત કરી હતી. વર્ષ 2024-25 માટે કમિટી સમક્ષ 39,359ની ફી માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જો કે અમદાવાદ ઝોનની FRC કમિટીએ 33 ટકાનો કાપ મૂકીને 26,250 રૂપિયા ફાઈનલ ફી મંજૂર કરવામાં આવી હતી. તેમ છતાં સ્કૂલોએ મંજૂર કરેલી ફી કરતા દરખાસ્ત કરેલી ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી હતી. જો કે તે બાદ સ્કૂલએ રિવિઝન કમિટીમાં અરજી કરી હતી, પરંતુ રિવિઝન કમિટી દ્વારા સ્કૂલની અરજી ફગાવી દીધી હતી.તેમજ સ્કૂલને FRCના આદેશનું પાલન કરવા પણ સૂચના આપી હતી. તેમજ 2 કરોડ જેટલી વધારાની ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવવામાં આવીછે તે 15 દિવસમાં વાલીઓને પરત કરવા માટે આદેશ કર્યો હતો. તેમજ વાલીઓને ફી પરત કરી તેના પુરાવા FRCમાં જમા કરાવવા માટેની સૂચના આપવામાં આવી હતી. પરંતુ હજુ સુધી સ્કૂલે આદેશોનું પાલન ન કર્યું હોવાની વાલીઓએ DEOને રજૂઆત કરી હતી. જેથી હવે શિક્ષણ નિરીક્ષક સ્કૂલ ફી પરત કરી છે કે નહીં તેની તપાસ કરી રિપોર્ટ સબમિત કરશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, FRC કમિટી અમદાવાદ ઝોન દ્વારા સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલનો ફી ઘટાડો કરવામાં આવે છે. જેનું સ્કૂલ દ્વારા પાલન કરવામાં આવ્યું ન હોવાની કચેરીને ફરિયાદ મળી હતી. જેને ધ્યાને લઈને શિક્ષણ નિરીક્ષકને તપાસના આદેશ આપવામાં આવ્યા છે. સ્કૂલ દ્વારા જે પણ ફી વધારે લેવામાં આવી છે તે સત્વરે સરભર કરવામાં આવે અથવા પરત આપવામાં આવે તેમજ જે વિદ્યાર્થીઓએ સ્કૂલ છોડી દીધી છે, તેમને પણ ફી પરત કરવામાં આવી છે કે નહીં? તેની તપાસ માટેના આદેશ આપવામાં આવ્યા છે.

વધુમાં રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, અંદાજે બે કરોડ જેટલી રકમ પરત આપવાની થાય છે. જે વિદ્યાર્થીઓ પાસેથી મંજૂર થયેલી ફી કરતા વધારે ફી વસૂલીને ઉઘરાવવામાં આવી હતી. FRCના ઓર્ડરમાં પણ લખવામાં આવ્યું હતું કે સત્વરે આદેશનો પાલન કરવામાં આવે, જેથી સ્કૂલને જાણ કરીને વધારે વસૂલેલી ફી પરત આપવાની સૂચના આપવામાં આવી છે. વાલીઓ પાસેથી રજૂઆત મળતા શિક્ષણ નિરીક્ષક પાસે તપાસ કરી રિપોર્ટ માંગવામાં આવ્યો છે. તપાસ રિપોર્ટ આવ્યા બાદ સામે આવશે કે કેટલા વિદ્યાર્થીઓને ફી પરત કરવામાં આવી છે અથવા સરભર કરવામાં આવી છે. તેમજ સ્કૂલેથી સરભર કરવાની પણ કચેરીને ખાતરી આપી હતી.

# હોળી-ધૂળેટીમાં '108' સેવાનો માસ્ટર પ્લાન, તહેવારમાં ઈમર્જન્સી કેસમાં વધારો થવાની શક્યતા

• અમદાવાદ



ગુજરાતમાં હોળી અને ધૂળેટીના આગામી તહેવારો દરમિયાન ઈમર્જન્સી કેસોમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવનાને લીધે 108 EMS દ્વારા રાજ્યવ્યાપી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ભૂતકાળના ડેટા અને વર્તમાન શક્યતા અનુસાર, સામાન્ય દિવસોમાં નોંધાતા સરેરાશ 4,679 કેસોની સરખામણીએ હોળી (2-3 માર્ચ) દરમિયાન કેસોમાં 12.31 ટકા અને ધૂળેટી(4 માર્ચ) ના રોજ કેસોમાં 44.13 ટકા જેટલો વધારો થવાની શક્યતા છે. આ વર્ષે ચંદ્રગ્રહણને કારણે હોળીની ઉજવણી બે દિવસ લંબાઈ શકે તેમ હોવાથી તંત્ર દ્વારા તે મુજબનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે.ધૂળેટીના દિવસે કેસોમાં 44%ના ઉછાળાની શક્યતા અધિકારીએ જણાવ્યાનુસાર,તહેવાર દરમિયાન ઈમર્જન્સી કેસોના ટ્રેન્ડ્સ પર નજર કરીએ તો, ધૂળેટીના દિવસે સૌથી વધુ જોખમ જોવા મળી રહ્યું છે. સામાન્ય દિવસોના 631 કેસની સામે ધૂળેટીએ માર્ગ અકસ્માતના કેસોમાં 127.89%નો વધારો થઈને 1,438 કેસ નોંધાઈ શકે છે. તેવી જ રીતે, શારીરિક મારામારીના કિસ્સાઓમાં પણ ચિંતાજનક 401%નો વધારો થવાની આગાહી છે. આણંદ, દાહોદ, મહેસાણા, સુરેન્દ્રનગર અને ડાંગ જેવા જિલ્લાઓમાં ઈમર્જન્સી કેસોમાં 20%થી વધુનો ઉછાળો જોવા મળી શકે છે. બિન-વાહન અકસ્માતોમાં પણ ધૂળેટીના દિવસે 164.76% જેટલા વધારાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે 108-EMS દ્વારા રાજ્યભરમાં 1,493 એમ્બ્યુલન્સને સંપૂર્ણ કાર્યરત રાખવામાં આવી છે. હૉસ્પિટલોમાં વધારાના સુપરવાઈઝરી સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે જેથી કોઈપણ કટોકટીમાં તાત્કાલિક પ્રતિસાદ આપી શકાય. તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ વાહન ચલાવતી વખતે પૂરતી સાવચેતી રાખે અને ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરે.

# સોલા વિસ્તારમાં ઘોડાના તબેલામાં દારૂનું કટિંગ : ચાંદલોડિયામાં એક ઘરમાંથી 95 મોંઘી વિદેશી દારૂની બોટલ મળી, સ્થાનિક પોલીસની જાણ બહાર એજન્સીઓની રેડ

• અમદાવાદ



અમદાવાદ શહેરના સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઝોન એલસીબી અને પીસીબીની ટીમે દરોડા પાડી મોંઘો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ચાંદલોડિયામાં પીસીબીની ટીમ અને સોલામાં ઝોન એલસીબીની ટીમે વિદેશી દારૂનું કટીંગ અને જથ્થો ઝડપી પાડ્યો હતો. સોલા ગામમાં ઘોડાના તબેલામાં બે શખ્સ વિદેશી દારૂનું ગાડીમાં કટીંગ કરી રહ્યા હતા ત્યારે એલસીબીની ટીમે પહોંચી તેમને ઝડપી પાડ્યા હતા. તો પીસીબીની ટીમે ચાંદલોડિયાના રાજીવનગરમાં ઘરમાં મોંઘી વિદેશી દારૂની બોટલો કબજે કરી હતી. એક જ દિવસમાં અલગ અલગ બે એજન્સીઓએ સોલા પોલીસની જાણ બહાર દરોડા પાડી દારૂ ઝડપી પાડ્યો છે.

પીસીબીની ટીમને બાતમી મળી હતી કે શહેરના સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાંદલોડિયામાં રાજીવનગર ગલી નંબર 4 ખાતે ગુલાબસિંહ વાઘેલાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો પડ્યો છે અને તેને સગેવગે કરવામાં આવનાર છે. જેના આધારે પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી અને મકાન પર પહોંચતા તાળું માર્યું હતું જેથી મકાનને તાળું તોડી ખોલતા ઘરમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં બિયર સહિત અલગ અલગ મોંઘી વિદેશી દારૂની બોટલો ઘરમાંથી મળી આવી હતી.

પોલીસે ગણતરી કરતા અલગ અલગ મોંઘી વિદેશી દારૂની બોટલ સહિત 95 જેટલી બોટલ રૂપિયા 1.62 લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. મોંઘો વિદેશી દારૂનો જથ્થો ઘરમાં મૂકી રાખ્યો હતો. સોલા અને આસપાસના વિસ્તારમાં દારૂની બોટલો ગ્રાહકોને આપવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. હાલ પોલીસે આ તમામ બોટલો કબજે કરી આરોપીને ઝડપવાની તજવીજ હાથ ધરી છે.

બીજી તરફ ઝોન વન એલસીબીની ટીમને બાતમી મળી હતી કે સોલા ગામ ખાતે રબારીવાસમાં ચેહર નગરમાં એક ઘોડાનો તબેલો આવેલો છે જેમાં ગાડીમાં કેટલાક લોકો વિદેશી દારૂનું કટિંગ કરી રહ્યા છે જેના આધારે પોલીસે દરોડો પાડયો હતો, ત્યારે ગાડીમાં બે વ્યક્તિ મળી આવ્યા હતા. અશોક રાવળ અને ફેનીલ શર્મા નામના બે યુવક હાજર હતા ત્યારે ગાડીમાં તપાસ કરતા દારૂ અને બિયરની અલગ અલગ બોટલો મળી આવેલી હતી. કુલ 211 જેટલી દારૂની અને બીયરની બોટલોનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી દારૂનો જથ્થો કોને આપવાનો હતો તે અંગે તપાસ શરૂ કરી છે.

## વહેલી સવારે તેઓ બસ ઉપાડવા માટે જાગ્યા ત્યારે ટાંકીનું ઢાંકણ તૂટેલું જોવા મળ્યું હતું

# સરકારી બસમાંથી 100 લિટર ડીઝલની ચોરી, પોલીસ પેટ્રોલિંગના દાવા પોકળ

• અમદાવાદ




છેલ્લા કેટલાક દિવસથી અમદાવાદમાં ચોરીની ઘટનામાં વધારો થઈ રહ્યો છે. હવે બોપલમાં આવેલા લાલગેબી આશ્રમના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી ST બસને તસ્કરોએ નિશાન બનાવી છે. અહીં પાર્ક કરેલી ST બસમાંથી તસ્કરો 100 લિટર જેટલું ડીઝલ ચોરી કરીને ફરાર થઈ ગયા છે. આ ઘટના અંગે બસના ડ્રાઈવરે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ST ડ્રાઈવર પરસોત્તમકુમાર બારીયાએ આ ડીઝલ ચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જે મુજબ, ગત તારીખ 21 ફેબ્રુઆરીએ તેઓ સુરત-અમદાવાદ-બોપલ રૂટની બસ લઈને આવ્યા હતા. તેમણે રાત્રિ રોકાણ માટે લાલગેબી આશ્રમ ખાતે બસ પાર્ક કરી હતી. આ પછી તેઓ અહીં જ એક ઓટલા પર સૂઈ ગયા હતા અને ગાઢ નિદ્રામાં હતા.

જે બાદ વહેલી સવારે તેઓ બસ ઉપાડવા માટે જાગ્યા ત્યારે ટાંકીનું ઢાંકણ તૂટેલું જોવા મળ્યું હતું. જે બાદ બસમાં ડીઝલનો કાંટો પણ ઓછો બતાવતા જાણવા મળ્યું હતું કે, તસ્કરો ડીઝલ ટાંકી અને સેન્સરનું ઢાંકણ તોડી ટાંકીમાંથી 100 લિટર ડીઝલ ચોરી ગયા છે. આ ઘટના અંગે ડ્રાઈવર અને કંડક્ટરે સાણંદ ડેપો અને સુરતની કચેરીએ જાણ કરી હતી. જે બાદ તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.આ ઘટના પરથી એક વાત સ્પષ્ટ છે કે અમદાવાદ જેવા સ્માર્ટ સીટીમાં જ્યાં 24 કલાક પોલીસ પેટ્રોલિંગના દાવા થઈ રહ્યા છે. શહેરના દરેક ખૂણે ખાંચકે CCTVનો પહેરો છે તેમ છતાં ચોરો પોલીસને પડકાર ફેંકી સરળતાથી કોઈ ડર વગર ચોરી અને લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. ક્યાંકને ક્યાંક પોલીસ જે નાની-નાની ચોરીની ઘટનાઓને અવગણી રહી છે તેનું જ આ પરિણામ હોઈ શકે.

# ઓલપાડ પોલીસે આંધી પાટીયા પાસેથી છેલ્લા સાત વર્ષથી નાસતા વોન્ટેડ આરોપીને ઝડપ્યો

## આરોપી હિતેશ પ્રજાપતિ વિરૂધ્ધ કામરેજ પોલીસ મથકમાં પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધાતા નાસતો- ફરતો હતો

• ઓલપાડ,તા.૨૭

ઓલપાડ પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફે પેટ્રોલિંગ દરમ્યાન પ્રોહી.ગુનામાં છેલ્લા સાત વર્ષથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને આંધી પાટીયા પાસે થી દબોચી લીધો છે.



શુક્રવાર,તા.૨૭ ના રોજ ઓલપાડ પોલીસ મથકનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો,તે દરમ્યાન અ.હે.કો.જગદીશ ઠાકોર તથા અ.હે. કો.મુકેશ જેરામને સંયુકત બાતમી મળી હતી કે,કામરેજ પોલીસ મથકમાં સનેઃ ૨૦૧૯ માં પ્રોહી. એકટ મુજબ નોંધાયેલ ગુનાનો વોન્ટેડ આરોપી હિતેશ પ્રહલાદ પ્રજાપતિ(ઉ.વ.૩૫)રહે૧૩૯,સેંટોસા ગ્રીનસીટી સોસાયટી, ગાર્ડનસીટી નજીક, અંકલેશ્વ.જિ .ભરૂચ(મુળ વતની સિરોહી-રાજસ્થાન)હાલમાં ઓલપાડ- કીમ રોડ ઉપર આંધી પાટીયા પાસે નાસ્તાની લારી પાસે ઉભો છે.જેના શરીરે ભુરા કલરની ટી શર્ટ તથા કમરે રાખોડી કલરનો નાઈટ ટ્રેક પહેરેલ છે.આ બાતમીના પગલે પોલીસ ટીમે

છાપો મારી આરોપીને દબોચી લીધો હતો.પોલીસે ઝડપાયેલ આરોપીએ પોતાનું નામ હિતેશ પ્રહલાદ પ્રજાપતિ તથા તે સનેઃ૨૦૧૯ થી કામરેજ પોલીસ સ્ટેશનના વિદેશી દારૂના ગુનામાં નાસતો-ફરતો હોવાની કબુલાત કરી હતી. જે કબુલાતના પગલે પોલીસે આરોપી પાસેથી મળી આવેલ રૂ.૫,૦૦૦ નો મોબાઈલ ફોન કબજે લઈ તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આરોપીનો કબજો કામરેજ પોલીસને હવાલે કર્યો છે.

# ફર્નિચર કામ કરવા આવેલા પિતાપુત્રએ જાળ બિછાવી:દીકરાને યુકેના વિઝા અપાવવાના નામે ઠગે સરગાસણના રિક્ષાચાલકના 8.14 લાખ પડાવ્યા

• ગાંધીનગર

ગાંધીનગરના સરગાસણ ગામમાં રહેતા અને રિક્ષા ચાલકના પુત્રને યુકેના વર્ક પરમીટ વિઝા અપાવી દેવાની લોભામણી લાલચ આપી ઘરે ફર્નિચર નું કામ કરવા આવેલા પિતા-પુત્ર સહિત ત્રણ શખસોએ 8.14 લાખની ઠગાઈ આચરતા ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. 25 લાખના બદલે માત્ર 16 લાખમાં વર્ક પરમિટના વિઝા કરાવી આપશે એવો વાયદો કર્યો સરગાસણના રોહિતવાસમાં રહેતા ભરતકુમાર જેઠાભાઈ પરમારે નોંધાવેલી વિગતો મુજબ ત્રણ વર્ષ અગાઉ તેમણે પોતાના ઘરના ફર્નિચરનું કામ સેક્ટર-4/એમાં રહેતા મેહુલભાઈ રેવંતભાઈ પરમારને આપ્યું હતું. આ કામ દરમિયાન મેહુલભાઈ અને તેમના પુત્ર હર્ષિલને જાણ થઈ હતી કે, ભરતકુમારનો દીકરો ચિરાગ યુ.કે. જવા ઈચ્છે છે. આ તકનો લાભ ઉઠાવી મેહુલભાઈએ જણાવ્યું હતું કે, તેમના સાળા મૌલિક મહેન્દ્રભાઈ સોલંકી (રહે. ચાંદખેડા) યુ.કે.માં રહે છે અને વિઝાનું કામ કરે છે. જે અંગે મૌલિક સોલંકીએ ટેલિફોનિક વાતચીતમાં ભરતકુમારને વિશ્વાસમાં લીધા હતા અને ઓળખાણના નાતે 25 લાખના બદલે માત્ર 16 લાખમાં વર્ક પરમિટના વિઝા કરાવી આપશે તેવો વાયદો કર્યો હતો.

ફરાર

## ક્રેડિટકાર્ડ આપવાના બહાને 2.37 લાખની છેતરપિંડી

# આંબાવાડીમાં ક્રેડિટકાર્ડ આપવાના બહાને 2.37 લાખની છેતરપિંડી નિકોલમાં ફોટોગ્રાફર પાસેથી શખ્સ એડવાન્સ રૂપિયા લઈ ફરાર થયો

## આંબાવાડી વિસ્તારમાં રહેતા નિવૃત જીવન ગુજારતા 59 વર્ષીય વ્યક્તિ સાથે સાયબર ઠગીયાઓએ છેતરપિંડી આચરી છે

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં સાયબર ઠગો દિવસેને દિવસે વધુ સક્રિય બની રહ્યા છે. ત્યારે શહેરના આંબાવાડી વિસ્તારમાં રહેતા 59 વર્ષીય નિવૃત્ત વ્યક્તિ સાથે ક્રેડિટકાર્ડ અપાવવાના બહાને 2.37 લાખની છેતરપિંડી આચરવામાં આવી છે. ફરિયાદીએ એચ.એસ.બી.સી બેન્કનું ક્રેડિટ કાર્ડ મેળવવા ઓનલાઈન અરજી કર્યા બાદ અજાણ્યા શખ્સે બેંક અધિકારી બની સંપર્ક કર્યો હતો. ટેક્નિકલ ઈશ્યૂના બહાને દસ્તાવેજો મંગાવી અને પછી લિંક મોકલી વીડિયો કોલ દ્વારા ક્રેડિટ કાર્ડની વિગતો મેળવી બે અલગ ટ્રાન્ઝેક્શનમાં કુલ 2.37 લાખ ટ્રાન્સફર કરી લીધા હતાં. તો બીજી તરફ નિકોલ વિસ્તારમાં લગ્ન ફોટોગ્રાફીના ઓર્ડરના બહાને 33 વર્ષીય યુવક સાથે 10 હજાર રૂપિયાની ઠગાઈ થઈ છે. રાજકોટથી કનુભાઈ વાઘેલા તરીકે ઓળખ આપનાર શખ્સે સિનેમેટિક ફોટોગ્રાફી માટે એડવાન્સ રૂપિયા લઈ લીધા હતા. પરંતુ લગ્નના દિવસે ફોન બંધ કરી ગાયબ થઈ ગયો હતો. બંને ઘટનામાં પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

આંબાવાડી વિસ્તારમાં રહેતા નિવૃત જીવન ગુજારતા 59 વર્ષીય વ્યક્તિ સાથે સાયબર ઠગીયાઓએ છેતરપિંડી આચરી છે. 59 વર્ષીય ફરિયાદીએ એચ.એસ.બી.સી. બેંકનું ક્રેડિટ કાર્ડ મેળવવા ઓનલાઈન અરજી કરી હતી. ત્યારબાદ ડિસેમ્બરમાં અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને એચ.એસ.બી.સી બેન્કમાંથી બોલતો હોવાની ઓળખ આપી હતી. ક્રેડિટકાર્ડની એપ્લિકેશનમાં ટેક્નિકલ ઈશ્યૂમાં કારણે એરર આવતી હોવાનું જણાવ્યું હતું. ફરિયાદીને ઈમેઈલ પર પાનકાર્ડ, પે સ્લીપ મોકલવા કહ્યું હતું.લિંક પર ક્લિક કર્યું ત્યારે સીધો વીડિયોકોલ જનરેટ થઈ ગયો જે બાદ ફરિયાદીએ સ્નેહા પાઠક નામના ઈમેઈલ આઈડી પર ડોક્યુમનેટ મોકલી આપ્યા હતા. 5 ડિસેમ્બરના ફરી ફરિયાદીને ફોન કરીને ઈમેઈલ આઈડી પર લિંક મોકલવામાં આવી હતી. ફરિયાદીને લિંક પર ક્લિક કર્યું ત્યારે સીધો વીડિયોકોલ જનરેટ થઈ ગયો હતો. વીડિયોકોલમાં અજાણ્યા વ્યક્તિએ ફરિયાદી સાથે વાતો કરીને ક્રેડિટકાર્ડ નંબર લઈ લીધો હતો.




જે બાદ પરત જ ફરિયાદીના ક્રેડિટ કાર્ડમાંથી 1,10,217 અને 1,27,980 રૂપિયા ટ્રાન્સફર થયા હોવાનો મેસેજ ફરિયાદીને મળ્યો હતો. જે બાદ ફ્રોડ થયું હોવાનું સામે આવતા ફરિયાદીએ એ.યુ બેંકના કસ્ટમર કેરમાં ફરિયાદ નોંધાવી હતી. પરંતુ 30 દિવસ સુધી રૂપિયા પરત ન મળતા ફરિયાદીએ અજાણ્યા શખ્સો સામે 2,37,197 રૂપિયાની છેતરપિંડીની સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. નિકોલમાં ફોટોગ્રાફર પાસેથી શખ્સ એડવાન્સ રૂપિયા લઈ ફરાર થયો તો નિકોલમાં રહેતા 33 વર્ષીય રવિરાજ સાથે પણ અજાણ્યા શખ્સોએ છેતરપિંડી આચરી છે. રવિરાજ લગ્નમાં ફોટોગ્રાફીનું કામ કરે છે. 7 અને 8 ફેબ્રુઆરીના ફોટોગ્રાફીનો ઓર્ડર બુક કર્યો હતો. જેમાં સિનેમેટિક ફોટોગ્રાફી કરવાની હોવાથી અન્ય ફોટોગ્રાફરની જરૂર પડી હતી. જેથી ફરિયાદીએ ફોટોગ્રાફરના ગ્રુપમાં મેસેજ કરીને જાણ કરી હતી. જે બાદ ફોન્ટ કરીને એક વ્યક્તિએ પોતે કનુભાઈને વાઘેલા રાજકોટથી બોલતા હોવાની ઓળખ આપી હતી. પોતે સિનેમેટિક ફોટોગ્રાફર હોવાનું કહ્યું હતું.સરનામું ખોટું હોવાનું સામે આવ્યું ને ભાંડો ફૂટ્યો જેથી ફરિયાદીને તેનું કામ જોયા બાદ ફોટોગ્રાફી માટે કન્ફર્મ કરવા માટે એડવાન્સ 10,000 રૂપિયા આપ્યા હતા. જે બાદ ફરિયાદીએ લગ્નના દિવસે ફોન કરતા ફોન નંબર બંધ આવી રહ્યો હતો. તેમજ લગ્ન પૂરા થયા છતાં એડવાન્સ રૂપિયા લીધા બાદ ફોટોગ્રાફી આવ્યો નહીં.

ઓર્ડર લેતા સમયે સરનામું આપ્યું હતું ત્યાં જઈને તાપસ કરતા સરનામું ખોટું હોવાનું સામે આવ્યું હતું. જેથી છેતરપિંડી આચરવામાં આવી હોવાનું સામે આવતા ફરિયાદીએ નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## બ્યુરોક્રેટ્સ ઈન્ડિયા' દ્વારા જાહેર કરાયેલ 'ટોપ 25 ચેન્જમેકર્સ 2025' યાદીમાં

# ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવનો સમાવેશ

**સુશાસનને આધુનિક** | વિદેશ સચિવ, વિવિધ રાજ્યોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે

આ યાદીમાં આઈએએસ, આઈપીએસ, આઈએફએસ તેમજ કેન્દ્રિય સિવિલ સેવાઓના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત વિદેશ સચિવ, વિવિધ રાજ્યોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય ડાક સેવાના અધિકારી કૃષ્ણ કુમાર યાદવે ટેકનોલોજી આધારિત અને નાગરિક કેન્દ્રિત પહેલોના માધ્યમથી અંતિમ છોર સુધી સુશાસનને આધુનિક બનાવ્યું છે. બ્યુરોક્રેસી શાસનની રીડ તરીકે કાર્ય કરે છે, જે જમીન સ્તર પર નીતિઓનો અમલ કરે છે અને વિકાસના લાભો દરેક નાગરિક સુધી પહોંચે તેની ખાતરી કરે છે. પોતાના સમર્પણ અને પ્રશાસનિક નેતૃત્વ દ્વારા અધિકારીઓ સંસ્થાઓને સશક્ત બનાવવામાં, સેવા પ્રદાન વ્યવસ્થામાં સુધારો લાવવામાં તેમજ જમીન સ્તરે અર્થપૂર્ણ પરિવર્તન સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ જ અનુસંધાને 'બ્યુરોક્રેટ્સ ઈન્ડિયા' દ્વારા વર્ષ 2025 માટે અખિલ ભારતીય સ્તરે જાહેર કરાયેલ "ટોપ 25 ચેન્જમેકર્સ" યાદીમાં ભારતીય ડાક સેવાના વરિષ્ઠ અધિકારી અને હાલ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવનું નામ પણ સામેલ કરવામાં આવ્યું છે. આ સન્માન તેમના ઉત્તમ નેતૃત્વ, નવીનતા અને લોકસેવા પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. આ યાદીમાં વરિષ્ઠ આઈએએસ, આઈપીએસ, આઈએફએસ તેમજ કેન્દ્રિય સિવિલ સેવાઓના અધિકારીઓ ઉપરાંત વિદેશ સચિવ, વિવિધ રાજ્યોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોનો પણ સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશના આઝમગઢ જિલ્લાના વતની, નવોદય વિદ્યાલય



અને અલ્હાબાદ યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી તથા ભારતીય ડાક સેવાના વર્ષ 2001 બેચના અધિકારી શ્રી કૃષ્ણ કુમાર યાદવ હાલ ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદ ખાતે પોસ્ટમાસ્ટર જનરલ તરીકે કાર્યરત છે. ઈન્ડિયા પોસ્ટમાં બે દાયકાથી વધુ સમયના સેવાકાળ દરમિયાન તેમણે ટેકનોલોજી આધારિત અને નાગરિક કેન્દ્રિત પહેલો દ્વારા અંતિમ છોર સુધી સુશાસનને આધુનિક અને કાર્યક્ષમ સ્વરૂપ આપ્યું છે. સુરત, લખનઉ, કાનપુર, અંડમાન અને નિકોબાર, પ્રયાગરાજ, જોધપુર, વારાણસી અને અમદાવાદ સહિત વિવિધ વિસ્તારોમાં સેવાઓ આપતાં તેમણે પ્રશાસનિક કાર્યક્ષમતા અને ડિજિટલ સેવાપ્રદાન વ્યવસ્થાને મજબૂત બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. વર્તમાનમાં, પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ગુજરાતના પ્રથમ જેન-ઝી થીમ આધારિત પોસ્ટ ઓફિસનું ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થા, ગાંધીનગર ખાતે ઉદ્ઘાટનનું નેતૃત્વ કર્યું હતું. આ પહેલ માનનીય કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાના તે દ્રષ્ટિકોણને અનુરૂપ છે, જેમાં પોસ્ટ ઓફિસોને યુવા-કેન્દ્રિત અને ટેકનોલોજી સક્ષમ કેન્દ્રોમાં પરિવર્તિત કરવામાં આવી રહી છે. પ્રશાસનિક જવાબદારીઓ ઉપરાંત શ્રી કૃષ્ણ કુમાર યાદવ પ્રતિષ્ઠિત સાહિત્યકાર, લેખક, કવિ અને બ્લોગર તરીકે પણ ઓળખાય છે. સામાજિક અને સમકાલીન વિષયો પર તેમનું સક્રિય લેખન લોકસેવાને સાહિત્યિક અભિવ્યક્તિ અને જનસંવાદ સાથે જોડતું સશક્ત માધ્યમ છે. સમાવેશી શાસનને મજબૂત બનાવવાથી લઈને જાહેર સેવા પ્રદાનમાં ટેકનોલોજીના અસરકારક અને નવીન ઉપયોગ સુધી, ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે નાગરિકોના જીવનમાં સકારાત્મક અને સ્થાયી પરિવર્તન સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

# રાજપીપળાના વૈષ્ણવ મન્દીરોમાં હોળીના 40 દિવસ પૂર્વે વૈષ્ણવ સમ્પ્રદાયની મહિલાઓ દ્વારા ખેલાયેલી રશિયા હોલી

## ફૂલો અને રંગો ઉડાડી રાધા કૃષ્ણના સખ્યભાવથી ભક્તિભાવથી હોળીના ગીતો ગાઈ હોળી રમતી વૈષ્ણવ મહિલાઓ

• રાજપીપળા :તા 27

રાજપીપળા ખાતે વૈષ્ણવ મન્દિરમાં હોળી પૂર્વે વૈષ્ણવ સમ્પ્રદાયની મહિલાઓ દ્વારા ફૂલો અને રંગોની રશિયા હોળીની રમઝટ બોલાવી હતી.-જેમા જેમા રાજપીપળાની વૈષ્ણવ. મહિલાઓ ભેગા મળીને હોળીના વધામણા લઈ રશીયા હોળીની રમઝટ બોલાવી હતી

વૃંદાવનમાં જે પરંપરાગત હોળીનો ઉત્સવ હોળી ના 40 દિવસ પહેલાથી ઉજવાય છે તે જ પ્રથાથી નર્મદાના રાજપીપળા શહેરમાં આજે પણ વૈષ્ણવસમાજ દ્વારા અનોખી હોળી રમવામાં આવે છે.

આમ તો હોળીનો તહેવાર ભારતભરમાં ઉજવવામાં આવે છે પરંતુ જે વૃંદાવન માં હોળી ઉજવામાં આવે છે તેનું કારણ એજ છેકે એક માન્યતા મુજબ કૃષ્ણ એ ચાર સખીઓનું વૃંદ બનાવી ચાલીસ દિવસ સુધી હોળી મનાવી હતી જેમાં ચોથું એ આ પુષ્ટીમાંગીય વૈષ્ણવ સમાજ અને તેથીજ આ સમાજની બહેનો



અને ભાઈઓ હોળીના 40દિવસ પહેલાથીજ રસિયાના નામથી કૃષ્ણભક્તિમાં લીન થઈ રંગ અને ગુલાલની હોળી મનાવી કૃષ્ણભક્તિ કરે છે પુષ્ટિ માર્ગીય ઉત્સવ પરમ્પરામા વસંતોત્સવ નુ વિશેષ ધર્મિક મહત્વ છે .વસંતપંચમીથી 40 દિવસસુધી રંગોત્સવ મનાવવાની પ્રથા છે .જેના ભાગ રુપે રાજપીપળા ખાતે વૈષ્ણવ સમ્પ્રદાયની મહિલાઓ મોટી સંખ્યા મા એકત્ર થઈ ફૂલો અને રંગો ઉડાડીને રશીયા હોળીના ગીતો ગાઈ નૃત્યગાન સાથે રશીયા હોળીની રમઝટ બોલાવી હતી જેમા વ્રજમા રમાતી રાધા કૃષ્ણની વ્રજની હોળી રમવાની પ્રાચિન પરમ્પરાને વૈષ્ણવ સમ્પ્રદાયની મહિલાઓએ જાળવી રાખી છે.હોળીના 40 દિવસ પૂર્વે વૈષ્ણવ સમ્પ્રદાયની મહિલાઓ કૃષ્ણ મંદિર ,શેરીઓમા કૃષ્ણમય ભક્તિ ના રંગે રંગાઈ ને વ્રજની પરમ્પરા ને જાળવી રાખીહતી .તેમાં પ્રભુ ભક્તિ નો રંગ ભેળવી રાધા કૃષ્ણના સંખ્ય ભાવથી રશિયાનુ ગાન કરીને ફૂલો અને રંગોની હોળી રમી હોળીના ફાગને વધાવ્યા હતા .

તસવીર :દીપક જગતાપ ,રાજપીપળા,

## રાજ્યમાં કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાન પેટે સરકારે રેકોર્ડબ્રેક સમયમાં

# કુલ ૩૦.૫૫ લાખથી વધુ ખેડૂતોને રૂ.૮,૭૪૦ કરોડથી વધુની સહાય ચૂકવી:કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

ગુજરાત વિધાનસભા સત્ર દરમિયાન રાજ્યના ખેડૂતોને ચૂકવવામાં આવેલી સહાય અંગે માહિતી આપતા કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાન સંદર્ભે રાજ્યભરમાંથી અંદાજે ૩૦.૭૧ લાખ જેટલા ખેડૂતોએ અરજી કરી હતી. જેમાંથી અત્યાર સુધીમાં અંદાજે ૩૦.૫૫ લાખ ખેડૂતોને રૂ. ૮,૭૪૦ કરોડથી વધુની સહાયની રકમ ચૂકવી દેવામાં આવી છે, જ્યારે બાકી રહેલી ટેકનિકલ ખામીવાળી અરજીઓની પૂર્તતા થતાં જ તેમને પણ તુરંત સહાયની ચૂકવણી કરવામાં આવશે.કૃષિ મંત્રી શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં થયેલ અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદ સામે ખેડૂતોને આર્થિક મદદ મળી રહે તે માટે રાજ્ય સરકારે રૂ. ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું છે, જે અત્યાર સુધીનું સૌથી મોટું પેકેજ છે. વધુમાં, સામાન્ય રીતે નુકસાનીના આંકલનમાં મહિનાઓ નીકળી જતા હોય છે, પરંતુ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા ખૂબ જ ટૂંકા ગાળામાં પંચરોજકામની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી તેમજ અરજી કરવાની મુદતમાં પણ વધારો કરવામાં આવ્યો હતો જેથી કોઈ પણ અસરગ્રસ્ત ખેડૂત સહાયથી વંચિત રહી જાય નહીં.હેક્ટર દીઠ સહાય વિશે જણાવતા મંત્રી શ્રી વાઘાણીએ કહ્યું હતુંકે, ખરીફ ઋતુના વાવેતરમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂ. ૮,૫૦૦ની સહાય તેમજ રાજ્ય બજેટ હેઠળ વધારાની રૂ.૧૩,૫૦૦ એમ કુલ રૂ.૨૨,૦૦૦ પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ બે હેકટરની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવી છે. તેવી જ રીતે વર્ષાયુ/પિયત પાકોમાં SDRF ના રૂ. ૧૭,૦૦૦ તથા રાજ્ય બજેટ હેઠળ વધારાની રૂ. ૫,૦૦૦ એમ કુલ રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેકટર તેમજ બહુવર્ષાયુ પાકોમાં SDRF ના રૂ. ૨૨,૦૦૦ની સહાય પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ બે હેકટરની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવી છે.

# પાવાગઢ મંદિર ખાતે 2 માર્ચના રોજ સાંજે 6 કલાકે હોલિકા દહન કરવામાં આવશે



પાવાગઢ મંદિર ખાતે 2 માર્ચના રોજ સાંજે 6 કલાકે હોલિકા દહન કરવામાં આવશે. સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ મંદિર ખાતે 2 માર્ચના રોજ સાંજે 6:00 કલાકે હોળી પ્રગટાવવામાં આવશે 3 માર્ચના રોજ ચંદ્રગ્રહણ હોવાથી પાવાગઢ મંદિરના સમયમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે પૂનમના દિવસે 3 માર્ચ સવારે 5:00 કલાકે આરતી થશે અને સવારે 6:00 વાગ્યા સુધી મંદિરના દ્વાર ખુલ્લા રહેશે 6:00 વાગ્યા બાદ આખો દિવસ મંદિર દર્શનાર્થીઓ માટે બંધ રહેશે 4 માર્ચના રોજ મંદિર ફરીથી રાબેતા મુજબ મંદિરના દ્વાર દર્શનાર્થી માટે ખુલ્લા મુકાશે વર્ષોથી ચાલતી પરંપરા મુજબ શ્રી મહાકાળી મંદિર પાવાગઢ ખાતે હોળી પ્રગટે તે પછી આજુબાજુના ગામોમાં હોળી પ્રગટાવવામાં આવે છે.

## જૂનો રોડ તોડ્યા વિના જ નવો રસ્તો બનાવવાની કામગીરી શરૂ, ચોમાસામાં ઘરોમાં પાણી ભરાવાની ભીતિ

# કપડવંજની કુબેરનગર સોસાયટીમાં પાણી અને રસ્તાના કામમાં મોટા પાયે ભ્રષ્ટાચારના આક્ષેપો: રહીશોમાં ભારે રોષ

કપડવંજ આવેલ કુબેરનગર સોસાયટી માં પીવાના પાણી ની મુખ્ય લાઈન માંથી ગેરકાયદેસર રીતે નગરપાલિકાના વહીવટદાર કર્મચારી દ્વારા કનેક્શન ચાર્જ લીધા સિવાય સોસાયટી માં આવતી ૪'ઈંચ ની પાઈપલાઈન માંથી ૩' ઈંચ નું કનેક્શન આપવામાં આવેલ છે.જેના માટે સોસાયટીના રહીશો અને ચેરમેન,મંત્રી દ્વારા રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થઈ રહેલ નથી.તો શું આમાં પણ ભ્રષ્ટાચાર થયો હશે? કે કેમ? તે પ્રશ્ન હાલ સોસાયટીના રહીશો માં ચર્ચા નો વિષય બનેલ છે. નગર પાલિકા ના આ વોર્ડના ચુંટાયેલા સભ્યો ને પણ સોસાયટી દ્વારા રજૂઆત કરવામાં આવેલ



છે.તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આવી કનેક્શન ચોરી આખા શહેરમાં કેટલા પ્રમાણમાં થતી હશે? અને તેને કારણે પણ નગરપાલિકા ની આવકમાં અસર વર્તાઈ રહી હોઈ શકે છે..આ જાણકારી પછી પણ પગલાં લેવાશે કે કેમ ? તે તો નગરપાલિકાના વહીવટદાર.....જ જાણે.અને આ બાબત પ્રજા પણ જાણે.એ જગ્યાએ હાલ રસ્તાની કામગીરી ચાલી રહી છે તેમાં પણ ભ્રષ્ટાચાર થયો હોય તેવું જણાઈ રહ્યું છે નીચે પાકો રસ્તો તોડ્યા સિવાય ઉપર રોડ કરવામાં આવી રહ્યો છે તેના કારણે રોડની ઊંચાઈ વધી જવાથી અંદરની લાઈનો અને મકાનો નું ચોમાસાના પાણીના નિકાલમાં તકલીફ પડશે તેવું જણાઈ રહ્યું છે. નગરપાલિકાના એન્જિનિયર દ્વારા જણાવવામાં આવેલ છે. કે પાણી નહીં નીકળે તો અમારા ખર્ચે અમે આ રોડ તોડીને નવો રોડ બનાવી આપીશું. પણ નીચે જે રોડ તોડવાનો હતો તે તોડ્યા સિવાય કામગીરી કરવામાં આવેલ છે.

જે અંગે અમારી રજૂઆત કરવા છતાં, આ રોડ નું કામ શરૂ કરવામાં આવેલ છે.

રિપોર્ટર દિપક પરમાર

# આપણે રોજ સવારે ઉઠીએ છીએ, ઓફિસે કે કામે જઈએ છીએ, થાકીને ઘરે આવીએ છીએ અને સુઈ જઈએ છીએ

**શું જિંદગી માત્ર આટલી જ છે? શું ભગવાને આપણને લાખો-કરોડો વર્ષો પછી આ મનુષ્ય અવતાર માત્ર 'વીતેલા દિવસો' ગણવા માટે આપ્યો છે?**



આપણે રોજ સવારે ઉઠીએ છીએ, ઓફિસે કે કામે જઈએ છીએ, થાકીને ઘરે આવીએ છીએ અને સુઈ જઈએ છીએ. શું જિંદગી માત્ર આટલી જ છે? શું ભગવાને આપણને લાખો-કરોડો વર્ષો પછી આ મનુષ્ય અવતાર માત્ર 'વીતેલા દિવસો' ગણવા માટે આપ્યો છે? ના, ક્યારેય નહીં! પણ કડવું સત્ય એ છે કે આપણે દુનિયાની નજરમાં સારા દેખાવા માટે આપણી અંદર રહેલા અસલી માણસને મારી નાખ્યો છે.મિત્રો, જિંદગીમાં સફળતા એને જ મળે છે જે 'કંફર્ટ ઝોન' (આરામની દુનિયા) છોડવાની હિંમત રાખે છે. યાદ રાખજો, આરામ એ આળસનું ઘર છે અને સંઘર્ષ એ સફળતાનું સરનામું. જો તમારે ઈતિહાસ લખવો હોય, તો 'સેફ ગેમ' રમવાનું છોડીને મેદાનમાં ઉતરવું જ પડશે. કિનારે ઉભેલા વહાણો હંમેશા સુરક્ષિત હોય છે, પણ વહાણો કિનારે ઉભા રહેવા માટે નથી બનતા, એ તો મધદરિયે મોજાંઓને ચીરવા માટે બને છે. તમારી જિંદગીનું વહાણ ક્યાં ઉભું છે? જો ડરના કિનારે ઉભા હશો, તો ક્યારેય સફળતાનો સાગર પાર નહીં કરી શકો.ઘણા લોકો કહે છે, 'હાર્દિકભાઈ, મારી પાસે પૈસા નથી, મારી પાસે સપોર્ટ નથી.' અરે સાહેબ, જેની પાસે કંઈ નથી હોતું એની પાસે ખોવા માટે પણ કંઈ નથી હોતું! જેના સપનામાં જીદ હોય છે ને સાહેબ, એને નસીબના સહારે બેસવાની જરૂર નથી પડતી. ઈતિહાસ એ લોકો નથી લખતા જેઓ રસ્તો શોધે છે, ઈતિહાસ તો એ લખે છે જેઓ પોતાના દમ પર રસ્તો બનાવે છે! તમારી મહેનતને એટલી બળવાન બનાવો કે વિધાતાએ લખેલા લેખ પણ બદલવા મજબૂર થઈ જાય.આપના વાચકોને એક જ વાત પૂછવી છે: તમે તમારા સપનાઓ માટે છેલ્લે ક્યારે પાગલ થયા હતા? જો તમારા સપના તમને ઊંઘવા દેતા હોય, તો સમજી લેજો કે એ સપના નથી, માત્ર એક સામાન્ય ઈચ્છા છે. જે દિવસે તમારા સપના તમારી ઊંઘ કરતા મોટા થઈ જશે ને, તે દિવસે આખી દુનિયા તમારી સામે ઝૂકશે!આ દુનિયા જીતવા માટે છે, હારવા માટે નહીં. હાર એ અંત નથી, પણ સુધરવાની એક તક છે. કાંટા રસ્તામાં આવશે જ, પણ એ જ તો તમને પગ ઉપાડીને ચાલતા શીખવશે. લોકો તમારી ટીકા કરે તો કરવા દો, યાદ રાખજો કે જે ઝાડ પર મીઠાં ફળ હોય છે ને, પથ્થર એને જ વાગે છે. તમારી ટીકા થાય છે એનો મતલબ એ છે કે તમે પ્રગતિ કરી રહ્યા છો.અરે સાહેબ, જે દિવસે તમે ખાલી હાથે આ દુનિયા છોડશો ને, ત્યારે પાછળ વળીને જોજો કે તમે શું કમાયા? જો તમારા ગયા પછી ચાર લોકોના હૈયામાં તમારા માટે માન ન હોય, તો સમજજો કે તમે જિંદગી જીવ્યા નથી, માત્ર પૃથ્વી પર બોજ બનીને રહ્યા છો. તમારી સફળતાનો સિક્કો એવો વગાડો કે જ્યારે તમે શાંત થાઓ ને, ત્યારે આખી દુનિયા તમારી ખોટ અનુભવે. યાદ રાખજો, જે માટીમાં ભળવા માટે જન્મ્યા છો ને, એ જ માટી પર જો તમારું નામ છોડીને નહીં જાઓ, તો તમારા અને રસ્તા પર પડેલા પથ્થર વચ્ચે કોઈ ફરક નથી. કાયર બનીને જીવતા તો કીડા-મકોડાને પણ આવડે છે, તમે મનુષ્ય છો... ત્રાડ પાડો એવી કે નસીબ પણ પોતાનો રસ્તો બદલી નાખે! કારણ કે.'મંજિલ તેમને જ મળે છે જેમના સપનામાં જાન હોય છે,પાંખોથી કંઈ નથી થતું, સાહેબ... હોંસલાથી ઉડાન હોય છે!'આજથી જ નક્કી કરો–તમારે ભીડમાં ઉભા રહેવું છે કે એવા વ્યક્તિ બનવું છે જેના માટે ભીડ ઉભી રહે? નિર્ણય તમારો છે. ઉઠો, તમારી અંદરના આળસના અંધકારને ચીરી નાખો અને એક નવા સૂરજની જેમ ઉગો. તમારામાં એ બધું જ છે જે એક વિજેતામાં હોવું જોઈએ. બસ, એક વાર પોતાની જાતને ઓળખી લો!

–હાર્દિક ચંદારાણા (રાજકોટ)

(લેખક વ્યવસાયે એન્જિનિયર અને પ્રેરક ચિંતક છે.)

**સભાં યોજાઈ** જિલ્લા મહામંત્રી હિતેશભાઈ મોઢવાડિયા પણ તેમની ટીમ સાથે હાજર રહ્યા હતા

# કુતિયાણાના ખાગેશ્રી ગામે આપની પરિવર્તન લાવો, કિસાન બચાવો અંતર્ગત ભવ્ય ખાટલા સભાં યોજાઈ

**આપણા પ્રદેશ પ્રમુખ ઈશુદાન ભાઈ ગઢવી સહિતના નેતાઓના આકરા પ્રહારો; ખેડૂતો અને યુવાનોના મુદ્દાઓ ઉઠ્યા**



• ગોસા(ઘેડ) તા. ૨૭

પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના ખાગેશ્રી ગામે આમ આદમી પાર્ટીની "પરિવર્તન લાવો, કિસાન બચાવો" યાત્રા અંતર્ગત ખાટલા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈશુદાનભાઈ ગઢવી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ અને ખેડૂત હક્કોના અગ્રેસર નેતા પ્રવીણ રામ, પ્રદેશ મહામંત્રી મનોજભાઈ સોરઠીયા તથા વિદ્યાર્થી સંગઠનના પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયા ઉપસ્થિત રહ્યા હતા અને વિશાળ જનસમૂહને સંબોધ્યો હતો.

આ બેઠકનું આયોજન કુતિયાણા વિધાનસભા પ્રભારી મેરુભાઈ ઓડેદરા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પોરબંદર આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ પરબતભાઈ,પોરબંદર શહેર પ્રમુખ નૂતનબેન ગોકાણી, તેમજ પ્રભારી ચેતનભાઈ સવજાણી, યુવા પ્રમુખ અમિતભાઈ ખોડા તેની યુવા ટિમ સાથે હાજર રહ્યા હતા તેમજ સમગ્ર આમ આદમી પાર્ટી ની ટીમ પણ ખાગેશ્રી ખાતે હાજરી આપેલ હત અને તમામે પધારેલા મહેમાનનો સુતરની આંટી સ્વાગત કરેલું હતુ..

જિલ્લા મહામંત્રી હિતેશભાઈ મોઢવાડિયા પણ તેમની ટીમ સાથે હાજર રહ્યા હતા. અને મહેમાનો નું સ્વાગત વિવિધ આગેવાનો દ્વારા સુતરની આંટી પહેરાવી કરવામાં આવ્યું હતું. ઈશુદાન ગઢવીનું સ્વાગત માલધારી સમાજના આગેવાન અને ખાગેશ્રી તાલુકા સીટના પ્રભારી ચનાભાઈ ભરવાડે કર્યું હતું. પ્રવીણ રામનું સ્વાગત હિતેશભાઈ મોઢવાડિયાએ, મનોજભાઈ સોરઠીયાનું સ્વાગત પરબતભાઈ બાપોદરાએ અને વિદ્યાર્થી નેતા ધાર્મિક માથુકિયાનું સ્વાગત અમરદડ જિલ્લા પંચાયત સીટના પ્રભારી વિપુલભાઈ કદાવલાએ કર્યું હતું.

ખાટલા બેઠકમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત જનતાને સંબોધતા પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા અને ખેડૂતોને થતા અન્યાય સામે લડત માટે પરિવર્તન જરૂરી હોવાનું જણાવ્યું હતું. ઉપસ્થિત લોકોએ હાથ ઊંચા કરી પરિવર્તન માટે તૈયાર હોવાનું દર્શાવ્યું હતું.તેમણે ગ્રામ્ય વિસ્તારોના પ્રશ્નો, ખેડૂતોને પાકના યોગ્ય ભાવ, યુવાનોને રોજગાર અને સામાન્ય નાગરિકોને મૂળભૂત સુવિધાઓ ન મળવાના મુદ્દાઓ ઉઠાવ્યા હતા. તેમના ધારદાર પ્રવચનને ઉપસ્થિત લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યું હતું.ખેડૂત નેતા પ્રવીણ રામે પોતાના સંબોધનમાં જેલવાસ બાદ પણ ખેડૂતોના હક્ક માટે લડત ચાલુ રાખવાની વાત કરી હતી અને સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આગામી નગરપાલિકા અને પંચાયત ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારોને જંગી બહુમતીથી જીતાડવા આહ્વાન કર્યું હતું.

**ટીમ દ્વારા ખીરસરા ગામથી પડવલા જવાના રસ્તા પર વોચ ગોઠવવામાં આવી હતી**

# રાજકોટ રૂરલ LCBએ ખીરસરા ગામની દિવસની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો: પિતા-પુત્રની જોડી મુદ્દામાલ સાથે ઝડપાઈ

**૨.૧૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત** ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી ચોરીના ગુનામાં બે આરોપીઓની ધરપકડ

• રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં વણશોધાયેલા મિલકત વિરોધી ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા આપવામાં આવેલી કડક સૂચનાઓને પગલે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ને મોટી સફળતા મળી છે. ભાયાવદર પોલીસ સ્ટેશન હેઠળના ખીરસરા ગામે ભરદિવસે થયેલી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી પોલીસે બે શખ્સોને મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. રાજકોટ રેન્જ આઈ.જી. અશોક કુમાર યાદવ અને એસ.પી. વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ એલસીબી પી.આઈ. વી.વી. ઓડેદરાની ટીમ આ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા કાર્યરત હતી.



એલસીબી સ્ટાફ દ્વારા હ્યુમન સોર્સ, ટેકનિકલ સોર્સ અને ડોગ સ્કોડની મદદથી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખાનગી રાહે મળેલી ચોક્કસ બાતમીના આધારે, ટીમ દ્વારા ખીરસરા ગામથી પડવલા જવાના રસ્તા પર વોચ ગોઠવવામાં આવી હતી. જ્યાંથી શંકાસ્પદ હાલતમાં મળી આવેલા બે શખ્સોની પૂછપરછ કરતા તેઓએ ખીરસરા ગામે થયેલી દિવસની ઘરફોડ ચોરીની કબૂલાત કરી હતી.

પોલીસે આ ગુનામાં પિતા-પુત્રની જોડીની ધરપકડ કરી છે, જેમના નામ જકશીભાઈ ઉર્ફે જગો બાઘુભાઈ (બાબુભાઈ) વાઘેલા તથા તેમનો પુત્ર કીશનભાઈ જકશીભાઈ વાઘેલા (રહે. બંને ખીરસરા ગામ, પડવલા રોડ, તા. ઉપલેટા) ની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલી રોકડ રકમ અને અન્ય ચીજવસ્તુઓ જપ્ત કરી છે જેમાં રોકડ રકમ: ૨,૦૧,૦૦૦/-

મોબાઈલ ફોન: ૨ નંગ (કિંમત ૧૦,૦૦૦/-) ગોંડલ માર્કેટ યાર્ડનું જય દ્વારકાધીશ ટ્રેડિંગ કંપનીનું બિલ.

કુલ કિંમત: ૨,૧૧,૦૦૦/- કબજે કરવામાં આવ્યું હતું

આ કામગીરીમાં એલ.સી. બી.ના પી.આઈ. વી.વી.ઓડેદરા, પી.એસ.આઈ. એચ.સી.ગોહીલ, આર.વી.ભીમાણી, કે.એમ.ચાવડા તથા એ.એસ.આઈ. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, ભાવેશભાઈ ચાવડા, અનિલભાઈ બળકોદીયા, તથા હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ જાડેજા, મનીષભાઈ વરૂ, રમણીકભાઈ મણવર, અર્જુનભાઈ ડવેરા, મનદીપસિંહ જાડેજા, ધર્મેન્દ્રભાઈ, શક્તિસિંહ જાડેજા, નીંકુજભાઈ સુતરીયા, ઈશીતભાઈ માણાવદરીયા, શક્તિસિંહ ઝાલા, ભરતભાઈ ગમારા અને અબ્દુલભાઈ શેખ સહિતની ટેકનિકલ અને ડોગ સ્કોડની ટીમો જોડાઈ હતી.

# જુનાગઢના ચકચારી ખુન કેસમાં પોરબંદર પંથકના આરોપી રાજુ હુણને જામીન આપતી ડીસ્ટ્રીકટ કોર્ટ

**પોરબંદરના જાણીતા એડવોકેટ ભરતભાઈ લાખાણી ની દલીલ માન્ય રાખતી કોર્ટ**

• ગોસા(ઘેડ) તા.૨૬



જુનાગઢમાં દિવાળીના સમયે સામ સામે ફટાકડા ફોડવા સંબંધેની તકરારમાં જુનાગઢના જ રહેવાસી દિવ્યાંગ ઉર્ફે યશ વિનોદભાઈ ચુડાસમા નું ખુન થઈ ગયેલુ હોય અને તે સંબંધે અલગ અલગ ૫(પાંચ) આરોપીઓ સામે પોલીસ દ્વારા ગુન્હો દાખલ કરેલો હતો. અને તે પૈકી એક આરોપી મુળ પોરબંદર પંથકનો હોય જે રાજુ અરજન હુણ નું પણ નામ ખુલેલુ હોય અને ફરીયાદ મુજબ આરોપીએ લોખંડ નો પાઈપ ગુજરનારને મારેલો હોય તેવો સ્પષ્ટ આક્ષેપ ફરીયાદીએ ફરીયાદમાં કરેલો હતો. અને તેનુ ચાર્જશીટ ફાઈલ થઈ જતા પોરબંદરના એડવોકેટ ભરતભાઈ લાખાણી મારફતે જુનાગઢ ડીસ્ટ્રીકટ કોર્ટમાં રાજુ હુણ ની રેગ્યુલર જામીન અરજી મુકેલી હતી. અને તેમાં થયેલી દલીલો મુજબ '' ફરીયાદી એ પોતાની ફરીયાદમાં હાલના આરોપી દ્વારા લોખંડનો પાઈપ મારેલ હોવાનુ અને તેના કારણે જ ગુજરી ગયેલ હોવાનુ જણાવેલુ હોય પરંતુ પોલીસ તપાસમાં બનાવ વાળી જગ્યાના સી. સી. ટીવી કેમેરા નું રેકોડીંગ તથા તે સંબંધેનું ટ્રાન્જીટ રેકોર્ડ એટલે કે, કેમેરામાં જે બાબત દેખાતી હોય તેને શબ્દોથી વર્ણાવેલી હોય અને તેમાં આરોપી રાજુ હુણ ના હાથમાં કોઈ હથીયાર જ ન હોય અને ગુજરનાર ને રામશીભાઈ બારડ દ્વારા ગુજરનારને તથા અન્ય હાજર વ્યકિતઓને લાકડીઓથી માર મારતા હોવાનુ અને બીજા આરોપી જયશ્રીબેન રામભાઈ દ્વારા ગુજરનાર ને છરી મારેલ હોય તેવુ કેમેરાના રેકોડીંગમાં સ્પષ્ટ દેખાતુ હોય અને તે રીતે ફરીયાદીએ ફરીયાદમાં સાવ જુદી બાબતો જણાવેલી હોય જયારે વાસ્તવીકતા સાવ જુદી જ હોય અને હાલના આરોપીએ કોઈ એકટીવ ભાગ ભજવેલ હોય તેવુ કયાંય રેકોડીંગમાં ફલીત થતુ ન હોય ઓચીતાનો બનાવ બનેલ હોવાના કારણે કોઈ કાવતરૂ રચવાનો પ્રશ્ન રહેતો ન હોય તે સંબંધેની વિગતવાર દલીલ કરતા જુનાગઢ ના નામદાર ડીસ્ટ્રીકટ જજશ્રી દ્વારા પોલીસ પેપર્સ તથા એડવોકેટની દલીલ ધ્યાને રાખી શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરેલ છે.આ કામમા આરોપી વતી પોરબંદરના જાણીતા એડવોકેટ ભરતભાઈ બી. લાખાણી, નવઘણ જાડેજા તથા જુનાગઢ ના એડવોકેટ દેવેન શુકલ તથા લો સ્ટુડન્ટ નિલેશ એમ. પરમાર દ્વારા જહેમત લીધેલી હતી.

ચીફ રિપોર્ટર વિરમભાઈ કે.આગઠ

# ડાંગ દરબાર ૨૦૨૬: વહીવટી તંત્રની ઘોર બેદરકારી; શૌચાલયો સુવિધા વિહોણા

• આહવા

ડાંગ જિલ્લાના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસા સમાન 'ડાંગ દરબાર ૨૦૨૬' ના મેળામાં વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. મેળામાં લાખોની જનમેદની ઉમટી રહી છે અને તંત્રએ પ્લોટ ફાળવણી દ્વારા મસમોટી આવક પણ મેળવી છે, પરંતુ મુલાકાતીઓ માટે પાયાની સુવિધા ગણાતા જાહેર શૌચાલયોની હાલત અત્યંત દયનીય જોવા મળી રહી છે.

નામ પૂરતી વ્યવસ્થા: પાણી અને ડ્રેનેજનો અભાવ મેળાના મેદાનમાં ઉભા કરવામાં આવેલા જાહેર શૌચાલયો માત્ર શોભાના ગાઠિયા સમાન સાબિત થયા છે. આ શૌચાલયોમાં પાણીની કોઈ વ્યવસ્થા નથી કે ગંદા પાણીના નિકાલ માટે ડ્રેનેજ લાઈન જોડવામાં આવી નથી. પરિણામે, શૌચાલયો ગંદકીથી ખદબદી રહ્યા છે અને તેનો ઉપયોગ કરવો અશક્ય બન્યો છે. નાના વેપારીઓ, મહિલાઓ અને બાળકોએ ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ખુલ્લામાં શૌચ અને જંગલી જાનવરોનો ભયસુવિધાના અભાવે લોકોએ મજબૂરીવશ નજીકના જંગલ વિસ્તારમાં જવું પડે છે. ડાંગનો આ વિસ્તાર દીપડા જેવા હિંસક વન્ય જીવોનો રહેઠાણ છે. રાત્રિના સમયે અંધારામાં જંગલ તરફ જતી વખતે કોઈપણ સમયે જંગલી જાનવરનો હુમલો થવાની ભીતિ સેવાઈ રહી છે. જો કોઈ મોટી જાનહાની થશે તો તેની જવાબદારી કોની? તેવો વેધક પ્રશ્ન સ્થાનિકો અને પ્રવાસીઓ ઉઠાવી રહ્યા છે. કલેક્ટરને રજૂઆત અને તપાસની માંગ

આ બાબતે જાગૃત નાગરિકો દ્વારા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. જેમાં માંગ કરવામાં આવી છે કે:

* તમામ શૌચાલયોમાં તાત્કાલિક પાણી અને ડ્રેનેજની સુવિધા શરૂ કરવામાં આવે.
* વૈકલ્પિક વ્યવસ્થા તરીકે પોર્ટેબલ શૌચાલયો મુકવામાં આવે.
* આ કામગીરીમાં બેદરકારી દાખવનાર કોન્ટ્રાક્ટર અને જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે.

હવે જોવાનું એ રહે છે કે, વહીવટી તંત્ર આ બાબતે 'યુદ્ધના ધોરણે' કામગીરી કરે છે કે પછી કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોવે છે.

## રંગોત્સવ...

રેલાયા છે ચારે કોર અવનવાં રંગ
ઉડે છે પિચકારી સંગ રંગોની છોળો.
લાલ-પીળા-ગુલાબી રંગોની સોગાદ
લઈને આજ આવ્યો છે રંગોત્સવ...
નાનાં- મોટાં સૌ સાથે મળીને ઉજવે
ફાગણે ઉછળે દલડે નવરંગી આનંદ
હર એક મુખડે મુસ્કાન ની મહેફિલ
લઈને આજ આવ્યો છે રંગોત્સવ...
રાગ -દ્વેષ- દુ:ખ બધું પડતું મેલીને
ઢોલ -મંજીરાના તાલ સંગ સૌ ડોલે
રંગોની સંગ હૈયે લાગણીના સ્પંદન
લઈને આજ આવ્યો છે રંગોત્સવ...
હોળી- ધૂળેટી તો છે રંગીલો તહેવાર
એક બીજાને રંગીએ સ્નેહ તણા રંગે
'નિશુ' કે રંગીન ભવિષ્યનાં અરમાન
લઈને આજ આવ્યો છે રંગોત્સવ...

નિશા ભરતભાઈ ઠાકર "નિશુ"
ભુજ - કચ્છ - ગુજરાત.
મોબાઈલ : 7990298954.

**વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ કાર્યવાહી; ૧.૮૨૯ કિ.ગ્રા. કિંમત રૂ ૧,૮૨,૯૦,૦૦૦ મુદ્દામાલ કબ્જે કરી જુનાગઢ ના ઈસમને પકડી પાડેલ**

# પોરબંદર SOGનો સૌથી મોટો પર્દાફાશ: ૧ કરોડ ઉપરાંત ની વ્હેલ માછલી ની એમ્બરગ્રીસ સાથે યુવાન ઝડપી પાડ્યો

• ગોસા(ઘેડ) તા.૨૭

પોરબંદર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા સંરક્ષિત જંતુના અવશેષોના ગેરકાયદેસર વેપાર સામે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બાતમીના આધારે પોલીસે જુનાગઢ ના એક યુવાનને વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) સાથે ઝડપી પાડી કરોડોની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.. પોરબંદર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (SOG) પોલીસ દ્વારા પોરબંદર નરસંગ ટેકરી હાઈવે રોડ પરથી મેહુલ ઉર્ફે અપ્પુ પ્રવિણભાઈ સોલંકી (ઉવ.૨૩), રહે. નાગરેચા વાડી, રેલ્વે ફાટક પાસે, બિલખા, તા.જૂનાગઢને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી કુલ ૧.૮૨૯ કિ.ગ્રા. એમ્બરગ્રીસ,



અંદાજિત કિંમત રૂ. ૧,૮૨,૯૦,૦૦૦/-, કબ્જે કરવામાં આવી છે.પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીએ જણાવ્યું હતું કે તે બિલખા (જૂનાગઢ)માંથી એમ્બરગ્રીસ વેચાણ માટે પોરબંદર લાવ્યો હતો અને ગ્રાહકની શોધખોળ કરી રહ્યો હતો. એમ્બરગ્રીસ અત્યંત કિંમતી હોવા છતાં તે સંરક્ષિત જંતુમાંથી મળતી વસ્તુ હોવાથી તેના વેપાર પર કાયદેસર પ્રતિબંધ છે.

જુનાગઢ રેન્જના પોલીસ મહા નિરીક્ષક નિલેશ જાજડિયા તથા પોરબંદર જિલ્લાના પોલીસ અધિક્ષક બી.યુ. જાડેજાના માર્ગદર્શન હેઠળ, ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુની સૂચનાથી SOG ટીમ દરિયાકાંઠા વિસ્તારોમાં સતત વોચ રાખી રહી હતી. તે દરમ્યાન આ સફળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.આ ઓપરેશન પો.ઈન્સ્પેક્ટર વાય.જી. માથુકીયા, પો.સ.ઈ. આર.એ. ઝાલા, એ.એસ.આઈ. મહેબુબખાન બેલીમ, દિપકભાઈ ડાકી, રવિન્દ્ર ચાંઉ તથા પોલીસ સ્ટાફ–મોહિત ગોરાણીયા, હરદાસ ગરચર, ભીમાભાઈ ઓડેદરા, અરજનભાઈ ઓડેદરા, દિલીપ મોઢવાડિયા, સરમણ ખુંટી, ગીરીશ વાજા વગેરેની ટીમ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરાયું હતું.

# પૂર જેવી આપત્તિ સામે સજ્જતા ચકાસવા વડગામના મુક્તેશ્વર ડેમ ખાતે SDRF-NDRFની સંયુક્ત મોકડ્રીલ યોજાઈ



વડગામ તાલુકામાં આવેલ મુકતેશ્વર ડેમ ખાતે પૂર જેવી આપત્તિજનક પરિસ્થિતિમાં તંત્રની તૈયારીઓ અને પ્રતિસાદ ક્ષમતાની ચકાસણી માટે SDRF અને NDRF દ્વારા સંયુક્ત રીતે રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું મુકતેશ્વર ડેમ ખાતે NDRF, SDRF તથા મડાણા ગઢ ખાતેની બટાલિયન દ્વારા જિલ્લા વહીવટી તંત્ર બનાસકાંઠાની સહાયથી એક મહત્વપૂર્ણ મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોક ડ્રીલ દરમિયાન ડેમમાંથી 50,000 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેમાં પાણીના તેજ પ્રવાહને કારણે એક બોટમાં સવાર ચાર વ્યક્તિઓ બોટ ઊંધી પડતાં ફસાયા હોવાની સ્થિતિ દર્શાવવામાં આવી હતી. આ પરિસ્થિતિમાં NDRF અને SDRFની ટીમોએ ઝડપી અને સુસંગઠિત બચાવ કામગીરી હાથ ધરી તમામ ફસાયેલા વ્યક્તિઓને સફળતાપૂર્વક રેસ્કયુ કર્યા હતા. ઉપરાંત, નદી કાંઠાના નીચાણવાળા વિસ્તારોમાં સંભવિત જોખમને ધ્યાનમાં રાખી સ્થળાંતર (Evacuation) તથા બચાવ અંગેનું સંપૂર્ણ આયોજન અમલમાં મૂકી સફળ કામગીરી કરવામાં આવી હતી.

વ્યવસ્થિત આયોજન અને વ્યૂહાત્મક રીતે હાથ ધરાયેલી આ મોકડ્રીલ દરમિયાન પૂરગ્રસ્ત લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી તેમની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવી હતી. સમગ્ર કવાયત દરમિયાન તમામ વિભાગો વચ્ચે ઉત્કૃષ્ટ સંકલન જોવા મળ્યું હતું. આ અભ્યાસ દ્વારા પૂર જેવી કુદરતી આપત્તિ સમયે ઝડપી નિર્ણયક્ષમતા, સંકલન અને બચાવ કામગીરીને વધુ મજબૂત બનાવવાનો હેતુ સિદ્ધ થયો હતો

પ્રતિનિધિ દિપક પુરબીયા

# મધરાતે ભટકેલી માનસિક અસ્વસ્થ માતા ને બાળકનું પરિવાર મિલન : સખી વન સ્ટોપ સેન્ટરે કાઉન્સેલિંગ કરીને બંનેને પરિવારને સોંપ્યા

• ગાંધીનગર

કહેવાય છે કે સેવા એ જ પરમો ધર્મ છે આ ઉક્તિને ગાંધીનગરના સખી વન સ્ટોપ સેન્ટરે સાર્થક કરી બતાવી છે. ગત તાજેતરમાં એક 25 વર્ષીય માનસિક અસ્વસ્થ મહિલા પોતાના એક વર્ષના બાળક સાથે શહેરમાં રસ્તો ભટકી ગઈ હતી. જોકે સખી વન સ્ટોપ સેન્ટરના પ્રયાસોથી વિખૂટો પડેલો પરિવાર ફરી એક થયો છે.માનસિક અસ્વસ્થ મહિલા બાળક સાથે શહેરમાં રસ્તો ભટકી ગઈપ્રાપ્ત વિગતો મુજબ, 24 ફેબ્રુઆરીની મધ્યરાત્રિએ 181 અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા એક અજાણી મહિલા અને તેના બાળકને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત સેન્ટર પર લાવવામાં આવ્યા હતા.

**સોના-ચાંદીના** કોમોડિટી વાયદાઓમાં રૂ.18493.07 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.280862.55 કરોડનું ટર્નઓવર

# સોનાના વાયદામાં રૂ.502 અને ચાંદીના વાયદામાં રૂ.6581ની તેજી: ક્રૂડ તેલના વાયદામાં રૂ.4નો સુધારો

## સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 13869.14 કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 39935 પોઈન્ટના સ્તરે

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.299355.87 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.18493.07 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.280862.55 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો 39935 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.1582.03 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 13869.14 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.160050ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.160719 અને નીચામાં રૂ.159816ના મથાળે અથડાઈ, રૂ.159709ના આગલા બંધ સામે રૂ.502 વધી રૂ.160211 થયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.1572 વધી રૂ.129225ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.3 ઘટી રૂ.16236ના ભાવે




ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.448 વધી રૂ.158036ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.159239ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159500 અને નીચામાં રૂ.158790ના સ્તરને સ્પર્શી, રૂ.158633ના આગલા બંધ સામે રૂ.366 વધી રૂ.158999 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.267500ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.268301 અને નીચામાં રૂ.264100ના મથાળે અથડાઈ, રૂ.259669ના આગલા બંધ સામે રૂ.6581 વધી રૂ.266250ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.6244 વધી રૂ.271500ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.5886 વધી રૂ.270045ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.બિનલોહ ધાતુઓમાં રૂ. 2856.40 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.13.5 વધી રૂ.1215.95 થયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.9.95 વધી રૂ.335ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.2.4 વધી રૂ.310.95ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું માર્ચ વાયદો 45 પૈસા વધી રૂ.189.9ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.એનર્જી સેગમેન્ટમાં રૂ. 1494.96 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.3592ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.3595 અને નીચામાં રૂ.3588ના સ્તરને સ્પર્શી, રૂ.2 વધી રૂ.3594 થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.5950ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.6071 અને નીચામાં રૂ.5942ના સ્તરને સ્પર્શી, રૂ.6053ના આગલા બંધ સામે રૂ.4 વધી રૂ.6057 થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.7 વધી રૂ.6060ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.3.2 વધી રૂ.260.3 થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.3.3 વધી રૂ.260.5ના સ્તરે પહોંચ્યો હતો.

શા માટે 'અર્જુન' જ ગીતાનો 'શ્રેષ્ઠ' પાત્ર?

# 'નર-નારાયણથી કુરુક્ષેત્ર સુધી' 'અર્જુન' અને 'શ્રીકૃષ્ણના' અતૂટ સંબંધ અને પૂર્વજન્મની રહસ્યગાથા

**આ ગાથાના કેન્દ્રમાં બે પાત્રો છે શ્રીકૃષ્ણ અને અર્જુન**

## મહાભારત એ માત્ર એક યુદ્ધની કથા નથી, પરંતુ આત્મા અને પરમાત્માના મિલનની ગાથા છે

મહાભારત એ માત્ર એક યુદ્ધની કથા નથી, પરંતુ આત્મા અને પરમાત્માના મિલનની ગાથા છે. આ ગાથાના કેન્દ્રમાં બે પાત્રો છે શ્રીકૃષ્ણ અને અર્જુન. આ બંને વચ્ચેનો સંબંધ માત્ર મિત્રતાનો નહોતો, પરંતુ યુગો જૂના બંધનનો હતો. પૂર્વજન્મનું રહસ્ય: નર અને નારાયણ ઋષિ અર્જુન અને શ્રીકૃષ્ણના સંબંધના મૂળ સત્યયુગમાં રહેલા છે. પૌરાણિક કથાઓ મુજબ, નર અને નારાયણ ઋષિ સત્યયુગમાં, ભગવાન વિષ્ણુએ ધર્મના ઘરે બે પુત્રો તરીકે અવતાર લીધો હતો - નર અને નારાયણ.તેઓ બદ્રીનાથ (બદરિકાશ્રમ) માં હજારો વર્ષો સુધી કઠોર તપસ્યા કરતા હતા.

નર (જે આગળ જતાં અર્જુન બન્યા) એ જીવાત્માનું પ્રતીક છે. નારાયણ (જે આગળ જતાં શ્રીકૃષ્ણ બન્યા) એ પરમાત્માનું પ્રતીક છે.એક પૌરાણિક કથા મુજબ, 'સહસ્ત્રકવચ' નામનો એક અસુર હતો જેની પાસે ૧૦૦૦ સુરક્ષા કવચ હતા. તેને હરાવવા માટે નર અને નારાયણે વારાફરતી યુદ્ધ કર્યું હતું. જ્યારે નારાયણ યુદ્ધ કરતા, ત્યારે નર તપસ્યા કરતા.એક કવચ તોડવા માટે ૧૦૦૦ વર્ષની તપસ્યા અને ૧૦૦૦ વર્ષનું યુદ્ધ જરૂરી હતું.આ રીતે ૯૯૯ કવચ તૂટી ગયા. છેલ્લું કવચ લઈને તે અસુર સૂર્યદેવના શરણમાં ગયો અને પછીના જન્મમાં તે કર્ણ તરીકે જન્મ્યો. તે છેલ્લા કવચનો નાશ કરવા માટે જ નર (અર્જુન) અને નારાયણ (કૃષ્ણ) એ ફરી જન્મ લીધો હતો. ઈન્દ્રના પુત્ર તરીકે અર્જુનને પાંડુપુત્ર કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તે કુંતી અને દેવરાજ ઈન્દ્રના પુત્ર હતા. ઈન્દ્ર પોતે શક્તિ અને યુદ્ધના દેવ છે.પૂર્વજન્મમાં પણ અર્જુન (નર ઋષિ) ના તપોબળથી દેવતાઓ



પણ થથરતા હતા.

શિવજી સાથેનો સંબંધ કહેવાય છે કે પૂર્વજન્મમાં નર ઋષિએ ભગવાન શિવને પ્રસન્ન કરવા માટે પણ તપસ્યા કરી હતી.આ જ કારણ હતું કે મહાભારત દરમિયાન જ્યારે અર્જુન 'પાશુપતાસ્ત્ર' લેવા ગયા, ત્યારે શિવજીએ કિરાત વેશે આવીને તેમની પરીક્ષા લીધી અને તેમને ઓળખી કાઢ્યા કે આ તેમનો જૂનો ભક્ત 'નર' જ છે. મહાભારતના વિશાળ ફલક પર અર્જુન જ કેમ સૌથી મહત્વનો યોદ્ધા હતો? શ્રીકૃષ્ણ પોતે યુદ્ધ લડીને અધર્મનો નાશ કરી શકતા હતા, પરંતુ તેમણે અર્જુનને 'નિમિત્ત' બનાવ્યો. અર્જુન એ દરેક સામાન્ય મનુષ્યનું પ્રતિનિધિત્વ કરે છે જે મુશ્કેલીના સમયે ડરી જાય છે. દ્રોણાચાર્યના બધા શિષ્યોમાં માત્ર અર્જુન જ એવો હતો જેનું લક્ષ્ય પક્ષીની આંખ પર સ્થિર હતું. તેની આ એકાગ્રતા જ તેને દિવ્યાસ્ત્રો મેળવવા માટે યોગ્ય બનાવતી હતી.અર્જુન પાસે બળ હોવા છતાં તેનામાં નમ્રતા હતી. જ્યારે તે કુરુક્ષેત્રમાં મૂંઝાયો, ત્યારે તેણે અહંકાર છોડીને કૃષ્ણને ગુરુ માન્યા, જેના પરિણામે જગતને 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' જેવું અમૃત મળ્યું. શ્રીકૃષ્ણ માટે અર્જુન માત્ર એક પિતરાઈ ભાઈ કે શિષ્ય નહોતો, પણ તેમનો આત્મા હતો. કૃષ્ણે અનેક રાજાઓને મદદ કરી, પણ રથના સારથિ માત્ર અર્જુનના જ બન્યા. આ દર્શાવે છે કે ભગવાન પોતાના પ્રિય ભક્તની સેવા કરવામાં પણ ગૌરવ અનુભવે છે. અર્જુનના રથ પર કૃષ્ણનું બેસવું અને ધજા પર હનુમાનજીનું હોવું એ સૂચવે છે કે જ્યાં જ્ઞાન (કૃષ્ણ), ભક્તિ (હનુમાન) અને કર્મ (અર્જુન) ભેગા થાય છે, ત્યાં વિજય નિશ્ચિત છે.કૃષ્ણે ડગલે ને પગલે અર્જુનનું રક્ષણ કર્યું અને તેને ગર્વમાંથી મુક્ત કર્યો. રથ પાછળ ધકેલાવાની ઘટના હોય કે જયદ્રથના વધ સમયે સૂર્યાસ્તનું માયાજાળ, કૃષ્ણે અર્જુનને પડછાયાની જેમ સાથ આપ્યો. અર્જુન અને કૃષ્ણની જોડી એ સંદેશ આપે છે કે જો મનુષ્ય (નર) ભગવાન (નારાયણ) ના શરણમાં જઈને પોતાનું કર્મ કરે, તો તે ગમે તેવા અશક્ય લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે.

# બીકાનેરની માસૂમ વસુંધરા પર દુષ્કર્મ-હત્યાના મામલે લાખણીમાં 'નાઈ સમાજ'નો પ્રચંડ આક્રોશ

## પરીક્ષા આપવા જતી ધોરણ-8ની વિદ્યાર્થિની સાથે નરાધમોની દરિંદગી સામે લાખણી મામલતદારને આવેદનપત્ર અપાયું

• લાખણી

રાજસ્થાનના બીકાનેર જિલ્લાના બિજ્જુ તાલુકાના રણજીતપુરા ગામમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી માસૂમ વિદ્યાર્થિની વસુંધરા સેન સાથે થયેલી નૃશંસ હત્યા અને દુષ્કર્મની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત સરહદી બનાસકાંઠા જિલ્લામાં પડ્યા છે. આ જઘન્ય અપરાધના વિરોધમાં આજે લાખણી તાલુકાના નાઈ સમાજના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા અને મામલતદાર કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી આવેદનપત્ર પાઠવ્યું હતું. મળતી વિગતો મુજબ, મૃતક વસુંધરા પોતાની વાર્ષિક પરીક્ષા આપવા માટે શાળાએ જઈ રહી હતી ત્યારે રસ્તામાં જ અસામાજિક તત્વોએ તેનું અપહરણ કરી પિશાચી કૃત્ય આચર્યું હતું અને ત્યારબાદ માસૂમની કરપીણ હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતા જ સમગ્ર રાજસ્થાન અને ગુજરાતના નાઈ સમાજમાં ભારે રોષ વ્યાપી



ગયો છે.

ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવી આરોપીઓને ફાંસી આપવા માંગ

લાખણી તાલુકા પંચાયત કચેરી ખાતે એકઠા થયેલા સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, આ માત્ર એક દીકરીની નહીં પણ માનવતાની હત્યા છે. આવેદનપત્રમાં મુખ્ય માંગણીઓ કરવામાં આવી છે કે: કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કરી નરાધમોને તાત્કાલિક ફાંસીની સજા ફટકારવામાં આવે.

પીડિત પરિવારને યોગ્ય આર્થિક વળતર અને રક્ષણ પૂરું પાડવામાં આવે.શાળાએ જતી દીકરીઓની સુરક્ષા માટે સરકારે કડક કાયદાકીય વ્યવસ્થા કરવી જોઈએ.

નાઈ સમાજના પ્રતિનિધિઓએ ચેતવણી ઉચ્ચારી છે કે જો આ મામલે ત્વરિત અને કડક ન્યાયિક કાર્યવાહી નહીં થાય તો આગામી સમયમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે રાજસ્થાન પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી હોવા છતાં સમાજમાં ન્યાય માટે ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

અહેવાલ:- મુકેશ સોની લાખણી

# કેન્દ્રીય રાજ્યમંત્રીએ સાળંગપુર મંદિર ખાતે સ્વદેશી વેચાણ અને પ્રદર્શન મેળાનો શુભારંભ કરાવ્યો

સ્વદેશી તથા પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદિત વસ્તુઓની ખરીદી કરવા અપીલ કરતા કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ બોટાદ જીલ્લાના સાળંગપુર મંદિર ખાતે 'સ્વદેશી વેચાણ અને પ્રદર્શન' મેળાનો શુભારંભ કરાવ્યો હતો. જિલ્લા વહીવટી તંત્ર બોટાદ દ્વારા મિશન લાઈફ અંતર્ગત ત્રિદિવસીય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.કેન્દ્રીય મંત્રી નિમુબેને જણાવ્યું હતું કે, આ મેળામાં સખી મંડળના ૨૬ સ્ટોલમાં સ્વદેશી ચીજ વસ્તુઓનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. બહેનો દ્વારા હસ્તકલાની ચીજ વસ્તુઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે જેમાં, પ્રાકૃતિક કૃષિ, મધ, દેશી ઘી, પંચગવ્યથી બનાવેલ અગરબતી, સાબુ, ધૂપ, વિવિધ ફ્લેવરના ખાખરા, મુખવાસ, શાલ, હિંચકા, શોપીસ સહિતની વસ્તુઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.મંત્રીએ જણાવ્યું હતું કે, હસ્તકલા ઉદ્યોગથી મહિલાઓ આત્મનિર્ભર બને ઉપરાંત પ્રાકૃતિક કૃષિને વેગ મળે તે માટે સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં મિશન લાઈફ અન્વયે મહિલાઓને આત્મનિર્ભર બનવા તક પૂરી પાડવામાં આવે છે. જે અન્વયે બહેનો પોતાની રીતે બનાવેલી વસ્તુઓનું વેચાણ કરી શકે તથા પોતાના



કાર્યોથી ઓળખ ઊભી કરી શકે છે.આ પ્રસંગે વેચાણ અને પ્રદર્શન મેળાનો કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના હસ્તે શુભારંભ કરી મેળો ખુલ્લો મુકાયો હતો. તથા કેન્દ્રીય મંત્રીએ સખી મંડળના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી અને સખી મંડળની બહેનોએ બનાવેલ ચીજ વસ્તુઓ પર ઉંડાણપૂર્વક ચર્ચા કરી હતી.આ તકે જિલ્લા પંચાયતના પ્રમુખ જેઠીબેન પરમાર, જિલ્લા કલેકટર ડો. જીન્સી રોય, જિલ્લા વિકાસ અધિકારી અક્ષય બુદાનિયા, નિવાસી અધિક કલેકટર પી.એલ. ઝણકાત, ડી.આર.ડી.એ.ના ડાયરેકટર ભાર્ગવ પટેલ,અગ્રણી મયુરભાઈ પટેલ, પાલજીભાઈ,અલ્પાબા ચુડાસમાં સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

તસવીર:વિપુલ લુહાર,બોટાદ

# રાજ્યમાં પોલીસમાં 'એટેચમેન્ટ'નો ખેલ: કાયમી પોસ્ટિંગના બદલે 6 IPS અધિકારીઓને લટકતું ગાજર

• ગાંધીનગર

ગુજરાત રાજ્યના ગૃહ વિભાગમાં જાણે નિર્ણયશક્તિનો દુકાળ પડ્યો હોય તેમ પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓના ભાવિ અધ્ધરતાલ જોવા મળી રહ્યા છે. છેલ્લા છ મહિનાથી (17 ઓગસ્ટ, 2025 થી) કોઈ પણ પ્રકારની જવાબદારી વગર 'વેઈટિંગ ફોર પોસ્ટિંગ'માં રહેલા 10 જેટલા વરિષ્ઠ IPS અધિકારીઓ પૈકી 6 અધિકારીઓને આજે હંગામી ધોરણે અલગ-અલગ બ્રાન્ચમાં 'એટેચ' કરવામાં આવ્યા છે. કાયમી નિમણૂકની આશાએ બેઠેલા આ અધિકારીઓને ફરી એકવાર 'એટેચમેન્ટ'ના નામે માત્ર હંગામી ઠેકાણું આપી દેવામાં આવ્યું છે.રાજ્યમાં નવા પોલીસ કમિશનરેટ અને નવી રેન્જ બનાવવાની જોરશોરથી વાતો ચાલતી હતી, પરંતુ સરકારના અકળ કારણોસર આ દિશામાં કોઈ નક્કર પ્રગતિ થઈ નથી. પરિણામે, DIG અને SP કક્ષાના અધિકારીઓને પ્રમોશન મળ્યા હોવા છતાં તેઓ લાંબા સમયથી પોસ્ટિંગની રાહ જોઈ રહ્યા હતા. આ અધિકારીઓએ અગાઉ ગૃહમંત્રીને રૂબરૂ મળીને રજૂઆત પણ કરી હતી, છતાં પરિણામ શૂન્ય રહ્યું છે.ગુજરાત પોલીસના સર્વોચ્ચ પદ એવા રાજ્ય પોલીસ વડા (DGP) ની પોસ્ટ પર પણ હાલ સ્થિરતા નથી. ડૉ. કે.એલ. એન. રાવ હાલ ઈનચાર્જ DGP તરીકે કાર્યરત છે. જ્યારે તેમનાથી પણ સિનિયર એવા ડૉ. શમશેર સિંઘ કેન્દ્રમાંથી પરત આવ્યા હોવા છતાં હજુ પણ કાયમી પોસ્ટિંગની રાહ જોઈ રહ્યા છે.

રાજ્યના કુલ બજેટ કરતા દેવું વધારે , 4 લાખ 30 હજાર કરોડનું દેવું, :અમિત ચાવડા

# બજેટ વિકસિત ગુજરાતનો દસ્તાવેજ નથી પણ બજેટ દેવા અને દેખાવનો દસ્તાવેજ: અમિત ચાવડા

ગુજરાતની પ્રજાના પરસેવાના ટેક્સના પૈસાથી બનેલા બજેટમાં પ્રજાની આશા અપેક્ષા ઠગારી નીવડી,ભાજપ સરકારે યુવાનોના સપના સાથે મજાક કરી :અમિત ચાવડા

બજેટમાં ખેડૂતના દેવા માફ ન થયા, સમાન કામ સમાન વેતન માટે, મોંઘવારી ઘટાડવા માટે, સરકારી પદો ઉપર કાયમી ભરતી માટે, વસ્તીના પ્રમાણમાં બજેટ ફાળવણી માટે, પાક વીમા યોજના માટે, કોઈ જ ઉલ્લેખ કે જોગવાઈ નહિ :અમિત ચાવડા

દેશમાં ૧૨ કરતા વધારે રાજ્યોમાં મહિલાઓ માટે લાડલી બહેન યોજનામાં બહેનોને પૈસા આપવામાં આવે છે તો ગુજરાતની જ આપડી બહેનો સાથે સરકારનું ઓરમાયું વર્તન કેમ?ગુજરાતની બહેનો જ કેમ અળખામણી? :અમિત ચાવડા

વિધાનસભામાં અંદાજ પત્ર પર ચર્ચા દરમિયા શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, બેજટ આંકડાઓની માયાજાળ છે. ભાજપ સરકારના શાસનમાં કુલ બજેટ કરતા દેવું વધારે છે. ગુજરાત માથે 4 લાખ 30 હજાર કરોડનું દેવું છે. આ બજેટ ગુજરાતના પ્રજાના પરસેવાના ટેક્સના પૈસાથી બન્યું છે ત્યારે આ બજેટે જનતાની આશા અપેક્ષા ઠગારી નીવડી છે.ભાજપ સરકારે યુવાનોના સપના સાથે મજાક કરી હોય તેવી જાહેરાતો બજેટમાં કરવામાં આવી છે.બજેટની ચોપડીમાં જ્ઞાનની વ્યાખ્યા કરવામાં આવી છે. જ્ઞાન સામે વાસ્તવિકતા જોઈએ તો બજેટમાં ગરીબો માટે આશા નથી, યવાઓ માટે દિશા નથી, અન્નદાતાઓ માટે ન્યાય નથી અને મહિલાઓ માટે સુરક્ષાની પણ કોઈ વાત નથી.ગુજરાતના ખેડૂતો કુદરતી આફતો, કમોસમી વરસાદ અને બજાર ભાવના અભાવે હેરાન-પરેશાન છે. અનેક ખેડૂત આર્થિક સંકટમાં ડૂબેલા છે, આત્મહત્યાની ઘટનાઓ બનતી રહી છે, છતાં ખેડૂતોના સંપૂર્ણ દેવા માફીની સરકારે એક પણ જાહેરાત બજેટમાં કરવામાં આવી નથી. પાક વીમા યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં લાવવાની માંગ વારંવાર ઉઠી છે, છતાં બજેટમાં એ મુદ્દે મૌન ધારણ કરવામાં આવ્યું છે. મહિલાઓ માટે મોંઘવારીમાંથી રાહતની કોઈ જાહેરાત નથી. મહિલા અને બાળ વિકાસ માટેનો વધારો પણ નગણ્ય છે, જે મહિલાઓની અપેક્ષાઓ પર પાણી ફેરવે છે. યુવાનો અને કામદારો માટે પણ આ બજેટ નિરાશાજનક છે. મનરેગા કામદારોના વેતન વધારો, અસંગઠિત ક્ષેત્રના લઘુત્તમ વેતનમાં સુધારો કે ફિક્સ-પે અને કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરવાની કોઈ જાહેરાત કરવામાં આવી નથી. આશા વર્કર, આંગણવાડી બહેનો, મધ્યાહન ભોજનના કર્મચારીઓ લાંબા સમયથી સમાન કામ-સમાન વેતનની માંગ કરી રહ્યા છે, પરંતુ તેમની આશાઓને ફરી એકવાર અવગણવામાં આવી છે. ઓલ્ડ પેન્શન સ્કીમ (OPS)ની માંગ પર પણ સરકાર મૌન છે. મોંઘવારીનો માર સહન કરતી ગુજરાતની ગૃહિણીઓને આજુબાજુના રાજ્યોની જેમ રૂ.૫૦૦માં ગેસની બોટલ મળશે તેવી અપેક્ષા હતી. પરંતુ 156 સીટી જીતાડીને ભાજપ સરકાર મોઘવારીમાંથી રાહત આપશે, રૂ.૫૦૦માં ગેસની બોટલ આપશે પણ બજેટમાં કોઈ રાહત આપવામાં ન આવી. પ્રધાનમંત્રી જ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે કહેતા હતા કે, મારી બહેનોને કંઈ તકલીફ પડે તો પોસ્ટકાર્ડ લખજો પણ ગુજરાતની બહેનો જ્યારે બીજા રાજ્યોના બજેટ જોવે અને ત્યાંના બજેટમાં લાડલી બેન યોજનાઓ થકી મહિલાઓને માસિક સીધા કેશ ટ્રાન્સફર થાય છે તો ગુજરાતની જ બહેનો સાથે સરકારનું ઓરમાયું વર્તન કેમ?

# ડીસા શહેરને મળશે નવું નજરાણું: ડીસા ખાતે રૂ.૨૧ કરોડના ખર્ચે તૈયાર થશે અત્યાધુનિક અર્બન હાટ



• બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય વ્યાપારી મથક અને અંદાજે ૩ લાખથી વધુ વસ્તી ધરાવતા ડીસા શહેરની ઓળખ હવે માત્ર વેપાર પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ તે કળા અને સંસ્કૃતિનું પણ કેન્દ્ર બનશે. ભારત સરકાર અને ગુજરાત સરકારના 'વોકલ ફોર લોકલ', 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ગુજરાત ૨૦૪૭' ના સંકલ્પને સાકાર કરવા માટે ડીસા ખાતે ભવ્ય 'અર્બન હાટ'ની સ્થાપના કરવાની મંજૂરી આપવામાં આવી છે. ગુજરાત સરકારના કમિશનર કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા અંદાજે રૂા. ૨૧.૦૦ કરોડના ખર્ચે આ અત્યાધુનિક પ્રોજેક્ટનું નિર્માણ હાથ ધરવામાં આવશે.

ડીસા શહેર ભૌગોલિક રીતે વ્યૂહાત્મક સ્થાન ધરાવે છે, જ્યાં સ્થાનિક જનતા ઉપરાંત પડોશી રાજ્ય રાજસ્થાનથી પણ મોટી સંખ્યામાં ગ્રાહકો ખરીદી માટે આવે છે. આ વધતી માંગ અને બજારની ક્ષમતાને ધ્યાનમાં રાખીને હસ્તકલાના કારીગરોને કાયમી પ્લેટફોર્મ પૂરું પાડવા માટે અર્બન હાટની આવશ્યકતા ઊભી થઈ હતી. આ હાટમાં કારીગરો માટે પાકા સ્ટોલ, ફૂડ સ્ટોલ, મલ્ટીપર્પઝ હોલ, ડોરમેટરી અને વિશાળ પાર્કિંગ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી મુલાકાતીઓ અને વેપારીઓ બંનેને અનુકૂળતા રહે.

બનાસકાંઠા જિલ્લાની પ્રસિદ્ધ હસ્તકલાઓ જેવી કે પેચવર્ક, પટોળા વણાટ, ટાંગલીયા વણાટ, માતાની પછેડી, શાલ, મોતીકામ, ભરતકામ અને ટેરાકોટાના કારીગરોને આ અર્બન હાટ દ્વારા હકનું બજાર મળશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, ગ્રામીણ કલાકારોની વર્ષોની તપસ્યા અને કૌશલ્યને વૈશ્વિક સ્તરે પહોંચાડવા માટે આ પ્રોજેક્ટ એક સીમાચિહ્ન રૂપ સાબિત થશે.

વિકાસ કાર્યો

જિલ્લા પંચાયતનું 111 કરોડનું બજેટ મંજૂર

# વિકાસ કાર્યો માટે 56.37 કરોડની પુરાંત રખાઈ, પશુપાલક વિધવા બહેનોને સહાય માટે 50 લાખની નવી જોગવાઈ

## ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા આજે પ્રમુખ શિલ્પાબેન જયેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા આજે પ્રમુખ શિલ્પાબેન જયેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. આ બેઠકમાં પ્રમુખ દ્વારા વર્ષ 2026-27 માટેનું રૂ. 111.85 કરોડનું સ્વભંડોળનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું, જેને સભાએ સર્વાનુમતે મંજૂરી આપી છે. બજેટમાં રૂ. 55.48 કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે, જ્યારે રૂ. 56.37 કરોડની માતબર પુરાંત રાખવામાં આવી છે. આ બજેટમાં ગ્રામીણ વિકાસ, શિક્ષણ અને આરોગ્ય જેવા પાયાના ક્ષેત્રોમાં ગત વર્ષની સરખામણીએ મોટો વધારો કરી વિકાસલક્ષી અભિગમ અપનાવવામાં આવ્યો છે. પશુપાલક મહિલાઓ અને ભૂમિપુત્રો માટે મહત્વની કલ્યાણકારી યોજનાઓ આ વર્ષના બજેટમાં પશુપાલન ક્ષેત્રે એક નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લામાં પશુપાલન સાથે સંકળાયેલી વિધવા બહેનોને પશુઓના ખાણદાણની ખરીદી પર આર્થિક ટેકો આપવા માટે રૂ. 50 લાખની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, ખેતીવાડી ક્ષેત્રના બજેટમાં ગત વર્ષના રૂ. 58.06 લાખ સામે આ વર્ષે સીધો 54.29 લાખનો વધારો કરી કુલ રૂ. 112.35 લાખની ફાળવણી કરાઈ છે.



આ ભંડોળનો ઉપયોગ ખેતીલક્ષી પ્રવૃત્તિઓ અને ખેડૂતના અકસ્માતે મૃત્યુના કિસ્સામાં પરિવારને મદદ કરવા માટે કરવામાં આવશે. સિંચાઈ અને ખેતીવાડીમાં પાણીની સુવિધા માટે ગ્રામ પંચાયતોને મદદરૂપ થવા વધુ રૂ. 543.06 લાખ ફાળવવામાં આવ્યા છે.બાળવિકાસ ક્ષેત્રે રૂ. 191.15 લાખ ફાળવાયા

જ્યારે શિક્ષણ ક્ષેત્રે જિલ્લા પંચાયતે ઉદાર હાથે ફાળવણી કરી છે. ગત વર્ષના રૂ. 289.95 લાખના બજેટમાં રૂ. 130.75 લાખનો તોતિંગ વધારો કરીને વર્ષ 2026-27 માટે રૂ. 420.70 લાખ મંજૂર કરાયા છે. આ રકમનો ઉપયોગ શાળાઓને હાઈટેક અને ડિજિટલ બનાવવા, રમતગમત, કન્યા કેળવણી અને હાઈજીન પાછળ થશે. ખાસ કરીને પ્રમુખે અધ્યક્ષ સ્થાનેથી જિલ્લાની બાલવાટિકાઓમાં ભણતા 11 હજાર બાળકોને નિઃશુલ્ક સ્કૂલ યુનિફોર્મ આપવા માટે રૂ. 50 લાખની અલગ જોગવાઈ જાહેર કરી છે. આંગણવાડીઓના રિપેરિંગ અને નવા બાંધકામ માટે બાળવિકાસ ક્ષેત્રે પણ રૂ. 191.15 લાખ ફાળવાયા છે.જાહેર બાંધકામ ક્ષેત્રે રૂ. 800.25 લાખ ખર્ચવામાં આવશે જિલ્લાના નાગરિકોના સ્વાસ્થ્યની સુખાકારી માટે આરોગ્ય બજેટમાં રૂ. 26.45 લાખનો વધારો કરી કુલ રૂ. 96.20 લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ અંતર્ગત PHC કેન્દ્રોનું રિનોવેશન, સીસીટીવી કેમેરા લગાવવા, ફોગીંગ કામગીરી અને વિવિધ આરોગ્ય કેમ્પનું આયોજન થશે. ગામડાઓના માળખાગત વિકાસ અને સુધારાવાદી કાર્યો માટે પંચાયત અને વિકાસ ક્ષેત્રે રૂ. 2413.35 લાખ જેવી મોટી રકમ ફાળવવામાં આવી છે. જાહેર બાંધકામ ક્ષેત્રે નવા રસ્તાઓ, મકાનોની જાળવણી અને ફાયટરની ખરીદી માટે રૂ. 800.25 લાખ ખર્ચવામાં આવશે.

એક તરફ વિકાસના કાર્યોમાં વધારો કરાયો છે તો બીજી તરફ વહીવટી ખર્ચમાં કરકસરનો અભિગમ જોવા મળ્યો છે. સામાન્ય વહીવટના ખર્ચમાં ગત વર્ષની સરખામણીએ રૂ. 40 હજારનો ઘટાડો કરી તેને રૂ. 157.98 લાખ રાખવામાં આવ્યો છે. સમાજ કલ્યાણ ક્ષેત્રે અનુસૂચિત જાતિ, જનજાતિ અને બક્ષીપંચના વિસ્તારોમાં વિકાસ કામો વેગવંતા બનાવવા માટે ગત વર્ષ કરતા રૂ. 38 લાખનો વધારો મંજૂર કરવામાં આવ્યો છે, જેનાથી છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવાનું લક્ષ્ય છે.

'હવે મારાથી જીવાતું નથી, હારી ગયો છું' ઘેલાણીના છેલ્લા શબ્દો

# બિલ્ડર આપઘાત કેસમાં પોલીસના 7 પાનાના એફિડેવિટમાં ચોંકાવનારા ખુલાસા, પૂનમે લગ્નમાં આવી બદનામ કરવાની ધમકી

શાળામાં ભાગીદારી અને કરોડોની દુકાનો પચાવ્યાનો આક્ષેપ

## પૂનમ ભદોરિયા સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણા આપ્યાનો ગુનો નોંધાયા બાદ હાલ જેલ હવાલે

• સુરત

સુરતના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત પ્રકરણમાં મુખ્ય આરોપી પૂનમ ભદોરિયાએ કોર્ટમાં જામીન મેળવવા અરજી કરી છે. આ અરજીના વિરોધમાં આજે એટલે શુક્રવારે પોલીસ અને મૂળ ફરિયાદીના વકીલ કલ્પેશ દેસાઈ દ્વારા સાત પાનાની વિસ્તૃત એફિડેવિટ રજૂ કરવામાં આવી હતી. આ સોગંદનામામાં પૂનમ દ્વારા તુષાર ઘેલાણીને આપવામાં આવેલા માનસિક ત્રાસ અને મિલકત પડાવવાની લાલચના ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. જોકે, બોમ્બની અફવાને કારણે તપાસ અધિકારી હાજર ન રહી શકતા હવે વધુ સુનાવણી શનિવારે હાથ ધરાશે.

એફિડેવિટમાં સૌથી ચોંકાવનારો ખુલાસો તુષાર ઘેલાણીના છેલ્લા શબ્દો અંગે કરવામાં આવ્યો છે. દીકરીના લગ્નના એક દિવસ અગાઉ પૂનમનો ફોન આવ્યા બાદ તુષાર ઘેલાણી અત્યંત હતાશ થઈ ગયા હતા. જ્યારે પરિવારે પૂછ્યું ત્યારે તેમણે ભીની આંખે જણાવ્યું હતું કે, 'પૂનમ મને લગ્નમાં આવીને ભવાડા કરવાની અને બદનામ કરવાની ધમકી આપી રહી છે. તે વારંવાર મિલકત અને નાણાંની માંગણી કરે છે. આ લગ્ન પ્રસંગ પતી જાય બસ, હવે મારાથી જીવાતું નથી, હું હારી ગયો છું.'

પૂનમ ભદોરિયા સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણા આપ્યાનો ગુનો નોંધાયા બાદ હાલ જેલ હવાલે. દીકરીઓએ પૂનમના ઘરે જઈ પિતાને છોડી દેવા વિનંતી કરી

પોલીસ એફિડેવિટ મુજબ, તુષાર ઘેલાણીની કથળતી માનસિક સ્થિતિ જોઈને તેમની બંને દીકરીઓ સ્વયં પૂનમ ભદોરિયાના ઘરે ગઈ હતી. દીકરીઓએ પૂનમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે તે તેમના પિતાને હેરાન કરવાનું બંધ કરે. તેમ છતાં પૂનમની જીદ અને મિલકતની ભૂખ ઓછી થઈ નહોતી. ઉલટાનું, પૂનમે દીકરીઓને પણ ધમકી આપી હતી કે જો મિલકતમાં હિસ્સો નહીં મળે તો તે તેમના પિતાનું જીવવાનું હરામ કરી દેશે.એફિડેવિટમાં પૂનમની આર્થિક લાલચનો પણ ઉલ્લેખ છે. આક્ષેપ કરવામાં આવ્યો છે કે, પૂનમે તુષાર ઘેલાણીને ઈમોશનલ બ્લેકમેલ કરીને પેપીલોન શાળામાં 50 ટકા ભાગીદારી મેળવી લીધી હતી. એટલું જ નહીં, શાળામાંથી નફાની સાથે તે પગાર પણ વસૂલતી હતી. આ ઉપરાંત, ઉમરા ઝોનમાં આવેલી અંદાજે 1.07 કરોડની કિંમતની બે દુકાનો પણ પોતાના નામે કરાવી લીધી હતી, જેના માટે તેણે કોઈ પણ નાણાકીય ચુકવણી કરી નહોતી.

તુષાર ઘેલાણીએ રાત્રિના પોતાની જ રિવોલ્વરથી પોતાને ગોળી મારી.તુષાર ઘેલાણીના આપઘાતના પ્રયાસ બાદ જ્યારે તેમને મહાવીર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ત્યારે પણ આરોપી પૂનમ અને તેની બહેન પ્રિયા ચૌહાણ ત્યાં પહોંચી ગયા હતા. એફિડેવિટમાં જણાવાયું છે કે, હોસ્પિટલમાં તુષારના પત્ની પલ્લવી અને અન્ય પરિવારજનોની હાજરીમાં આ બંને બહેનોએ અત્યંત અસભ્ય વર્તન કર્યું હતું અને ઉશ્કેરાટ ફેલાવીને ઝઘડો કર્યો હતો, જે તેમની ગુનાહિત માનસિકતા દર્શાવે છે.

પૂનમ ભદોરિયાની જામીન અરજી પર શનિવારે કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. પોલીસનો જામીન સામે સખત વિરોધ, સરકારી પક્ષે દલીલ કરી છે કે, પૂનમ ભદોરિયા હજુ સુધી તપાસ અધિકારી સમયે વ્યવસ્થિત હાજર રહી નથી અને તપાસમાં સહકાર આપી રહી નથી. 15 વર્ષના પરિચયનો દુરુપયોગ કરીને તેણે એક હસતા-રમતા પરિવારની ખુશીઓને માતમમાં ફેરવી નાખી છે. જો તેને જામીન આપવામાં આવશે તો તે પુરાવા સાથે ચેડાં કરી શકે છે. હાલમાં કોર્ટે આ તમામ દલીલો અને એફિડેવિટને ધ્યાને લઈને આગામી સુનાવણી મુલતવી રાખી છે.

# પાટનગરના મિલકતધારકો માટે રાહતના સમાચાર મિલકત વેરામાં 100 ટકા સુધી વ્યાજ માફીની જાહેરાત

## માર્ચ મહિનામાં બાકી ટેક્સ ભરનારને જ લાભ મળશે

• ગાંધીનગર

પાટનગરના મિલકતધારકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ગાંધીનગર મહાનગરપાલિકાએ શહેરના કરદાતાઓ પરથી વ્યાજનો બોજ ઓછો કરવા માટે એક મોટી રિબેટ યોજનાની જાહેરાત કરી છે. આગામી 1 માર્ચથી 31 માર્ચ 2026 દરમિયાન જે નાગરિકો પોતાનો જૂનો બાકી મિલકત વેરો એકસાથે ભરશે તેમને વ્યાજમાં મોટી છૂટછાટ આપવામાં આવશે. મહાનગરપાલિકાના નિર્ણય અનુસાર જે મિલકતધારકોના રહેણાંકના વેરા બાકી છે તેમને બાકી રકમ પરના વ્યાજમાં 100% માફી આપવામાં આવશે. એટલે કે તેમણે માત્ર મૂળ રકમ જ ભરવાની રહેશે. જ્યારે કોમર્શિયલ મિલકતધારકોને વ્યાજની રકમમાં 50% માફીનો લાભ મળશે. યોજનાનો મહત્તમ લાભ લે અને શહેરના વિકાસમાં સહભાગી બને આ યોજનાનો લાભ નાણાકીય વર્ષ 2025-26 ના ચાલુ વેરામાં લાગુ પડશે નહીં. પરંતુ અગાઉના વર્ષોના બાકી લેણાં પર મળશે. આ અંગે



મેયર મીરાબેન પટેલએ જણાવ્યું હતું કે, ઘણા વર્ષોથી બાકી રહેલા ટેક્સને કારણે નાગરિકો પર વ્યાજની રકમ સતત વધતી જાય છે. નાગરિકોને આ આર્થિક બોજમાંથી મુક્તિ આપવા અને શહેરના વિકાસ માટે ભંડોળ એકત્ર કરવા અમે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. તમામ કરદાતાઓને અપીલ છે કે આ મર્યાદિત સમયની યોજનાનો મહત્તમ લાભ લે અને શહેરના વિકાસમાં સહભાગી બને. જ્યારે મનપા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ રાહત યોજના માત્ર માર્ચ મહિના પૂરતી જ અમલી રહેશે. જે કરદાતાઓ આ સમયગાળા દરમિયાન પોતાના બાકી ટેક્સની પતાવટ કરશે તેમને જ આ વ્યાજ માફીનો લાભ મળશે. 31 માર્ચ બાદ ફરીથી નિયમ મુજબ વ્યાજ વસૂલવામાં આવશે. આ નિર્ણયથી લાંબા સમયથી વેરો ન ભરી શકનારા મધ્યમ વર્ગના પરિવારો અને નાના વેપારીઓને મોટી આર્થિક રાહત મળવાની આશા છે.

# વડિયા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું



• અમરેલી

આ બેઠકમાં વડિયા પીએસઆઈ પી ડી ગોહિલ સાહેબની આગેવાની હેઠળ મુસ્લિમ સમાજના બિરાદરો તેમજ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે વડિયા સરપંચ મનીશ ઢોલરીયા, શૈલેશભાઈ ઠુમ્મર તેમજ પત્રકાર મિત્રો ભીખુભાઈ વોરા, કિરીટભાઈ જોટવા, જાવેદભાઈ બાલાપરિયા, પરેશભાઈ પરમાર, રાજુ કારિયા જીતેષગીરી ગોસાઈ અને બ્રહ્મસમાજ પ્રમુખ અશ્વિનભાઈ મહેતા હાજર રહ્યા હતા.બેઠક દરમિયાન આવનારા હિન્દુ અને મુસ્લિમ તહેવારોને ધ્યાનમાં રાખી ગામમાં સૌહાર્દપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચર્ચા કરવામાં આવી હતી.પોલીસ તંત્ર દ્વારા સર્વ સમાજના આગેવાનોને શાંતિ, એકતા અને ભાઈચારો જાળવવા અપીલ કરવામાં આવી હતી. વડિયામાં હંમેશાંથી સામાજિક એકતા અને પરસ્પર સૌહાર્દનું ઉત્તમ ઉદાહરણ રહ્યું છે, અને આ બેઠક પણ એ જ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાય છે.

અહેવાલ પ્રકાશ વઘાસિયા કુકાવાવ.

# થરાદના ભરબજારમાં દારૂબંધીના લીરેલીરા: નશામાં ધૂત શખ્સે રિક્ષાચાલક સાથે મચાવ્યો હોબાળો

• થરાદ

'સરહદી થરાદમાં દારૂબંધી માત્ર કાગળ પર? જાહેરમાં દારૂડિયાઓના આતંકથી જનતા પરેશાન.' થરાદ મેઈન બજાર દારૂ પીધેલા શખ્સે કઈ રીતે રિક્ષાચાલક સાથે અણછાજતું વર્તન કર્યું અને ટ્રાફિક જામ કે અફરાતફરી સર્જાઈ તે તંત્ર સામે સવાલ રાજસ્થાન બોર્ડર નજીક હોવાથી પોલીસ ચેકપોસ્ટ હોવા છતાં દારૂ ક્યાંથી આવ્યો? તે ગંભીર પ્રશ્ન ઉઠાવો. લોકોની પ્રતિક્રિયા ત્યાં હાજર લોકોમાં જોવા મળતો ફાળ અને રોષ વિશે વાત કરો. 'બનાસકાંઠાના થરાદમાં દારૂબંધીના કડક અમલના દાવાઓ વચ્ચે આજે ફરી એકવાર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા થયા છે. થરાદના ભરચક બજાર વચ્ચે એક શખ્સે નશાની હાલતમાં રિક્ષાચાલક સાથે ઉગ્ર બોલાચાલી કરી હોબાળો મચાવ્યો હતો. આ દ્રશ્યો જોઈને સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. સવાલ એ થાય છે કે સરહદી વિસ્તારમાં પોલીસની સતર્કતા હોવા છતાં આ શખ્સ પાસે દારૂ આવ્યો ક્યાંથી? એ મોટો પ્રશ્ન છે. આ દ્રશ્યો જોઈને સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. સવાલ એ થાય છે કે સરહદી વિસ્તારમાં પોલીસની સતર્કતા હોવા છતાં આ શખ્સ પાસે દારૂ આવ્યો ક્યાંથી? એ મોટો પ્રશ્ન છે.

રાહ સામૂહિક આરોગ્ય કેન્દ્રને (CHC) ને લેબોરેટરી મશીન ભેટ

# વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની પ્રેરણાથી દૂધ મંડળી દ્વારા ભેટ અપાઈ

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

વાવ થરાદ જિલ્લાના રાહ તાલુકા મથક ખાતે આવેલા સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC)ને બનાસ ડેરીના ચેરમેન અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની પ્રેરણાથી ધી રાહ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. દ્વારા અત્યાધુનિક લેબોરેટરી મશીન ભેટ આપવામાં આવ્યું છે. આ મશીનની કિંમત 1,20,310 છે.આ પ્રસંગે મેવાભાઈ ખટાણાએ જણાવ્યું હતું કે, અગાઉ અધિક કલેક્ટર જાની સાહેબ અને એસ.ડી.એમ. મહેર સાહેબે CHCની મુલાકાત લીધી હતી. તે સમયે રોગી કલ્યાણ સમિતિની



બેઠક યોજાઈ હતી, જેમાં લેબોરેટરી મશીનની ઘટ્ટ હોવાનું જણાયું હતું. અધિકારીઓએ દૂધ મંડળીને દર્દીઓના લાભાર્થે સહયોગ આપવા વિનંતી કરી હતી.

શંકરભાઈ ચૌધરીનો પણ દર્દીઓને સુવિધા પૂરી પાડવાનો અભિગમ હોવાથી, તેમની પ્રેરણા અને એસ.ડી.એમ. સાહેબના માર્ગદર્શન મુજબ, દૂધ મંડળી દ્વારા આ મશીન ખરીદીને આરોગ્ય કેન્દ્રને સુપરત કરવામાં આવ્યું છે.

કલેક્ટર સાહેબના નિર્દેશ મુજબ, અધિક કલેક્ટર સાહેબ અને એસ.ડી.એમ. સાહેબે આ મશીનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ અત્યાધુનિક બાયોકેમિસ્ટ્રી મશીન દ્વારા SGPT, શરદી, મેલેરિયા, તાવ, કિડની ફંક્શન અને લિવર ફંક્શન જેવા વિવિધ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ કરી શકાશે.

આ સુવિધાને કારણે હવે સ્થાનિક દર્દીઓને લેબોરેટરી ટેસ્ટ કરાવવા માટે બહાર જવું નહીં પડે. આરોગ્ય કેન્દ્રમાં જ તમામ જરૂરી પરીક્ષણો વિનામૂલ્યે ઉપલબ્ધ થશે, જે દર્દીઓ માટે મોટી રાહતરૂપ બનશે.

**વિજ્ઞાનનો ઉજાસ** ૧૯૨૧માં સી.વી. રામન લંડનથી મુંબઈ આવી રહ્યા હતા. વહાણની મુસાફરી દરમિયાન તેમણે ભૂમધ્ય સમુદ્રના ઘેરા વાદળી રંગને જોયો

# વિજ્ઞાનનો ઉજાસ: રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અને સર સી.વી. રામનનું અમર પ્રદાન

## 'વિજ્ઞાન એટલે માત્ર પ્રયોગશાળાના સાધનો કે જટિલ સમીકરણો નથી, પરંતુ તે જોવાની એક નવી દ્રષ્ટિ છે, કુતૂહલની એક અવિરત યાત્રા છે.

વિજ્ઞાન એટલે માત્ર પ્રયોગશાળાના સાધનો કે જટિલ સમીકરણો નથી, પરંતુ તે જોવાની એક નવી દ્રષ્ટિ છે, કુતૂહલની એક અવિરત યાત્રા છે.'

દર વર્ષે ૨૮ ફેબ્રુઆરી આવે એટલે ભારતભરની શાળાઓ, કોલેજો અને વિજ્ઞાન સંસ્થાઓમાં એક અનેરો ઉત્સાહ જોવા મળે છે. આ દિવસ એટલે 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'. આ દિવસ આપણને યાદ અપાવે છે એ મહાન ભારતીય ભૌતિકશાસ્ત્રી સર સી.વી. રામનની, જેમણે ૧૯૨૮માં આજના જ દિવસે 'રામન ઈફેક્ટ' (Raman Effect) ની શોધ કરીને સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું હતું. આ લેખ દ્વારા આપણે વિજ્ઞાનના આ મહોત્સવને માણીશું અને તેના ઊંડાણ સુધી પહોંચવાનો પ્રયત્ન કરીશું.

૧. ઈતિહાસના ઝરૂખેથી: ૨૮ ફેબ્રુઆરી ૧૯૨૮

વિજ્ઞાન જગતમાં અમુક ક્ષણો એવી હોય છે જે ઈતિહાસના પૃષ્ઠોને કાયમ માટે બદલી નાખે છે. ૨૮ ફેબ્રુઆરી ૧૯૨૮ની સવાર પણ આવી જ હતી. કોલકાતાની 'ઈન્ડિયન એસોસિએશન ફોર ધ કલ્ટિવેશન ઓફ સાયન્સ'ની પ્રયોગશાળામાં ચંદ્રશેખર વેંકટ રામન (સી.વી. રામન) અને તેમના સાથીદારો એક પ્રયોગ કરી રહ્યા હતા. તેમણે જોયું કે જ્યારે પ્રકાશના કિરણો પારદર્શક પદાર્થમાંથી પસાર થાય છે, ત્યારે વિખેરાયેલા (scattered) પ્રકાશના અમુક ભાગની તરંગલંબાઈમાં ફેરફાર થાય છે. આ ઘટનાને પાછળથી 'રામન ઈફેક્ટ' તરીકે ઓળખવામાં આવી.

આ શોધ એટલી પ્રભાવશાળી હતી કે ૧૯૩૦માં તેમને ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું. વિજ્ઞાનના ક્ષેત્રમાં નોબેલ મેળવનાર તેઓ પ્રથમ એશિયાઈ વ્યક્તિ હતા. આ ગૌરવશાળી સિદ્ધિની યાદમાં ૧૯૮૬માં ભારત સરકારે ૨૮ ફેબ્રુઆરીને 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે જાહેર કર્યો.

૨. સર સી.વી. રામન: એક અદભૂત વ્યક્તિત્વ

સી.વી. રામનનો જન્મ ૭ નવેમ્બર ૧૮૮૮ના રોજ તમિલનાડુના તિરુચિરાપલ્લીમાં થયો હતો. બાળપણથી જ તેઓ અત્યંત તેજસ્વી હતા. માત્ર ૧૬ વર્ષની વયે તેમણે બી.એ. અને ૧૮ વર્ષની વયે એમ.એ.ની પદવી મેળવી લીધી હતી. જોકે, આર્થિક સંકડામણ અને તે સમયના સામાજિક માળખાને કારણે તેમણે નાણા વિભાગમાં ઉચ્ચ હોદ્દા પર નોકરી સ્વીકારવી પડી હતી. પરંતુ વિજ્ઞાન પ્રત્યેનો તેમનો પ્રેમ ક્યારેય ઓછો થયો નહીં.

તેઓ દિવસ દરમિયાન સરકારી કામ કરતા અને સાંજ પડ્યે વિજ્ઞાનની પ્રયોગશાળામાં પહોંચી જતા. તેમની આ ધગશ જ તેમને સફળતાના શિખરે લઈ ગઈ. રામન કહેતા કે, 'સાચું વિજ્ઞાન સાધનોમાં નથી, પણ મગજની જિજ્ઞાસામાં છે.' આજે જ્યારે આપણે લેબોરેટરીમાં મોંઘા સાધનોની અપેક્ષા રાખીએ છીએ, ત્યારે રામને ખૂબ જ સાધારણ સાધનોની મદદથી વિશ્વ કક્ષાની શોધ કરી હતી.

૩. શું છે 'રામન ઈફેક્ટ'? (સરળ સમજૂતી)

જ્ઞાનની આ સફરમાં આપણે સમજવું જોઈએ કે આ શોધ ખરેખર શું હતી. સામાન્ય રીતે જ્યારે પ્રકાશ કોઈ માધ્યમમાંથી પસાર થાય, ત્યારે તે વિખેરાય છે. જો પ્રકાશના ફોટોન (કણો) અને માધ્યમના અણુઓ વચ્ચે અથડામણ થાય અને પ્રકાશની ઉર્જામાં કોઈ ફેરફાર ન થાય, તો તેને 'રેલે સ્કેટરિંગ' (Rayleigh scattering) કહેવાય છે.

પરંતુ રામન ઈફેક્ટમાં, પ્રકાશનો કણ જ્યારે પદાર્થના અણુ સાથે અથડાય છે, ત્યારે તે કાં તો ઉર્જા આપે છે અથવા ઉર્જા લે છે. આ ઉર્જાના બદલાવને કારણે પ્રકાશનો રંગ (તરંગલંબાઈ) બદલાય છે. આ ફેરફાર પદાર્થના આણ્વિક માળખા (Molecular structure) વિશે માહિતી આપે છે. આજે કેમિસ્ટ્રી, મેડિસિન અને ફોરેન્સિક સાયન્સમાં રામન સ્પેક્ટ્રોસ્કોપીનો વ્યાપક ઉપયોગ થાય છે.

૪. દરિયાનો વાદળી રંગ અને જિજ્ઞાસાની શક્તિ

૧૯૨૧માં સી.વી. રામન લંડનથી મુંબઈ આવી રહ્યા હતા. વહાણની મુસાફરી દરમિયાન તેમણે ભૂમધ્ય સમુદ્રના ઘેરા વાદળી રંગને જોયો. તે સમયે પ્રચલિત માન્યતા એવી હતી કે આકાશના પ્રતિબિંબને કારણે દરિયો વાદળી દેખાય છે. પરંતુ રામનના મનમાં પ્રશ્ન જાગ્યો–શું ખરેખર એવું જ છે?

તેમણે વહાણ પર જ એક નાનકડા પ્રિઝમની મદદથી અવલોકનો કર્યા અને સાબિત કર્યું કે પાણીના અણુઓ દ્વારા પ્રકાશના વિખેરણ (scattering) ને કારણે દરિયો વાદળી દેખાય છે. એક સામાન્ય જિજ્ઞાસામાંથી જન્મેલો આ પ્રશ્ન અંતે 'રામન ઈફેક્ટ'ની શોધનું પગથિયું બન્યો. એક શિક્ષક તરીકે હું હંમેશા વિદ્યાર્થીઓને કહું છું કે, 'પ્રશ્ન પૂછવો એ વિજ્ઞાનની પહેલી નિશાની છે.'

૫. ભારતીય સંદર્ભમાં વિજ્ઞાન અને પરંપરા

ભારતની ભૂમિ હંમેશા જ્ઞાન-વિજ્ઞાનની ભૂમિ રહી છે. શૂન્યની શોધ કરનાર આર્યભટ્ટ હોય કે ગણિતશાસ્ત્રી ભાસ્કરાચાર્ય, ખગોળશાસ્ત્રી વરાહમિહિર હોય કે આયુર્વેદના પ્રણેતા ચરક અને સુશ્રુત–ભારતે હંમેશા વિશ્વને નવી રાહ ચીંધી છે. સી.વી. રામનની શોધે સાબિત કર્યું કે આધુનિક યુગમાં પણ ભારત પાસે એ બૌદ્ધિક ક્ષમતા છે જે વિશ્વને નેતૃત્વ આપી શકે.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ માત્ર ઉજવણી નથી, પણ આપણા ભવ્ય વારસાને યાદ કરીને ભવિષ્યના ભારતનું નિર્માણ કરવાનો સંકલ્પ છે. આજે ઈસરો (ISRO) ના ચંદ્રયાન અને મંગળયાન મિશનો સમગ્ર દુનિયામાં ભારતની ટેકનોલોજીનો ડંકો વગાડી રહ્યા છે. આ બધું જ સી.વી. રામન જેવા મહાનુભાવોએ વાવેલા વિજ્ઞાનના બીજનું પરિણામ છે.

૬. વિજ્ઞાન અને શિક્ષણ: એક નવી દિશા

એક શિક્ષક તરીકે, મને લાગે છે કે વિજ્ઞાન માત્ર પાઠ્યપુસ્તકો સુધી મર્યાદિત ન રહેવું જોઈએ. વર્ગખંડમાં જ્યારે કોઈ બાળક પૂછે કે 'આમ કેમ થાય છે?' ત્યારે જ વિજ્ઞાન જન્મે છે. વિજ્ઞાન દિવસ નિમિત્તે આપણે શાળાઓમાં નીચે મુજબના અભિગમો કેળવવા જોઈએ:

કરો અને શીખો (Learning by doing): પુસ્તકિયા જ્ઞાન કરતાં પ્રયોગો દ્વારા સમજૂતી આપવી.

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ (Scientific Temper): અંધશ્રદ્ધા અને રૂઢિચુસ્ત વિચારોને ત્યજીને તર્કબદ્ધ વિચારવાની શક્તિ ખીલવવી.

પર્યાવરણ અને વિજ્ઞાન: ટેકનોલોજીનો ઉપયોગ પ્રકૃતિના વિનાશ માટે નહીં પણ વિકાસ માટે કરવો.

વિજ્ઞાન એ સતત વહેતી નદી છે. જો તેમાં પ્રશ્નોના પથ્થરો નહીં ફેંકાય, તો તેનું પાણી સ્થગિત થઈ જશે.

૭. આજના યુગમાં વિજ્ઞાનના પડકારો

આજે આપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ અને જેનેટિક એન્જિનિયરિંગના યુગમાં જીવી રહ્યા છીએ. વિજ્ઞાને આપણને સુખ-સુવિધાઓ આપી છે, પણ સાથે જ નૈતિક પડકારો પણ ઊભા કર્યા છે. સાયબર સુરક્ષા હોય કે ક્લાયમેટ ચેન્જ–આ બધાનો ઉકેલ વિજ્ઞાન પાસે જ છે. સી.વી. રામન કહેતા કે 'પ્રકૃતિને પૂછો, તે તમને જવાબ આપશે.' આજે જ્યારે પ્રકૃતિ અસંતુલિત થઈ રહી છે, ત્યારે આપણે વિજ્ઞાનની મદદથી તેને ફરી બેઠી કરવાની જરૂર છે. વિજ્ઞાન વિનાનો વિકાસ અધૂરો અને જોખમી છે.

પ. પૂ. માતા સાધણી સાહેબના મંદિરનું ભવ્ય ઉદ્ઘાટન અને મૂર્તિ સ્થાપના સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે

# સોનાપુર ખાતે સંત ખાનુરામ સાહેબ અને સાધણી માતા સાહેબના મંદિરનું ભવ્ય ઉદ્ઘાટન અને મૂર્તિ સ્થાપના

**મૂર્તિ સ્થાપના** પ. પૂ. સાધણી માતા સાહેબની વરસી નિમિત્તે ધાર્મિક કાર્યક્રમો, સંતો – મહંતોની ઉપસ્થિતિ, મહાપ્રસાદનું આયોજન

• ગોસા(ઘેડ) તા.૩૦

પોરબંદર-રાણાવાવ સમસ્ત સિંધી સમાજ દ્વારા સમસ્ત સિંધી સમાજના ભક્તજનોને જાણ કરવામાં આવી છે કે આગામી તા. ૧-૨-૨૦૨૬ (રવિવાર) ના રોજ પરમ પૂજ્ય સાધણી માતા સાહેબની વરસી નિમિત્તે તથા સોનાપુર ખાતે નવનિર્માણ થયેલ પ. પૂ. સંત ખાનુરામ સાહેબ અને પ. પૂ. માતા સાધણી સાહેબના મંદિરનું ભવ્ય ઉદ્ઘાટન અને મૂર્તિ સ્થાપના સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યક્રમની શરૂઆત સવારે ૭:૩૦ થી ૯:૩૦ કલાક દરમિયાન સોનાપુર ખાતે મંદિર ઉદ્ઘાટન તથા મૂર્તિ સ્થાપન વિધિથી થશે. ત્યારબાદ સિંધુભવન ખાતે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન ભજન-કીર્તન અને સત્સંગનું આયોજન રાખવામાં આવ્યું છે. બપોરે ૧૨:૦૦ થી ૧:૦૦ સંતોનું પ્રવચન યોજાશે, ત્યારબાદ ૧:૦૦ વાગ્યે મહાઆરતી તથા પાલવ સાહેબ અને ૧:૩૦ વાગ્યે મહાપ્રસાદ (ભંડારો)નું આયોજન કરવામાં આવ્યું છે. આ શુભ પ્રસંગે સંતો, મહંતો અને ધાર્મિક આગેવાનોપ. પૂ. સંત ખાનુરામ સાહેબ ના વંશજ એવા સંતગણ માં સંત પવનકુમાર નવલાણી, મીનાબેન પવનકુમાર નવલાણી, સંત ખાનુરામ સાહેબ મંદીર (થલી) -લક્ષ્મીનગર, પોરબંદર ઉપસ્થિત રહી ભક્તજનોને આશીર્વાદ આપશે. આ શુભ અવસર પર સંતો નુ આગમન થશે તેમાં પૂ. શ્યામ રોહેરા - પૂ. ભાભા આયારામ દરબાર, અમદાવાદ,પૂ. કરતાર લાલ ,પૂ. ભાભા જુડીયારામ દરબાર, વંથલી (સોરઠ), પૂ. પ્રકાશલાલ ભાઈસાહેબ - . માતા ગ્યાની સાહેબ, સોમનાથ,પૂ. ભાઈ સાહેબ લાલદેવ મસંદ,પૂ. દુઃખ ભંજન દરબાર, બાંટવા,પૂ. મહંત સ્વામી અમરલાલ જીગ્યાસી પૂ. જેરામ અમરદાસ દરબાર, રાજકોટ,પૂ. ભગવાનદાસ મતલાણી પૂ.હું માતા સરૂપાદેવી દરબાર, માણાવદર, પૂ. ભાઈ સાહેબ જેઠાનંદ - પૂ. તખ્તરામ મંદીર, વંથલી (સોરઠ),પૂ. ભાઈ સાહેબ દિનેશકુમાર - પૂ ગુરુનાનકદેવ દરબાર, પોરબંદર, જસવિંદર કૌર -ગુરુદ્વારા, એરપોર્ટ, પોરબંદર,પૂ. ડામોમાલ ઠાકુર - પૂ. જુલેલાલસાંઈ ના સેવક, પોરબંદર,પૂ સુરેશકુમાર - પૂ. કબુલભગત, વેરાવલ,પૂ. ભાઈ સાહેબ વિનોદકુમાર કાંજાણી, પૂ. સંત હજારીમલ ગુરુદ્વારો, બટવા આ પોરબંદર-રાણાવાવ સમસ્ત સિંધી સમાજના વડીલોનું સંતો દ્વારા વિશેષ સન્માન કરવામાં આવશે.\ ઉપરાંત સમાજ સેવામાં અગ્રણી સંસ્થાઓ એવી (૧) જે સંસ્થા નું એકજ સૂત્ર છે ' માનવ સેવા એજ પ્રભુ સેવા' એવી સંસ્થા શ્રી તિરૂપતિ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ, પોરબંદર અને (૨) માહી ચેરિટેબલ ટ્રસ્ટ * જીવ માત્ર ની સેવા એજ પ્રભુ સેવા', પ્રમુખ કમલભાઈ ગોસલિયાના સન્માન તેમજ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીઓ, લોકપ્રિય રાજકીય નેતાઓ, વહીવટી અધિકારીઓ, સામાજિક આગેવાનો તથા વિવિધ સિંધી પંચાયતના પ્રતિનિધિઓ વિશેષ મહેમાન તરીકે માં અર્જુનભાઈ મોઢવાડીયા કેબિનેટ મંત્રી, ગુજરાત સરકાર, રમેશભાઈ ધડુક ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ અને પૂર્વ સાંસદ,બાબુભાઈ બોખીરીય પૂર્વ કેબિનેટ મંત્રી, ગુજરાત સરકાર, ઉપસ્થિત રહેશે અતિથી વિશેષ મહેમાનોમાં એસ. ડી. ધાનાણી પોરબંદર જીલા કલેકટર ,ભગીરથસિંહ જાડેજા પોરબંદર જીલા પોલીસ અધ્યક્ષ, હસમુખ પ્રજાપતિ મહાનગર પાલિકા ચેરિટી કમિશનર ,બી. બી. ચૌધરી પોરબંદર ડી. ડી. ઓ. ઋતુબેન રાબા પોરબંદર ડી. વાય. એસ. પી., બી. વી. સંચાણીયા મામલતદાર પોરબંદર,ડો. ચેતના બેન તિવારી પોરબંદર જીલા ભાજપ પ્રમુખ,સુશીલકુમાર જી મેડીકલ કોલેજ ડીન,ડો. સુરેશ ગાંધી ડોક્ટર જગતના ભીષ્મપિતામહ,પવનભાઈ શિયાળ(સમસ્ત ગુજરાત ખારવા સમાજ વાણોટ પ્રમુખ) સુનીલભાઈ જેઠવાણી - (નગરપાલિકા પ્રમુખ બાંટવા), ઘનશ્યામભાઈ ચાંદવાણી - પ્રમુખ સિંધી જનરલ પંચાયત, રાણાવાવ સહીત ના મહાનુભાવો ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવશે.

# ઢીમામાં 51 પરગણાના નાઈ સમાજના આગેવાનો સમાજના હિત માટે કડક નિયમો બનાવ્યા

• વાવ-થરાદ

નાઈ સમાજ ઢીમા ખાતે બંધારણ ને આખરી ઓપ આપી સામાજિક સુધારણા ની પહેલ કરી કુરિવાજો ને વ્યસન પર પ્રતિબંધ મૂક્યો ઠાકોર સમાજ અને રબારી સમાજ બાદ હવે નાઈ સમાજે પણ કડક બંધારણ અમલમાં મૂકીને સમાજ સુધારણાની નવી દિશામાં એક પહેલ કરી છે. વાવ-થરાદ જીલ્લાના ધરણીધર તાલુકાના ઢીમા ગામે નાઈ સમાજ દ્વારા બંધારણ બનાવવામાં આવ્યું. જેમાં સમાજમાં વધતા જતા બિનજરૂરી ખર્ચાઓ, દેખાદેખી, ડીજે, નશીલા પદાર્થોનું સેવન પર આ ઐતિહાસિક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં 51 પરગણાના નાઈ સમાજના આગેવાનો ભેગા થયા હતા. લાંબા મનોમંથન અને ચર્ચા-વિચારણા બાદ સમાજ માટે આ નવું બંધારણ તૈયાર કરવામાં આવ્યું. નાઈ સમાજના આગેવાનોએ જણાવ્યું કે, આ બંધારણનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં સંસ્કાર, શિસ્ત, સદાચાર અને આર્થિક સંતુલન જાળવવાનો છે. દેખાદેખી અને ખોટા ખર્ચાઓમાં ફસાઈને પરિવારો આર્થિક રીતે નબળા ન પડે તે માટે આ કડક નિર્ણયો બન્યા. બંધારણ મુજબ, લગ્ન પ્રસંગોમાં કેફી પદાર્થોનું સેવન સદંતર બંધ રહેશે. તેમજ હલ્દી રસમ, વેલકમ સોંગ અને ડીજે પ્રથા પર પણ સંપૂર્ણ પ્રતિબંધ, લગ્ન પ્રસંગમાં પડલામાં (તોડી, ફૂલ, બુટી, બંગડી) જેવી વસ્તુઓ લઈ જવાની રહેશે, પરંતુ કડલા અને ચૂડો લઈ જવા પર પ્રતિબંધ મુકાયો છે. વાસણ પ્રથા પણ લગ્ન અને ઉજમણા જેવા પ્રસંગોએ સદંતર બંધ, ઓઢામણી રોકડા પૈસાથી જ કરવાની રહેશે. મામેરા અને જુજેણામાં દાગીનાને બદલે રોકડા પૈસા મૂકવા અને એક ઘર પૂરતા જ કપડાં લઈ જવાના રહેશે. મામેરામાં ઓછામાં ઓછા એકાવન હજાર અને વધુમાં વધુ પાંચ લાખ રોકડા આપવા, દાગીના પ્રથા બંધ કરાઈ છે. સમાજની દીકરીઓને 12 ધોરણ પાસ કરાવ્યા પછી જ તેમના લગ્ન કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. લગ્ન પ્રસંગમાં ડિજિટલ પત્રિકા છપાવવી અને સોશિયલ મીડિયા દ્વારા આમંત્રણ આપવાનું આવા કડક નિયમો બનાવવામાં આવ્યાં છે.

# ટ્રેન નીચે આવી જતાં યુવકના શરીરના બે ટુકડા, અકસ્માત કે આત્મહત્યા?

• પાટણ

પાટણ શહેરના રેલવે ગરનાળા પાસે ટ્રેન નીચે આવી જતાં 31 વર્ષના કૈલાસ કુમાર નામની વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પાટણ રેલવે સ્ટેશનથી નીકળેલી ટ્રેનની અડફેટે આવતાં આ બનાવ બન્યો હતો, જેને પગલે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. ઘટનાની જાણ થતાં જ રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને હાલમાં અકસ્માતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતદેહ કૈલાસ કુમાર છેલ્લાં બે વર્ષથી તેના ભાઈના ઘરે રહેતો હતો અને 4 મહિના પછી એટલે કે એપ્રિલ મહિનામાં તેના લગ્ન નક્કી થવાના હતા. હાલમાં પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. બીજી તરફ આ ઘટના અકસ્માતે બની છે કે આત્મહત્યાનો કેસ છે એ તરફ પણ પોલીસ તપાસ ચાલી રહી છે. આ ઘટના પાટણ રેલવે સ્ટેશન નજીક આવેલા રેલવે ગરનાળા પાસે બની હતી. પાટણ સ્ટેશનથી ટ્રેન રવાના થઈ રહી હતી એ સમયે વ્યક્તિ અચાનક રેલવેટ્રેક પર આવી ગયો હતો.

# રાજકોટમાં ACB એ ઈન્કમટેક્ષના એરિયર્સ પાસ કરવા ૪૫ હજારની લાંચ લેતા અધિકારી સહિત ૩ ને ઝડપી પાડ્યા

• રાજકોટ,

રાજકોટમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) એ એક અત્યંત જટિલ અને આયોજનબદ્ધ છટકું ગોઠવીને લાંચિયા અધિકારીઓની આખી સાંકળનો પર્દાફાશ કર્યો છે. નાણાં મંત્રાલયના આસીસ્ટન્ટ એકાઉન્ટ ઓફિસર, એક નિવૃત્ત ઈન્કમટેક્ષ ઈન્સ્પેક્ટર અને એક પટાવાળાએ સાથે મળીને રચેલા લાંચના નેટવર્કને એસીબીએ ગીરનાર ટોકીઝ પાસે જડબેસલાક રીતે પકડી પાડ્યું છે.

ઘટનાની વિગતો મુજબ, ફરિયાદીનું ૪ લાખનું એરિયર્સ બિલ મંજૂર કરવા માટે આસીસ્ટન્ટ એકાઉન્ટ ઓફિસર રવિકુમાર જાંગીડે બિલના ૨૦% લેખે ૮૦,૦૦૦ની લાંચ માંગી હતી. રકઝકના અંતે ૫૦,૦૦૦ નક્કી થયા હતા, જેમાંથી ૫,૦૦૦ એડવાન્સમાં લેવાયા હતા. બાકીના ૪૫,૦૦૦ લેવા માટે આરોપીઓએ મોટું નેટવર્ક ગોઠવ્યું હતું. અધિકારીએ પોતે પૈસા ન લઈ ભુજમાં રહેતા નિવૃત્ત ઈન્સ્પેક્ટર શૈલેષ ચોહાણને હવાલો આપ્યો હતો, અને શૈલેષે રાજકોટમાં ઈન્કમટેક્ષ ઓફિસના પટાવાળા અક્ષય વાગડીયાને નાણાં લેવા મોકલ્યો હતો.

ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે રાજકોટ એસીબીનો સંપર્ક કર્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. સોલંકી અને તેમની ટીમે ગીરનાર ટોકીઝ સામે બજરંગ ઈમિટેશન પાસે છટકું ગોઠવ્યું હતું. પટાવાળા અક્ષયે જેવી પંચોની હાજરીમાં ૪૫,૦૦૦ની લાંચ સ્વીકારી, કે તરત જ એસીબીએ તેને દબોચી લીધો હતો. આ કેસમાં અધિકારી રવિકુમાર જાંગીડ અને મધ્યસ્થી નિવૃત્ત ઈન્સ્પેક્ટર શૈલેષ ચોહાણ સહિત ત્રણેય સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# પાલેજ પોલીસે શરીર સંબંધી ગુનામાં એક વર્ષથી પોલીસને હંફાવતા આરોપીને હરિયાણાથી ઝડપી પાડ્યો

• પાલેજ/ભરૂચ,

પાલેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ શરીર સંબંધી ગંભીર ગુનામાં છેલ્લા એક વર્ષથી પોલીસને થાપ આપી નાસતા-ફરતા ઉત્તર પ્રદેશના મેનપુરીના શખ્સને પોલીસે છેક હરિયાણાના ગુરૂગ્રામથી દબોચી લીધો છે. કાયદાના સકંજામાંથી બચવા માટે સતત સ્થળ બદલતા આરોપીને પકડવા માટે પોલીસે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો માસ્ટર પ્લાન તૈયાર કર્યો હતો.

વિગતવાર માહિતી મુજબ, આરોપી ઓમકાર સુરેશ યાદવ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) અને જી.પી. એક્ટ મુજબ ગુનો દાખલ થયો હતો. ધરપકડથી બચવા તે સતત ફરાર રહેતો હોવાથી તેની વિરુદ્ધ BNSS કલમ ૭૨ મુજબનું વોરન્ટ મેળવવામાં આવ્યું હતું. ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાથી પાલેજ પોલીસની ટીમે બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપી નું સચોટ લોકેશન મેળવ્યું હતું. આરોપી હરિયાણાના ગુરૂગ્રામમાં છુપાયો હોવાની ખાતરી થતા જ પોલીસની ટીમે ત્યાં ધામા નાખી તેને ઝડપી પાડ્યો હતો.

એક વર્ષના લાંબા અંતરાલ બાદ વોન્ટેડ આરોપીને પકડી પાડ્યો છે. આરોપીને પાલેજ લાવી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**રૂ ૧૧૮૫૦/-ના મુદ્દામાલ સાથે બે પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી**

# ભાભર પોલીસ સ્ટેશન વિસ્તારના ભાભર ટાઉનમાંથી આંક ફરક (વરલી મટકા)નો જુગાર રમતા બે ઝડપાયા

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

ભાભર પોલીસ સ્ટેશન વિસ્તારના ભાભર ટાઉનમાંથી આંક ફરક (વરલી મટકા)નો જુગાર રમતા કુલ-બે ઈસમોને કુલ કિ.રૂ.૧૧૮૫૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી પેરોલ ફર્લો સ્કોડ વાવ-થરાદ પોલીસ મહાનિરીક્ષક શ્રી ચિરાગ કોરડીયા સાહેબ સરહદી રેન્જ કચ્છ ભુજ તથા વાવ-થરાદ જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયા સાહેબ નાઓએ જીલ્લામાં પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના કરતા



શ્રી આર.એસ દેસાઈ પોલીસ ઈન્સપેક્ટર ઈ.ચા પેરોલ ફર્લો સ્કોડ જિ.વાવ-થરાદ નાઓના માર્ગદર્શન હેઠળ. પેરોલ ફર્લો સ્કોડ જિ.વાવ-થરાદના પોલીસ સ્ટાફના માણસો થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેરોલ ફર્લો, વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓની તપાસમાં ભાભર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હતા તે દરમ્યાન મળેલ ખાનગી બાતમી હકિકત આધારે ભાભર ટાઉન વિસ્તારમાં જુગાર લગત રેઈડ કરતા બે ઈસમો આંક ફરક (વરલી મટકા)નો હાર જીતનો જુગાર રમતા ઈસમોને રોકડ રકમ રૂ.૧૧૮૫૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેમના વિરૂદ્ધ ભાભર પોલીસ સ્ટેશન જુગાર ધારા કલમ મુજબની કાયદેસરની કાર્યવાડી કરેલ છે.

આરોપીઓ ના નામ

(૧)મધુભા કલુભા જાતે-રાઠોડ રહે-ભાભર જુના, તા-ભાભર

(૨)ઈસાજી ડાહ્યાજી ઠાકોર રહે-માળી વાસ,ભાભરનવા તા-ભાભર

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# હાર્દિકે ફિફ્ટી ફટકાર્યા બાદ માહિકાને ફ્લાઈંગ કિસ આપી

## ભારતે બીજું સૌથી મોટું ટોટલ બનાવ્યું, એક ઈનિંગમાં હાઇએસ્ટ સિક્સર પણ ફટકારી



• ચેન્નઈ

ગુરુવારે ટીમ ઈન્ડિયાએ ટી-20 વર્લ્ડ કપનો બીજો સૌથી મોટો સ્કોર બનાવ્યો. આ સાથે એક ઈનિંગ્સમાં સૌથી વધુ સિક્સર ફટકારવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો. ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં રમાયેલી આ હાઈ-સ્કોરિંગ મેચમાં બંને ટીમે મળીને 440 રન બનાવ્યા. પહેલા બેટિંગ કરતાં ભારતે 20 ઓવરમાં 4 વિકેટે 256 રન બનાવ્યા. જવાબમાં ઝિમ્બાબ્વેએ પણ દમ દેખાડ્યો, પરંતુ ટીમ 20 ઓવરમાં 6 વિકેટે 184 રન જ બનાવી શકી. ભારતે 72 રનથી મેચ પોતાના નામે કરી. જેવી હાર્દિકે પોતાની ફિફ્ટી પૂરી કરી, તેણે તરત જ બેટ ઊંચું કરીને સ્ટેન્ડમાં બેઠેલી તેની ગર્લફ્રેન્ડ માહિકા શર્મા તરફ જોયું અને તેને ફ્લાઈંગ કિસ આપી હતી. આ દરમિયાન માહિકા પણ સ્ટેન્ડમાં હાર્દિકને ખૂબ જ ઉત્સાહથી ચિયર કરતી જોવા મળી હતી અને તેણે પણ સામે હાર્દિકને ફ્લાઈંગ કિસ આપીને અભિવાદન ઝીલ્યું હતું. ભારતે ટી-20 વર્લ્ડ કપનો બીજો સૌથી મોટો સ્કોર બનાવ્યો. ટીમે 4 વિકેટ ગુમાવીને 256 રન બનાવ્યા. ભારતથી આગળ માત્ર શ્રીલંકા છે, જેણે 2007માં કેન્યા સામે 260 રન બનાવ્યા હતા. ભારતે 17 સિક્સર ફટકારી, જે કોઈ એક વર્લ્ડ કપ ઈનિંગમાં ટીમની સૌથી વધુ સિક્સર છે. આ પહેલાં ભારતે 2024માં ઓસ્ટ્રેલિયા સામે 15 સિક્સર ફટકારી હતી. વર્તમાન ટુર્નામેન્ટમાં ભારતે અત્યારસુધીમાં 63 છગ્ગા ફટકાર્યા છે, જે કોઈ એક એડિશનમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન પણ છે. આ મામલે માત્ર વેસ્ટ ઈન્ડીઝ (66) ભારતથી આગળ છે.ભારતે ઝિમ્બાબ્વે સામે 256 રન બનાવીને ટી-20 વર્લ્ડ કપના ઈતિહાસમાં 5મી વખત 200+ના સ્કોરનો આંકડો પાર કર્યો. આ યાદીમાં ભારત બીજા સ્થાને છે, જ્યારે સાઉથ આફ્રિકા 6 વખત 200+નો કુલ સ્કોર બનાવીને ટોચ પર છે. ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે કુલ 440 રન બન્યા, જે ટી-20 વર્લ્ડ કપ ઈતિહાસનો બીજો સૌથી મોટો મેચ એગ્રીગેટ છે. આ યાદીમાં ટોચ પર 2016માં વાનખેડેમાં રમાયેલી સાઉથ આફ્રિકા વિરુદ્ધ ઈંગ્લેન્ડની મેચ છે, જેમાં 459 રન બન્યા હતા.રસપ્રદ વાત એ છે કે 2007ના પહેલા વર્લ્ડ કપમાં પણ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 418 રન બન્યા હતા, જે આજે પણ ટોપ હાઈ-એગ્રીગેટ મેચોમાં સામેલ છે.મિડલ-ઓર્ડર અને ફિનિશર રોલમાં ભારતના હાર્દિક પંડ્યાનો રેકોર્ડ ટી-20 વર્લ્ડ કપમાં ખૂબ જ શાનદાર રહ્યો છે. નંબર-5 કે એનાથી નીચે બેટિંગ કરતાં તેણે 4 ફિફ્ટી ફટકારી છે, જે આ પોઝિશન પર કોઈપણ બેટ્સમેન દ્વારા સૌથી વધુ છે. તે પહેલાં ડેવિડ મિલર, શોએબ મલિક અને માર્કસ સ્ટોઈનિસે 3-3 ફિફ્ટી ફટકારી હતી.ઝિમ્બાબ્વે સામે ટી-20 વર્લ્ડ કપમાં સૌથી મોટો પાવરપ્લે સ્કોર બન્યો છે. ભારતે શરૂઆતની 6 ઓવરમાં 80 રન બનાવ્યા. આ ઓવરઓલ ભારતનો વર્લ્ડ કપમાં ત્રીજો સૌથી મોટો પાવરપ્લે સ્કોર પણ છે. આ જ વર્લ્ડ કપમાં નામિબિયા સામે 86/1 રન બનાવીને ભારતે શ્રેષ્ઠ પાવરપ્લે ટોટલ નોંધાવ્યો હતો.ઝિમ્બાબ્વેના ઓલરાઉન્ડર સિકંદર રઝાએ T-20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં એક ખાસ સિદ્ધિ પોતાના નામે કરી લીધી છે. તેઓ 3000થી વધુ રન બનાવનાર અને 100થી વધુ વિકેટ લેનાર દુનિયાનો બીજો ખેલાડી બની ગયો છે. તેમની પહેલાં આ કારનામું મલેશિયાનો વીરનદીપ સિંહ કરી ચૂક્યો છે.

**નિધન** UPCAના સેક્રેટરીએ કહ્યું- અમે બધા રિંકુ અને તેના પરિવાર સાથે ઉભા છીએ

# વર્લ્ડ કપ વચ્ચે ક્રિકેટર રિંકુ સિંહના પિતાનું નિધન:ચોથા સ્ટેજનું લિવર કેન્સર હતું

## નોઈડાથી અલીગઢ પહોંચ્યો મૃતદેહ; મંગેતર પ્રિયા સરોજ 3 દિવસથી હોસ્પિટલમાં સાથે હતી

• અલીગઢ

ક્રિકેટર રિંકુ સિંહના પિતા ખાનચંદ સિંહનું શુક્રવારે સવારે લગભગ 4.36 વાગ્યે નિધન થયું છે. તેઓ 60 વર્ષના હતા. તેમને ચોથા સ્ટેજનું લિવર કેન્સર હતું. થોડા દિવસ પહેલા તેમની તબિયત વધુ બગડી હતી, ત્યારબાદ તેમને અલીગઢથી ગ્રેટર નોઈડાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.ત્યાં તેમને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા. મૃતદેહને અલીગઢ લાવવામાં આવ્યો છે. અંતિમ સંસ્કાર ત્યાં જ કરવામાં આવશે. રિંકુ પણ ચેન્નાઈથી નીકળી ગયો છે અને ટૂંક સમયમાં અલીગઢ પહોંચશે.પિતાની તબિયત બગડવાની જાણ થતાં જ રિંકુ સિંહ મંગળવારે ટીમ ઈન્ડિયાનો સાથ છોડીને ચેન્નઈથી સીધા નોઈડા પહોંચ્યા હતા. તેમને ટી-20 વર્લ્ડ કપની પ્રેક્ટિસ સેશન છોડવી પડી હતી.

25 ફેબ્રુઆરીએ રિંકુ ચેન્નઈ પાછા ફર્યા હતા અને ટીમ સાથે જોડાઈ ગયા હતા. જોકે, 26 ફેબ્રુઆરીએ ચેન્નઈમાં ઝિમ્બાબ્વે સામે રમાયેલી સુપર-8ની મેચમાં તેઓ પ્લેઈંગ ઈલેવનનો ભાગ નહોતા. તેઓ સબસ્ટિટ્યૂટ તરીકે મેદાન પર ફિલ્ડિંગ કરી રહ્યા હતા. સૂત્રો અનુસાર, પિતાના



નિધનના સમાચાર મળ્યા બાદ રિંકુ ઘરે પરત ફરી રહ્યા છે. આ દરમિયાન રિંકુની મંગેતર અને મછલીશહરના સાંસદ પ્રિયા સરોજના પિતા તુફાની સરોજે ફોન પર ભાસ્કર સાથે વાત કરી. જણાવ્યું કે- પ્રિયા ઘણા દિવસોથી રિંકુના પરિવાર સાથે છે. અમે પણ રાત્રે ગયા હતા. પાછા ફરતી વખતે રસ્તામાં નિધનના સમાચાર મળ્યા. IPL ચેરમેન અરુણ ધુમલે કહ્યું, 'રિંકુ સિંહના પિતાના અચાનક નિધન વિશે સાંભળીને મને દુઃખ થયું છે. રિંકુ અને તેના સમગ્ર પરિવાર પ્રત્યે મારી સંવેદના છે. રિંકુ તેના પિતાના બધા સપના પૂરા કરે અને ભારતને ગૌરવ અપાવે તેવી પ્રાર્થના.'

UPCAના સેક્રેટરી પ્રેમ મનોહર ગુપ્તાએ કહ્યું, 'રિંકુ સિંહના પિતાના નિધન વિશે સાંભળીને અમને ખૂબ જ દુઃખ થયું છે. રિંકુના લગ્ન હાલમાં જ નક્કી થયા હતા. પરિવારમાં ખુશીઓ આવવાની જ હતી, ત્યાં આ સમયે પિતાનું નિધન વધુ પીડાદાયક છે. સમગ્ર UPCA રિંકુ સિંહ અને તેના પરિવાર સાથે મજબૂત રીતે ઉભું છે.' રિંકુ સિંહના પૂર્વ કોચ મસૂદ અમીને કહ્યું, 'અમને રિંકુના પિતાના નિધનના સમાચાર મળ્યા. તેઓ કેન્સરથી પીડાઈ રહ્યા હતા. હોસ્પિટલમાં દાખલ હતા. છેલ્લા 3-4 દિવસથી વેન્ટિલેટર પર હતા. તેમણે પોતાના દીકરા રિંકુને ક્રિકેટ રમવામાં મદદ કરવા માટે ખૂબ મહેનત કરી હતી. ત્યારે જ તે આજે આ મુકામ પર પહોંચી શક્યો. તેમના પિતા ગેસ હોકર તરીકે કામ કરતા હતા. આજે તેમનો દીકરો ઈન્ડિયા માટે રમી રહ્યો છે.' પૂર્વ ક્રિકેટર યુવરાજ સિંહે ટ્વીટ કર્યું, 'આ સમાચાર સાંભળીને દિલ તૂટી ગયું.આવા સમયે કોઈ પણ શબ્દ પૂરતો લાગતો નથી.આ મુશ્કેલ સમયમાં હું તમારી સાથે છું.આશા છે કે તમને તમારી આસપાસના પ્રેમમાં હિંમત અને શક્તિ મળશે.'પૂર્વ ક્રિકેટર હરભજન સિંહે કહ્યું- રિન્કુ સિંહના પિતા ખાનચંદ સિંહના નિધન વિશે જાણીને દુઃખ થયું. રિન્કુ અને તેમના પરિવાર માટે આ ખૂબ મુશ્કેલ સમય હશે. રિન્કુ T20 વર્લ્ડ કપ દરમિયાન પોતાના દેશ અને ટીમ માટે પોતાની જવાબદારીઓને લઈને સંપૂર્ણપણે સમર્પિત રહ્યા છે. મારી હૃદયપૂર્વકની પ્રાર્થનાઓ તેમના અને તેમના પ્રિયજનો સાથે છે.

રિંકુ સિંહના કોચ મસૂદ ઉઝ ઝફર અમીની અલીગઢમાં ક્રિકેટરના ઘરે પહોંચ્યા. તેમણે કહ્યું- આ ખૂબ મોટી ખોટ છે. રિંકુ સિંહ પણ એરપોર્ટ માટે નીકળી ગયા છે. રિન્કુ હાલમાં ટી20 વર્લ્ડકપ માટે ટીમ ઈન્ડિયાનો ભાગ છે. જોકે, અત્યાર સુધી તે કંઈ ખાસ કમાલ કરી શક્યો નથી. ટુર્નામેન્ટમાં 5 મેચમાં માત્ર 24 રન જ બનાવી શક્યો છે. દક્ષિણ આફ્રિકા સામેની છેલ્લી મેચમાં તે ખાતું પણ ખોલી શક્યો ન હતો. ટુર્નામેન્ટમાં તેનો સ્કોર 6, 1, 11, 6 અને 0 રહ્યો છે. રિન્કુના ઘરે પહોંચ્યું અંતિમયાત્રા વાહન, સુરક્ષાના કડક બંદોબસ્ત કરાયોપિતાના નિધનના સમાચાર મળ્યા બાદ રિંકુ સિંહ ટી20 વર્લ્ડ કપમાંથી ઘરે પાછા ફરી રહ્યા છે. આ દરમિયાન રિંકુની મંગેતર અને મછલીશહરના સાંસદ પ્રિયા સરોજના પિતા તુફાની સરોજે ફોન પર ભાસ્કર સાથે વાત કરી. તેમણે જણાવ્યું કે પ્રિયા ઘણા દિવસોથી રિંકુના પરિવાર સાથે છે. અમે પણ રાત્રે ગયા હતા.

### છૂટાછેડા બાદ પણ ક્રિકેટરનો દીકરા માટે અઢળક પ્રેમ

# હાર્દિક પંડ્યાનો 'નવાબી' અંદાજ!:ગર્લફ્રેન્ડ પર લાખો વરસાવ્યા, એક્સ વાઈફને આપી 4 કરોડની ડિફેન્ડર

## ગાડીના વિક્રેતાએ શેર કરેલી પોસ્ટમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, હાર્દિક પંડ્યાએ ફરી એકવાર તેમના પર વિશ્વાસ

ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યા અને તેની એક્સ વાઈફ નતાશા સ્ટેનકોવિક ભલે અલગ થઈ ગયા હોય, પરંતુ તેના દીકરા અગસ્ત્ય માટેનો તેનો પ્રેમ અને 'કો-પેરેન્ટિંગ' અત્યારે આખા દેશ માટે એક મિસાલ બની ગયું છે. તાજેતરમાં નતાશા અને અગસ્ત્ય એક શાનદાર બ્લેક લક્ઝરી Land Rover Defender સાથે જોવા મળ્યા હતા, જેની ચર્ચા અત્યારે સોશિયલ મીડિયા પર જોરશોરથી થઈ રહી છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલી તસવીરોમાં નતાશા સ્ટેનકોવિક અને અગસ્ત્ય એક લક્ઝરી Land Rover Defender સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા. આ લક્ઝરી કારની કિંમત અંદાજે 4 કરોડ હોવાનું મનાય છે. ગાડીના વિક્રેતાએ શેર કરેલી પોસ્ટમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, હાર્દિક પંડ્યાએ ફરી એકવાર તેમના પર વિશ્વાસ મૂકીને આ શાનદાર ગાડી ખરીદી છે. આ ગાડી ખાસ કરીને અગસ્ત્ય પંડ્યા અને નતાશા સ્ટેનકોવિક માટે છે. ફેન્સ આ ગ્રાન્ડ જેસ્ચર હાર્દિક તરફથી તેના દીકરા અને એક્સ વાઈફને ગિફ્ટ કરવામાં આવી છે. ઉપરાંત પાછળ એક પોસ્ટર જોવા મળી રહ્યું છે, જેના પર લખ્યું હતું- 'Papa to Agastya' (પપ્પા તરફથી અગસ્ત્ય માટે).

જુલાઈ 2024માં સત્તાવાર રીતે અલગ થયા હોવા છતાં, હાર્દિક અને નતાશાએ ક્યારેય પણ અગસ્ત્યની જવાબદારીઓમાં કચાશ રાખી નથી. સોશિયલ મીડિયા યુઝર્સ આ એક્સ કપલના મેચ્યોર અભિગમની પ્રશંસા કરી રહ્યા છે. હાર્દિક પંડ્યાએ સાબિત કરી દીધું છે કે ભલે તેના જીવનમાં નવા સંબંધો આવ્યા હોય, પરંતુ તેનો દીકરો અગસ્ત્ય હંમેશા તેની ટોચની પ્રાથમિકતા રહેશે.

હાર્દિક-નતાશાએ લોકડાઉન દરમિયાન 31 મે 2020ના રોજ લગ્ન કર્યા હતા. બંનેના ઘરે 30 જુલાઈ 2020ના રોજ દીકરા અગસ્ત્યનો જન્મ થયો હતો. હાર્દિક-નતાશાએ લોકડાઉન દરમિયાન 31 મે 2020ના રોજ લગ્ન કર્યા હતા. બંનેના ઘરે 30 જુલાઈ 2020ના રોજ દીકરા અગસ્ત્યનો જન્મ થયો હતો.

પિતા તરીકેની જવાબદારીની સાથે હાર્દિક પોતાની નવી જિંદગીને પણ માણી રહ્યો છે. 19 ફેબ્રુઆરીના રોજ હાર્દિકે તેની ગર્લફ્રેન્ડ માહીકા શર્માનો 25મો જન્મદિવસ ખૂબ જ રોમેન્ટિક અંદાજમાં ઉજવ્યો હતો. આ ખાસ પ્રસંગના વાઈરલ વીડિયોમાં હાર્દિક માહીકાને ચીયર કરતો અને તેની ખુશીમાં સહભાગી થતો જોવા મળ્યો હતો. હાર્દિકે તેને 'My Princess' કહીને એક હાર્ટ-ટચિંગ પોસ્ટ પણ શેર કરી હતી, જેણે ઈન્ટરનેટ પર ભારે ધૂમ મચાવી છે.નેટિઝન્સનું કહેવું છે કે હાર્દિક ભલે ગમે તેટલો વ્યસ્ત હોય કે જીવનમાં કોઈ નવા રિલેશનની શરૂઆત કરી હોય, પણ તેના દીકરા અગસ્ત્ય માટેનો પ્રેમ અડગ છે. લોકો એ વાતની પણ પ્રશંસા કરી રહ્યા છે કે નતાશા અને હાર્દિક પોતાના અંગત મતભેદો બાજુ પર મૂકીને દીકરાના ઉછેર પર પૂરતું ધ્યાન આપી રહ્યા છે.થોડા દિવસ પહેલાં, સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ એક નવું ટેટૂ જાહેર કર્યું છે, જે ખરેખર અનોખું છે. એલિયન્સ ટેટૂની ટીમે બનાવેલું ટેટૂ, તેની ગર્લફ્રેન્ડ મહિકા સાથે પ્રેમ, ઓળખ અને રિલેશનશિપની ખૂબ જ વ્યક્તિગત વાર્તા દર્શાવે છે. હાર્દિક પંડ્યાએ તેના ગળા પર 'M' અક્ષરનો ટેટૂ બનાવ્યો છે, જેમાં બે ચિત્તા પણ છે. આ એક કાયમી ટેટૂ છે. આ ટેટૂ બનાવનાર ટીમે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર વીડિયો શેર કર્યો છે. એમાં કેપ્શનમાં પણ લખ્યું છે હાર્દિક રાત્રે 2 વાગ્યે માહિકાને સાથે લઈને આવ્યો હતો.હાર્દિકના ગળા પર આ ખાસ ટેટૂ બનાવનાર ટીમના જણાવ્યા પ્રમાણે, હાર્દિક પંડ્યા માહિકાને એક સરપ્રાઈઝ આપવા માગતો હતો, જેમાં કોઈ અર્થ અને આત્મીયતાની ભાવના હોય.

# ઝિમ્બાબ્વે સામે ભવ્ય જીત બાદ પણ સૂર્યા દુ:ખી, કહ્યું - હવે અમારી સામે કરો યા મરોની સ્થિતિ



ટી-20 વર્લ્ડ કપ 2026ના સુપર-8 રાઉન્ડમાં ભારતે ઝિમ્બાબ્વેને 72 રને હરાવીને સેમીફાઈનલની રેસમાં દબદબો જાળવી રાખ્યો છે. ચેન્નાઈના મેદાન પર રનનો પહાડ ખડક્યા બાદ મળેલી આ ભવ્ય જીત છતાં કેપ્ટન સૂર્યકુમાર યાદવના ચહેરા પર એક અજંપો જોવા મળ્યો હતો. મેચ બાદ સૂર્યાએ સ્વીકાર્યું હતું કે જીત ચોક્કસ મળી છે, પરંતુ એક વાતની કસક હજુ મનમાં રહી ગઈ છે. ભારતે ઝિમ્બાબ્વે સામે નિર્ધારિત 20 ઓવરમાં 256/4 રનનો જંગી સ્કોર બનાવ્યો હતો, જે વર્લ્ડ કપના ઈતિહાસનો બીજો સૌથી મોટો સ્કોર છે. અભિષેક શર્મા (55), હાર્દિક પંડ્યા (અણનમ 50) અને તિલક વર્મા (અણનમ 44) ની આક્રમક બેટિંગે ઝિમ્બાબ્વેના બોલરોને પાયમાલ કરી દીધા હતા. જોકે, આટલા મોટા સ્કોર સામે ઝિમ્બાબ્વેએ પણ લડત આપી અને 184 રન બનાવી લીધા, જે સૂર્યાની ચિંતાનું કારણ બન્યું છે.મેચ જીત્યા બાદ સૂર્યકુમાર યાદવે પ્રમાણિકપણે સ્વીકાર્યું કે, 'જીત તો જીત છે, પણ સાચું કહું તો અમારા બોલરો હજુ થોડું સારું પ્રદર્શન કરી શક્યા હોત. અમે આટલો મોટો સ્કોર બનાવ્યો હોવા છતાં વિરોધી ટીમે 180થી વધુ રન કર્યા તે બાબતને અમે ગંભીરતાથી લઈશું અને આગળના મેચમાં તેમાં સુધારો કરવાનો પ્રયાસ કરીશું.'સૂર્યાએ ઝિમ્બાબ્વેના બેટર્સના, ખાસ કરીને બ્રાયન બેનેટ (અણનમ 97) ના મુક્તકંઠે વખાણ કર્યા. તેણે કહ્યું કે, પિચ બેટિંગ માટે સારી હતી પણ બેનેટ અને સિકંદર રઝાએ જે રીતે સ્માર્ટ બેટિંગ કરી તેનું શ્રેય તેમને મળવું જોઈએ.ભારતની આ જીતથી સાઉથ આફ્રિકા સેમીફાઈનલમાં પહોંચી ગયું છે અને ઝિમ્બાબ્વે બહાર થઈ ગયું છે. હવે 1 માર્ચે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે જંગ જામશે. આ મેચ ક્વાર્ટર ફાઈનલ જેવી હશે, કારણ કે જે ટીમ જીતશે તેને સેમીફાઈનલની ટિકિટ મળશે. સૂર્યાએ કહ્યું કે, 'કોલકાતામાં અમારે વધુ હિંમત બતાવવી પડશે અને પોઝિટિવ રહીને રમવું પડશે, કારણ કે અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી.

# રણજી ટ્રોફી ફાઈનલમાં ડોગરાએ અનીશને માથું માર્યું

## જમ્મુ-કાશ્મીરનો સ્કોર બીજા દિવસે 527/6, કેપ્ટન પારસ, વધવાન અને સાહિલની ફિફ્ટી

રણજી ટ્રોફી 2025-26ની ફાઈનલ કર્ણાટક અને જમ્મુ-કાશ્મીર વચ્ચે હુબલી ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ રહી છે. જમ્મુ-કાશ્મીરે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી રહી છે. બીજા દિવસની રમત સમાપ્ત થઈ ત્યાં સુધીમાં જમ્મુ-કાશ્મીરે 6 વિકેટ ગુમાવીને 527 રન બનાવી લીધા છે. સાહિલ લોત્રા 57 રન અને આબિદ મુશ્તાક 20 રન બનાવીને રમી રહ્યા છે. કર્ણાટક તરફથી પ્રસિદ્ધ ક્રિષ્નાએ સૌથી વધુ 3 વિકેટ લીધી છે. પ્રથમ દિવસના 2 વિકેટે 284 રનના સ્કોરથી આગળ રમતા જમ્મુ-કાશ્મીરે બે વિકેટ ઝડપથી ગુમાવી દીધી. પ્રથમ દિવસના સદીવીર શુભમ પુનદીરને વિદ્યાધર પાટીલે પેવેલિયનનો રસ્તો બતાવ્યો. શુભમ 121 રનના સ્કોર પર કે.વી. અનીશને મિડ-વિકેટ પર કેચ આપી બેઠા.

તેના પછીની ઓવરમાં જ અબ્દુલ સમદ પણ પ્રસિદ્ધ ક્રિષ્નાના બોલ પર આઉટ થઈ ગયો. વિકેટકીપર કૃતિક ક્રિષ્નાએ કેચ પકડ્યો. સમદ 61 રન બનાવીને આઉટ થયો અને ટીમનો સ્કોર 303/2 થી 307/4 થઈ ગયો.કેપ્ટન પારસ ડોગરા અને વધવાને ઈનિંગ્સ સંભાળી. બંનેએ પાંચમી વિકેટ માટે સદીની ભાગીદારી કરતા 110 રન જોડ્યા. આ દરમિયાન કનૈયા વધવાને પોતાની ફિફ્ટી પૂરી કરી. આખરે 417 રનના ટીમ સ્કોર પર શિખર શેટ્ટીએ વધવાનને રાહુલના હાથે કેચ આઉટ કરાવ્યો. વધવાને 70 રનની ઈનિંગ્સમાં 9 ચોગ્ગા ફટકાર્યા.જમ્મુ-કાશ્મીરની ઈનિંગ્સની 101મી ઓવરમાં બેટિંગ કરી રહેલા ડોગરા અને શોર્ટ લેગ પર ઉભેલા કેવી અનીશ એકબીજા સાથે ભીડાઈ ગયા. હકીકતમાં, અનીશ બેટર પર દબાણ બનાવવા માટે સતત કેટલીક કમેન્ટ્સ કરી રહ્યો હતો. આ દરમિયાન ડોગરાએ અનીશના માથા પર પોતાનું માથું માર્યું. બંનેએ હેલ્મેટ પહેરી હતી.જોકે, આગલી ઓવરમાં ડોગરાએ અનીશ પાસે માફી માગવાનો પ્રયાસ પણ કર્યો, પરંતુ અનીશે માફી લેવાનો ઈનકાર કરી દીધો.

# વેસ્ટ ઇન્ડીઝ સામેની મહત્ત્વની મેચ પહેલા કેશવ મહારાજે કહ્યું- WIને હળવાશથી લઈ ન શકાય

• અમદાવાદ

26 ફેબ્રુઆરીએ અમદાવાદમાં મહત્ત્વની સુપર-8ની મેચ રમાશે. જેમાં સાઉથ આફ્રિકા અને ટેબલ ટોપર વેસ્ટ ઈન્ડીઝ ટકરાશે. આ મેચ બપોરે 3 વાગ્યે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ત્યારે પ્રી-મેચ કોન્ફરન્સમાં સાઉથ આફ્રિકાના સ્પિનર કેશવ મહારાજે સવાલોના જવાબો આપ્યા હતા. તેણે કહ્યું હતું કે ભારત સામેની જીતથી કોન્ફિડન્સ વધ્યો છે. સાથે જ એ પણ કહ્યું હતું કે વેસ્ટ ઈન્ડીઝ શાનદાર ગેમ રમી છે. તેમને ક્યારેય હળવાશથી લઈ ન શકાય.પીચ દરેક મેચમાં અલગ, એડજસ્ટમેન્ટ જ અસલી મંત્રમહારાજે મેચ પહેલા પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, 'ટ્રાવેલિંગ ન કરવી ગમે છે, પરંતુ પીચની દ્રષ્ટિએ દરેક મેચ અલગ રહી છે. અમે અહીં ચાર મેચ રમી અને દરેક વખતે પરિસ્થિતિ બદલાઈ હતી. હું આને મોટો ફાયદો નથી માનતો. અસલી વાત એ છે કે તમે વિરોધી ટીમ કરતા કેટલી ઝડપથી પરિસ્થિતિ મુજબ ઢળો છો અને તમારા પ્લાનને યોગ્ય રીતે અમલમાં મૂકો છો.'સાઉથ આફ્રિકાએ ગત મેચમાં ઈન્ડિયન ક્રિકેટ ટીમને હરાવીને આત્મવિશ્વાસ મેળવ્યો છે. જોકે મહારાજે કહ્યું કે ટીમ વધુ પડતી ઉત્સાહિત થઈને રસ્તો ભટકી નથી રહી.ભારત જેવી મજબૂત ટીમને હરાવ્યા બાદ કેમ્પમાં એનર્જી હતી, પરંતુ હજુ ઘણું ક્રિકેટ બાકી છે. અમારે પોઝિટિવ બાબતો પર ધ્યાન આપવાનું છે.

### પાકિસ્તાન માટે ક્વોલિફાઈ થવા માટે નીચેના સમીકરણો ફેવરમાં હોવા જરૂરી છે

# T20 વર્લ્ડ કપમાં શ્રીલંકાની હાર સાથે પાકિસ્તાનને ફાયદો! સેમિ ફાઈનલના સમીકરણ રસપ્રદ થયા

શ્રીલંકાની ટૂર્નામેન્ટમાંથી બાદબાકી થતા જ પાકિસ્તાન માટે સેમીફાઈનલના દરવાજા અધખુલ્લા થયા છે, પરંતુ આ રસ્તો કાંટાળો અને ગણિતના જટિલ સમીકરણોથી ભરેલો છે. ન્યૂઝીલેન્ડની શ્રીલંકા સામેની 61 રને ભવ્ય જીતે પાકિસ્તાનની મુશ્કેલી વધારી દીધી છે, કારણ કે હવે બધું જ 'જો અને તો' પર ટકેલું છે.

બુધવારે કોલંબોમાં રમાયેલા મેચમાં ન્યૂઝીલેન્ડે શ્રીલંકાને હરાવીને પોતાના પોઈન્ટ્સ 3 કરી લીધા છે અને નેટ રન રેટ (NRR) +3.050 પર પહોંચાડી દીધો છે. બીજી તરફ પાકિસ્તાન અત્યારે 1 પોઈન્ટ અને -0.461 ના રન રેટ સાથે ત્રીજા સ્થાને છે.



હવે પાકિસ્તાન માટે માત્ર જીત પૂરતી નથી, તેને નસીબ અને મોટા માર્જિનની પણ જરૂર પડશે.

**શ્રીલંકા સામે મોટી જીત:** પાકિસ્તાને શ્રીલંકાને ઓછામાં ઓછા 70 રનથી હરાવવું પડશે જેથી તેનો નેટ રન રેટ પ્લસમાં આવી શકે.

**ઈંગ્લેન્ડની જીત અનિવાર્ય:** 27 ફેબ્રુઆરીએ રમાનારી ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડની મેચમાં ઈંગ્લેન્ડની જીત થવી પાકિસ્તાન માટે પથ્થરની લકીર સમાન છે. જો ઈંગ્લેન્ડ જીતે તો જ ન્યૂઝીલેન્ડ અને પાકિસ્તાન બંને 3-3 પોઈન્ટ્સ પર સરખા થશે અને ત્યારબાદ રન રેટ જોવામાં આવશે.

**વરસાદ ન પડે:** જો ઈંગ્લેન્ડ-ન્યૂઝીલેન્ડ મેચ વરસાદને કારણે રદ થાય તો ન્યૂઝીલેન્ડ સીધું સેમીફાઈનલમાં પહોંચી જશે અને પાકિસ્તાન મેચ રમ્યા વગર જ બહાર થઈ જશે.

પાકિસ્તાનને ફાયદો એ છે કે ઈંગ્લેન્ડ-ન્યૂઝીલેન્ડ મેચ પહેલા રમાવાની છે. એટલે જ્યારે પાકિસ્તાન 28 ફેબ્રુઆરીએ શ્રીલંકા સામે મેદાનમાં ઉતરશે, ત્યારે તેને ખબર હશે કે તેણે કેટલા ઓવરમાં મેચ જીતવી અથવા કેટલા રનથી હરાવવું જેથી તે ન્યૂઝીલેન્ડના +3.050 રન રેટને પછાડી શકે.

પીડિતાએ કહ્યું- 'રેપ થયો નથી' છતાં એક્ટરને 7 વર્ષની જેલ થઈ; ફિલ્મ 'સેક્શન 375'ની રિયલ કહાની

# શાઈની આહુજા દુષ્કર્મ કેસ:નોકરાણી ફરી ગઈ, પણ નસીબ નહીં!

## પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે, શાઈની આહુજાએ કહ્યું હતું કે તેની મેઈડ તેને ફસાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમની વચ્ચે સંમતિથી સેક્સ થયું હતું

બોલિવૂડ ક્રાઈમ ફાઈલ્સના શાઈની આહુજા દુષ્કર્મ કેસના ભાગ 1માં, તમે વાંચ્યું કે કેવી રીતે તેની મેઈડે તેના પર દુષ્કર્મનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે તેની ધરપકડ થઈ હતી. પોલીસ કસ્ટડીમાં, શાઈની આહુજાએ કબૂલાત કરી હતી કે તેણે તેની મરજીથી સેક્સ કર્યું હતું, દુષ્કર્મના આરોપ તેને ફસાવવા માટે લગાવવામાં આવ્યો છે. જ્યારે શાઈનીએ ખુલાસો કર્યો કે મેઈડ તેને પ્રેમ કરતી હતી ત્યારે કેસમાં નવો વળાંક આવ્યો.

જ્યારે આ કેસ સમાચારમાં હતો, ત્યારે એક અખબારે દાવો કર્યો હતો કે પોલીસને શાઈની વિરુદ્ધ અસંખ્ય પુરાવા મળ્યા છે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે શાઈનીના પાડોશીએ તે દિવસે મેઈડની ચીસો સાંભળી હતી. આ દાવાઓ વચ્ચે, શાઈની આહુજાની પત્ની અનુપમ આહુજાએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી અને સ્પષ્ટપણે કહ્યું કે તેનો પતિ નિર્દોષ છે અને તેની વિરુદ્ધ કોઈ પુરાવા મળ્યા નથી. અનુપમ સાથે પ્રેસ કોન્ફરન્સમાં તેનો પાડોશી પણ હતો, જેના નામનો ઉપયોગ ચીસો સાંભળવાના દાવા માટે કરવામાં આવ્યો હતો. તેણે મીડિયાને સ્પષ્ટપણે કહ્યું કે પોલીસે તેમનું નિવેદન લીધું નથી અને મેં કોઈને આવું કંઈ કહ્યું પણ નથી.

પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે, શાઈની આહુજાએ કહ્યું હતું કે તેની મેઈડ તેને ફસાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમની વચ્ચે સંમતિથી સેક્સ થયું હતું. ઘટનાના એક દિવસ પહેલા, નોકરાણી તેને વારંવાર ફોન કરીને પ્રેમ કરવાનો દાવો કરતી હતી. જોકે, તેમના સેક્સ પછી, તેણે તેને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું અને બાદમાં ખોટી ફરિયાદ નોંધાવી. ફરિયાદી ઉપરાંત, સંગીતા નામની બીજી મેઈડ શાઈની આહુજાના ઘરે કામ કરતી હતી. પોલીસે તેનું નિવેદન પણ લીધું. તેના નિવેદન મુજબ, તે બપોરે 1 વાગ્યાની આસપાસ ચર્ચ જવા નીકળી હતી. તેણે એમ પણ કહ્યું કે શાઈની એક સારો વ્યક્તિ હતો. ધરપકડ બાદ, શાઈની આહુજાને અંડરવર્લ્ડ ડોન અબુ સાલેમ સાથે એક સેલમાં રાખવામાં આવ્યો હતો. તે જેલમાં કસરત કરતો હતો અને તેના સાથી કેદીઓ સાથે મિત્રતા રાખતો હતો. શાઈની અને અબુ સાલેમને એક જ સેલમાં રાખવાનું થોડું વિચિત્ર હતું, કારણ કે જેલમાં જતા પહેલા, આહુજાએ ફિલ્મ ગેંગસ્ટરમાં અભિનય કર્યો હતો, જે અબુ સાલેમના નામ પર આધારિત હતો. જેલ સૂત્રોના જણાવ્યા અનુસાર, અબુ સાલેમને ફિલ્મ ગેંગસ્ટર ગમતી હતી અને તે એક્ટર પ્રત્યે થોડો નરમ રહેતો. અનેક જામીન અરજીઓ ફગાવી દેવામાં આવ્યા પછી, 1



ઓક્ટોબર, 2009 ના રોજ બોમ્બે હાઈકોર્ટ દ્વારા શાઈની આહુજાને જામીન આપવામાં આવ્યા. તેમના વકીલે કોર્ટમાં દલીલ કરી: શાઈની સામે દાખલ કરાયેલી ફરિયાદમાં 'બળાત્કાર' ને બદલે 'અત્યાચાર' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અત્યાચાર અને બળાત્કાર તદ્દન અલગ છે. તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને ચાર્જશીટ દાખલ થઈ ગઈ છે. તેથી, કસ્ટોડિયલ પૂછપરછની કોઈ જરૂર નથી, કે પુરાવા સાથે છેડછાડ થવાનું કોઈ જોખમ નથી. તેથી, આરોપીને જેલમાં રાખવાની કોઈ જરૂર નથી. જો આરોપીને જામીન પર મુક્ત કરવામાં ન આવે, તો તેનો અર્થ એ થશે કે તેને દોષિત ઠેરવવામાં આવે તે પહેલાં જ સજા થઈ રહી છે. ૨૬ જૂન, ૨૦૦૯ ના રોજના મેડિકલ રિપોર્ટમાં ફરિયાદીના ગુપ્તાંગમાં કોઈ ઈજાનો ઉલ્લેખ નહોતો. જોકે, ગુપ્તાંગ અને હાઈમેનની સ્થાનિક તપાસમાં જાણવા મળ્યું કે તબીબી તપાસના સમય સુધીમાં ૩ વાગ્યા અને ૯ વાગ્યાના આંસુ રૂઝાઈ ગયા હતા. ફરિયાદી અને શાઈની આહુજાના કપડાં, ચાદર, રજાઈ કે રૂમમાં પડદા પર કોઈ લોહીના ડાઘ જોવા મળ્યા નથી. ફરિયાદીના કપડાં પરના લોહીના ડાઘ જૂના હતા અને ઘણી વખત ધોવામાં આવ્યા હતા. વકીલે કહ્યું - જો પીડિતાએ ચીસો પાડી હતી, તો પોલીસે પડોશીઓનું નિવેદન કેમ ન લીધું? સુનાવણી દરમિયાન, શાઈનીના વકીલે એમ પણ જણાવ્યું હતું કે ફરિયાદીએ જણાવ્યું હતું કે જ્યારે તેની પર દુષ્કર્મ થયું ત્યારે તેને જોર-જોરથી ચીસો પાડી હતી. બિલ્ડિંગના દરેક માળે ચાર ફ્લેટ છે. તેથી, તપાસ અધિકારીની ફરજ હતી કે તે બાજુના ફ્લેટના રહેવાસીઓના નિવેદન નોંધો અને રેકોર્ડ કરે. શાઈનીના બેડરૂમની એક દિવાલ પાડોશીના ફ્લેટને અડીને આવે છે. જો પોલીસે પડોશીઓ પાસેથી નિવેદનો લીધા હોત, તો તે નક્કી કરી શક્યું હોત કે પીડિતા ખરેખર ચીસો પાડી હતી કે નહીં. વધુમાં, વકીલે જણાવ્યું હતું કે પોલીસે તપાસ નિષ્પક્ષ રીતે કરી નથી. વકીલે એમ પણ કહ્યું કે એ સાબિત થયું નથી કે શારીરિક સંબંધો શરૂઆતમાં જ બન્યા હતા. અને જો થયા હોય તો પણ, શક્ય છે કે તે પીડિતાની સંમતિથી થયા હોય. વકીલે દલીલ કરી કે- આરોપી કોર્ટ દ્વારા લાદવામાં આવેલી કોઈપણ શરતોનું પાલન કરવા તૈયાર છે. સેશન્સ જજે પહેલાથી જ નક્કી કરી દીધું હતું કે આરોપી ભાગી જવાની શક્યતા નથી, કારણ કે તે એક એક્ટર હતો અને મુંબઈમાં રહેતો હતો. જોકે, સેશન્સ જજે જામીન આપવાનો ઈનકાર કર્યો હતો કારણ કે તેમને ડર હતો કે આરોપી પુરાવા સાથે છેડછાડ કરી શકે છે. આરોપીએ કહ્યું કે- તે દિલ્હીમાં તેના માતા-પિતા સાથે રહેવા તૈયાર છે, જેનાથી પુરાવા સાથે છેડછાડની શક્યતા દૂર થઈ જશે. સુનાવણી દરમિયાન, સરકારી વકીલે જણાવ્યું હતું કે તબીબી અહેવાલ સ્પષ્ટપણે દર્શાવે છે કે પીડિતા પર જાતીય હુમલો કરવામાં આવ્યો હતો. વધુમાં, તેના શરીર પર ઈજાના નિશાન હતા, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે જાતીય સંભોગ સંમતિથી થયો ન હતો. શાઈનીના વકીલે જવાબ આપ્યો કે ફરિયાદી એક મેઈડ છે અને રોજિંદા કામ દરમિયાન ઘણી ઈજાઓ થાય છે અને તેને દુષ્કર્મ સાથે જોડી શકાય નહીં.

### બોલિવૂડની 'સ્ત્રી'નો શાહી ઠાઠ!:

# શ્રદ્ધા કપૂર લક્ઝરી ફ્લેટ માટે વર્ષનું અધધ 72 લાખ ભાડું ચૂકવશે; જુહુના પ્રાઈમ લોકેશન પરની પ્રોપર્ટીનો કોન્ટ્રાક્ટ

બોલિવૂડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂરે મુંબઈના જુહુ વિસ્તારમાં આવેલા પોતાના લક્ઝરી એપાર્ટમેન્ટનું ભાડું વધુ એક વર્ષ માટે રિન્યુ કરાવ્યું છે, જેમાં તે દર મહિને 6 લાખ રૂપિયા ભાડું ચૂકવશે. આ નવી લીઝ ફેબ્રુઆરી 2026માં સત્તાવાર રીતે રજિસ્ટર થઈ. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, શ્રદ્ધાએ ગયા વર્ષે પણ આ જ એપાર્ટમેન્ટ ભાડે લીધું હતું અને હવે એક નવો 12-મહિનાનો કરાર તૈયાર કરવામાં આવ્યો છે. તેનું કુલ ભાડું લગભગ 72 લાખ રૂપિયા થશે, જે તે આગામી એક વર્ષમાં માલિકને ચૂકવશે.આ ઘર જુહુના પ્રાઈમ બીચ વિસ્તારમાં છે, જેનો કુલ વિસ્તાર (area) આશરે 365 ચોરસ મીટર (3,929 sq. ft.) જણાવવામાં આવ્યો છે. આની સાથે 4 કાર પાર્કિંગ સ્પોટ્સ છે, જે આવા પ્રીમિયમ ઘરમાં સામાન્ય સુવિધા માનવામાં આવે છે. નવા કરાર પર સ્ટેમ્પ ડ્યુટી તરીકે આશરે 36,000 રૂપિયા અને રજિસ્ટ્રેશન ફી તરીકે 1,000 રૂપિયા પણ ચૂકવવામાં આવ્યા.મુંબઈના જુહુ વિસ્તારને હંમેશાથી પ્રીમિયમ રેસિડેન્શિયલ ઝોન માનવામાં આવે છે. અહીં ઘણી હાઈ-એન્ડ રહેણાંક પ્રોપર્ટીઝ, સી-ફેસિંગ ફ્લેટ્સ અને બોલિવૂડ હસ્તીઓના ઘર છે. જુહુની લોકપ્રિયતાનું કારણ તેમાં સ્વચ્છ રસ્તાઓ, એરપોર્ટથી ઓછું અંતર અને શહેરના વ્યાપારી વિસ્તારો સુધી સરળ કનેક્ટિવિટી છે. આ વિસ્તારમાં અગાઉ પણ એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીના ઘણા જાણીતા સિતારાઓએ ભાડાના મકાનો લીધા છે. કેટલાકે દર મહિને લાખો રૂપિયા ભાડું ચૂકવ્યું છે. આ જ કારણ છે કે મુંબઈ રિયલ એસ્ટેટમાં જુહુનું ભાડાનું બજાર હંમેશા ચર્ચામાં રહે છે. શ્રદ્ધા કપૂરે બોલિવૂડમાં એક મજબૂત ઓળખ બનાવી છે અને ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું છે. તાજેતરમાં તે 'સ્ત્રી 2' જેવી સફળ ફિલ્મમાં જોવા મળી હતી, અને હવે તેના આગળ પણ ઘણા પ્રોજેક્ટ્સ લાઈનમાં છે. 'ઈન્ડિયન એક્સપ્રેસ' અનુસાર, આ રેન્ટલ ડીલને લઈને એક્ટ્રેસ તરફથી કોઈ વ્યક્તિગત નિવેદન જારી કરવામાં આવ્યું નથી, પરંતુ રજિસ્ટર્ડ દસ્તાવેજોમાંથી આ માહિતી સામે આવી છે કે તેણે પોતાની સુવિધાજનક અને પ્રીમિયમ રહેવાની જગ્યાને વધુ એક વર્ષ માટે પાકી કરી લીધી છે. બોલિવૂડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂરે મુંબઈના જુહુ વિસ્તારમાં આવેલા પોતાના લક્ઝરી એપાર્ટમેન્ટનું ભાડું વધુ એક વર્ષ માટે રિન્યુ કરાવ્યું છે, જેમાં તે દર મહિને 6 લાખ રૂપિયા ભાડું ચૂકવશે. આ નવી લીઝ ફેબ્રુઆરી 2026માં સત્તાવાર રીતે રજિસ્ટર થઈ. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, શ્રદ્ધાએ ગયા વર્ષે પણ આ જ એપાર્ટમેન્ટ ભાડે લીધું હતું અને હવે એક નવો 12-મહિનાનો કરાર તૈયાર કરવામાં આવ્યો છે. તેનું કુલ ભાડું લગભગ 72 લાખ રૂપિયા થશે, જે તે આગામી એક વર્ષમાં માલિકને ચૂકવશે.આ ઘર જુહુના પ્રાઈમ બીચ વિસ્તારમાં છે, જેનો કુલ વિસ્તાર (area) આશરે 365 ચોરસ મીટર (3,929 sq. ft.) જણાવવામાં આવ્યો છે. આની સાથે 4 કાર પાર્કિંગ સ્પોટ્સ છે, જે આવા પ્રીમિયમ ઘરમાં સામાન્ય સુવિધા માનવામાં આવે છે. નવા કરાર પર સ્ટેમ્પ ડ્યુટી તરીકે આશરે 36,000 રૂપિયા અને રજિસ્ટ્રેશન ફી તરીકે 1,000 રૂપિયા પણ ચૂકવવામાં આવ્યા.મુંબઈના જુહુ વિસ્તારને હંમેશાથી પ્રીમિયમ રેસિડેન્શિયલ ઝોન માનવામાં આવે છે. અહીં ઘણી હાઈ-એન્ડ રહેણાંક પ્રોપર્ટીઝ, સી-ફેસિંગ ફ્લેટ્સ અને બોલિવૂડ હસ્તીઓના ઘર છે. જુહુની લોકપ્રિયતાનું કારણ તેમાં સ્વચ્છ રસ્તાઓ, એરપોર્ટથી ઓછું અંતર અને શહેરના વ્યાપારી વિસ્તારો સુધી સરળ કનેક્ટિવિટી છે. આ વિસ્તારમાં અગાઉ પણ એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીના ઘણા જાણીતા સિતારાઓએ ભાડાના મકાનો લીધા છે. કેટલાકે દર મહિને લાખો રૂપિયા ભાડું ચૂકવ્યું છે. આ જ કારણ છે કે મુંબઈ રિયલ એસ્ટેટમાં જુહુનું ભાડાનું બજાર હંમેશા ચર્ચામાં રહે છે. શ્રદ્ધા કપૂરે બોલિવૂડમાં એક મજબૂત ઓળખ બનાવી છે અને ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું છે. તાજેતરમાં તે 'સ્ત્રી 2' જેવી સફળ ફિલ્મમાં જોવા મળી હતી, અને હવે તેના આગળ પણ ઘણા પ્રોજેક્ટ્સ લાઈનમાં છે. 'ઈન્ડિયન એક્સપ્રેસ' અનુસાર, આ રેન્ટલ ડીલને લઈને એક્ટ્રેસ તરફથી કોઈ વ્યક્તિગત નિવેદન જારી કરવામાં આવ્યું નથી, પરંતુ રજિસ્ટર્ડ દસ્તાવેજોમાંથી આ માહિતી સામે આવી છે કે તેણે પોતાની સુવિધાજનક અને પ્રીમિયમ રહેવાની જગ્યાને વધુ એક વર્ષ માટે પાકી કરી લીધી છે.



### 'માલતીના ઘોડિયા પાસે સતત મહામૃત્યુંજય મંત્ર વાગતો'

# પ્રિયંકાએ દીકરીના જન્મ સમયનો કિસ્સો વાગોળ્યો, કહ્યું- 'ભક્તિની શક્તિએ મારી લાડલીનો જીવ બચાવ્યો'



બોલિવૂડની સાથે સાથે હોલિવૂડમાં પણ પોતાના અભિનયના જોરે ડંકો વગાડનાર પ્રિયંકા ચોપરા અવારનવાર તેના પ્રોફેશનલ અને અંગત જીવન વિશે ચાહકો સાથે માહિતી શેર કરતી રહે છે. તાજેતરમાં પ્રિયંકાએ પોતાની વહાલસોયી દીકરીના જન્મ સમયનો એક ભાવુક કિસ્સો યાદ કર્યો. પ્રિયંકાએ જણાવ્યું કે, દીકરી માલતી મેરી જોનસના જન્મનો સમય તેના માટે અંગત રીતે ખૂબ જ મુશ્કેલ અને આઘાતજનક હતો. નોંધનીય છે કે, પ્રિયંકા અને નિક જોનસ સરોગસી દ્વારા માતા-પિતા બન્યા છે. પ્રિયંકા ચોપરાએ તાજેતરમાં જણાવ્યું કે, તેની દીકરીના જન્મ બાદ તેને મેસેજ મળ્યો કે મીડિયામાં બાળકીના જન્મના સમાચાર આવવાના છે. તે સમયે એક્ટ્રેસ પોતે આ સમાચાર શેર કરવા માંગતી હતી, પરંતુ માહિતી લીક થવાના કારણે તેને ઉતાવળમાં ચાહકો સાથે આ વાત શેર કરવી પડી. તેણે વધુમાં જણાવ્યું કે, તે સમયે તે આ માહિતી શેર કરવા માટે તૈયાર નહોતી કારણ કે, બાળકીના સ્વાસ્થ્યને લઈને સ્થિતિ સ્પષ્ટ નહોતી.

પ્રિયંકા ચોપરા અને નિક જોનસે વર્ષ 2018માં લગ્ન કર્યાં હતાં. જાન્યુઆરી 2022માં દીકરી માલતીનો જન્મ થયો હતો. પ્રિયંકાએ વધુમાં જણાવ્યું કે, તેની દીકરી 27 અઠવાડિયામાં જન્મી હતી અને 100 દિવસથી વધુ સમય સુધી NICU એટલે કે નિયોનેટલ ઈન્ટેન્સિવ કેર યુનિટમાં રહી હતી. તે મુશ્કેલ સમય દરમિયાન માનસિક સહાય માટે તેણે બાળકી પાસે ધીમા અવાજમાં મહામૃત્યુંજય મંત્ર જેવા મંત્રો ચલાવ્યા હતા. પ્રિયંકાએ જણાવ્યું કે, જન્મ સમયે દીકરીની હાલત નાજુક હતી. એક્ટ્રેસે કહ્યું, 'તે જાંબલી (રંગની) દેખાતી હતી.'આ સમય એક્ટ્રેસ અને તેના પતિ નિક જોનાસ માટે ખૂબ જ મુશ્કેલ રહ્યો. તેણે સ્વીકાર્યું કે, આ તેમના જીવનના સૌથી પડકારજનક તબક્કાઓમાંથી એક હતો. આ સમય કોવિડ-19 મહામારી દરમિયાનનો હતો, તેથી હોસ્પિટલમાં નિયમો કડક હતા. શરૂઆતમાં મળવાની પરવાનગી મર્યાદિત હતી. પ્રિયંકાએ જણાવ્યું કે, બાળકી ખૂબ નાની હતી. મેડિકલ પ્રોસિજર દરમિયાન નર્સોને ખાસ સાવચેતી રાખવી પડતી હતી. એક્ટ્રેસે કહ્યું કે, શરૂઆતના કલાકોમાં તે સુન્ન અનુભવી રહી હતી. સરોગેટની રિકવરી સારી રહી, પરંતુ તે પોતે પરિસ્થિતિને સમજવાનો પ્રયાસ કરી રહી હતી. એક્ટ્રેસે એમ પણ જણાવ્યું કે, ઘણા લોકો લાડકી માટે પ્રાર્થના કરી રહ્યા હતા. તેણે કહ્યું કે, માલતીનું આ દુનિયામાં આવવું સહેલું નહોતું. સારવાર દરમિયાન માલતીને ઘણા મેડિકલ સપોર્ટ આપવા પડ્યા અને છ બ્લડ ટ્રાન્સફ્યુઝન પણ થયા.એનઆઈસીયુમાં રહેવા દરમિયાન પ્રિયંકા અને નિક જોનસે શિફ્ટમાં સમય વિતાવ્યો.

### મારું નામ ફક્ત ક્લિકબેટ બની ગયું છે

# શિલ્પા શેટ્ટીએ 'બાસ્ટિયન' બંધ થવા અને પતિ રાજ કુન્દ્રા વિરુદ્ધ નેગેટિવ પબ્લિસિટી પર મૌન તોડ્યું



બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીએ આખરે તેના પ્રખ્યાત રેસ્ટોરન્ટ 'બાસ્ટિયન' બંધ થવાની ચર્ચાઓ અને તેના પતિ રાજ કુન્દ્રાને લઈને છવાયેલી નેગેટિવ પબ્લિસિટી પર નિવેદન આપ્યું છે. એક્ટ્રેસે કહ્યું છે કે, છેલ્લા ઘણા મહિનાઓથી તેના નામ અને બ્રાન્ડનો ઉલ્લેખ મીડિયામાં એવી રીતે થઈ રહ્યો છે, જાણે તેનું નામ ફક્ત ક્લિકબેટ બની ગયું હોય. 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ને આપેલા ઈન્ટરવ્યુમાં શિલ્પાએ જણાવ્યું કે, જે વાતો સોશિયલ મીડિયા પર ચાલી રહી છે, તેના પર તે સામાન્ય રીતે ચૂપ રહે છે. તેનું માનવું છે કે, એક સેલિબ્રિટીએ ક્યારેય ફરિયાદ ન કરવી જોઈએ અને ક્યારેય સ્પષ્ટતા ન કરવી જોઈએ. પરંતુ આ વખતે તેણે મૌન તોડ્યું કારણ કે, ચર્ચાઓની અસર તેના પ્રેમથી બનાવેલા 'બાસ્ટિયન બ્રાન્ડ' પર પડી રહી હતી.

તેણે સ્પષ્ટપણે કહ્યું કે, ભલે સમાચાર ગમે તેવા હોય, તેની પ્રતિષ્ઠા અને કામની ઈમાનદારી લોકોની ઓળખમાં આવે છે અને આ જ કારણ છે કે બ્રાન્ડ આજે પણ મજબૂતીથી ઊભી છે. શિલ્પાએ મીડિયામાં ચાલી રહેલી અફવાઓને નકારી કાઢતા કહ્યું કે, તેણે જાણી જોઈને સોશિયલ મીડિયા પર બ્રાન્ડ સંબંધિત વાતો શેર કરી, જેથી ગેરસમજો દૂર કરી શકાય. વાતચીતમાં 'બાસ્ટિયન'ના મૂળ સંસ્થાપક રણજીત બિન્દ્રા પણ હાજર હતા. તેણે હસતા હસતા કહ્યું કે, 'કોઈપણ પ્રકારની પબ્લિસિટી સારી પબ્લિસિટી હોય છે.' શિલ્પાએ પણ સ્વીકાર્યું કે, નકારાત્મક સમાચારોમાં પણ કેટલીક સકારાત્મક શીખ મળે છે, ખાસ કરીને જ્યારે લોકો સકારાત્મક વિચાર સાથે મુદ્દાઓને લે છે. શિલ્પાએ 'બાસ્ટિયન'ના શરૂઆતનો પણ ઉલ્લેખ કર્યો. તેણે જણાવ્યું કે, 2016માં તે પહેલીવાર ગ્રાહક તરીકે બાસ્ટિયન ગઈ હતી અને ત્યાંથી તેની મિત્રતા અને ભાગીદારીની શરૂઆત થઈ. પાછળથી આ બ્રાન્ડ વધી અને આજે તેની ચાર અલગ-અલગ બ્રાન્ડની આઠ આઉટલેટ્સ છે. શિલ્પાએ એમ પણ કહ્યું કે, લોકો સાચા અને ખોટા વચ્ચેનો ભેદ પારખે છે, અને તેઓ પોતાના કામ સાથે આગળ વધી રહ્યા છે. તેણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, 'બાસ્ટિયન' તેના ગ્રાહકોને તે જ આપી રહ્યું છે જે તેમને જોઈએ છે.

### 'ધુરંધર 2' અને 'ટોક્સિક'ના ક્લેશ વચ્ચે અક્ષય-પ્રિયદર્શનનો સેફ માર્ગ

# 'ભૂત બંગલા'ની રિલીઝ ડેટ પાછળ એક્તા કપૂરનો માસ્ટર પ્લાન!

કુમારની બહુચર્ચીત ફિલ્મ 'ભૂત બંગલા' 10 એપ્રિલ 2026ના રોજ રિલીઝ થઈ રહી છે. આ અંગે પ્રોડ્યુસર એક્તા કપૂરે બુધવારે ફિલ્મની રિલીઝ ટાઈમિંગ પર પ્રતિક્રિયા આપી છે. તેણે જણાવ્યું કે, ફિલ્મને 'ધુરંધર 2' અને 'ટોક્સિક'ના કેટલાક અઠવાડિયા પછી શેડ્યૂલ કરવી એ ફેમિલી એન્ટરટેઈનમેન્ટ અને રજાઓના સમયને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે.

ફિલ્મની રિલીઝ ડેટને લઈને એકતાએ કહ્યું, 'અમારી ફિલ્મ રિલીઝ થાય, ત્યાં સુધીમાં 'ધુરંધર 2' અને 'ટોક્સિક' સારો રન લઈ ચૂકી હશે. તે સમયે કેટલીક શાળાઓની પરીક્ષાઓ પૂરી થઈ જશે. રજાઓનો સમયગાળો પણ રહેશે. મારા દીકરાની આઈબી બોર્ડની પરીક્ષાઓ મે મહિનામાં પૂરી થશે.'

તેણે આગળ કહ્યું, 'સૌથી મહત્વની વાત એ છે કે, પરિવારો આવી ફિલ્મો જોવાનું પસંદ કરે છે. અમારો હેતુ અલગ પ્રકારનું મનોરંજન લાવવાનો છે. દર્શકો માટે અલગ-અલગ પ્રકારની ફિલ્મો બનવી જોઈએ.'

બંગલા' સાથે પ્રિયદર્શન અને અક્ષય કુમાર 16 વર્ષ પછી ફરી સાથે કામ કરી રહ્યા છે. આ ફિલ્મ બાલાજી મોશન પિક્ચર્સ અને કેપ ઓફ ગુડ ફિલ્મ્સ સાથે મળીને રજૂ કરવામાં આવી રહી છે. એકતા કપૂરે આ જોડીને 'સોલમેટ્સ' કહ્યા છે.

તેણે કહ્યું, 'આ વિન્ટેજ પ્રિયદર્શન અને અક્ષય સરવાળી ફિલ્મ છે. જ્યારે અમે સ્ક્રિપ્ટ લખી અને અક્ષય સરને સંભળાવી, ત્યારે તેમને વાર્તા ગમી. અમે તેમને કહ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે પ્રિયદર્શન જ તેને ડિરેક્ટ કરે. તેમણે તરત જ હા પાડી દીધી. આ પછી અમે સ્ક્રિપ્ટ લઈને પ્રિયદર્શન સર પાસે ગયા. તેમને વાર્તા ગમી. તેમણે કેટલાક ફેરફારો પણ કર્યા.'

ફિલ્મમાં અક્ષય કુમાર ઉપરાંત વામિકા ગબ્બી, પરેશ રાવલ, તબ્બુ અને રાજપાલ યાદવ જોવા મળશે. તેમાં અભિનેતા અસરાની પણ હશે, જેમનું ઓક્ટોબર 2025માં નિધન થયું હતું.

એકતા કપૂરે કહ્યું, 'રાજપાલ યાદવ, અસરાની, પરેશ રાવલ, તબ્બુ અને અક્ષય સર પ્રિયદર્શન સાથે મજબૂત કોમ્બિનેશન છે.' ફ્રેન્ચાઈઝીના પ્રશ્ન પર તેણે કહ્યું, 'ફ્રેન્ચાઈઝી પહેલાથી પ્લાન નથી હોતી. જો ફિલ્મ ચાલે છે, તો પોતે જ ફ્રેન્ચાઈઝી બની જાય છે.'

નોંધનીય છે કે ફિલ્મ 'ધુરંધર'એ દુનિયાભરમાં 1300 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. હવે ફિલ્મનો બીજો ભાગ 19 માર્ચે રિલીઝ થશે, જે KGF સ્ટાર યશની ફિલ્મ 'ટોક્સિક' સાથે બોક્સ ઓફિસ પર ક્લેશ કરશે. જ્યારે, એકતા કપૂર દ્વારા પ્રોડ્યુસ કરાયેલી ફિલ્મ 'ભૂત બંગલા' 10 એપ્રિલે રિલીઝ થશે.

